ક્રવર્તી ચંદ્રગુપ્ત

યાને

કૌટિલ્યની કુટિલતા,

કર્તા.

ગોવિંદભાઇ ભાઇલાલભાઇ.

નડીઆદ.

શ્રી.

ચક્રવર્તી ચંદ્રગુપ્ત

યાને

કૌટિલ્યની કુટિલતા.

(ત્રિઅંકી નાટક)

રચી છપાવી પ્રસિધ્ધ કરનાર

ગોવિંદભાઇ ભાઇલાલભાઇ પટેલ

લખાવાડ-નડીઆદ.

આવૃત્તિ ૧ લી.

વિ. સં. ૧૯૭૨, જ્યેષ્ટ. ઈ. સ. ૧૯૧૬, જુન.

કિંમત. ૧—૦—૦

આ પુસ્તક ૧૮૬૭ ના આકટ ૨૫ મા પ્રમાણે
રજીષ્ટર કરાવ્યું છે.

અમદાવાદમાં ઘીકાંટે શા. સોમચંદ કેશવલાલે પોતાના
ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

પ્રસ્તાવના.

આજ કાલ રંગ ભૂમિપર ભજવાતાં નાટકોમાંનાં ઘણાં ખરાં પુરાણા સંસ્કૃત પુસ્તકો પરથી રચવામાં આવ્યાં છે. પણ આજ સુધી કવિ વિશાખ દત્તના મુદ્રારાક્ષસ નાટકને હાલની રંગભૂમિને યોગ્ય બનાવી ભજવવાનો પ્રયાસ કોઇએ કર્યો નથી. આનું કારણ એટલુંજ કે તે નાટકમાં સ્ત્રી પાત્રોની ખોટ છે. તો હું મારી અલ્પ બુદ્ધિથી તથા ઇતિહાસના સાધારણ જ્ઞાનથી અને કેટલેક અંશે કલ્પના શક્તિ દોડાવી હાલની નાટ્ય ભૂમિને યોગ્ય આ નાનું પુસ્તક બહાર પાડું છું. ઇતિહાસ પ્રમાણે મહાન્ સીકંદર તેમજ ચક્રવર્તી રાજા નંદનો સમય એકજ છે, અને એમ કહેવાય છે કે મહાન્ અલેકઝાન્ડરના સરદાર સેલ્યુકસની પુત્રી નંદરાજાના સરદાર અને તેમના અવસાન પછી હિંદના ચક્રવર્તી રાજા ચંદ્રગુપ્તની સાથે લગ્ન ગાંઠથી જોડાયલી હતી. આ ઉપરથી આ નાટક રચવામાં મને ઘણીજ સરળતા પડી છે. નંદ રાજાની પુત્રીનું પાત્ર કલ્પિત મુક્યું છે, અને નાટ્ય રંગભૂમિને અનુકુળ ચાલુ જમાનાને લીધે ઘણા ફેરફારો પણ કરવામાં આવ્યા છે.

ગો. ભા. પટેલ.

પાત્રોનાં નામ.

પુરૂષ પાત્રો.

નંદ:—પાટલી પુત્રનો રાજા.

ચંદ્રગુપ્ત, મૌર્ય કે વૃષલ:—નંદરાજાનો શુદ્રીના પેટનો પુત્ર મગધ દેશનો સરદાર અને પાછળથી રાજા.

ચાણક્ય:—પોતાનું અપમાન થવાથી નંદવંશનું નિકંદન વાળનાર એક બ્રાહ્મણ. (કૌટિલ્ય કે વિષ્ણુગુપ્ત.)

રાક્ષસ:—નંદરાજાનો મહામન્ત્રી.

પર્વતેશ્વર:—પશ્ચિમ નેપાળનો રાજા.

મલયકેતુ:—તેનો પુત્ર.

સુરેન્દ્ર—એક ખંડીઓ રાજા. પ્રમિલાનો ઇચ્છિત પતિ. ઉપનાયક.

સર્વાર્થ સિદ્ધિ:—નંદનો ભાઇ તથા તેમના અવસાન પછી ગાદી પર આવનાર.

ભાગુરાયણ:
ઇન્દુશર્મા, ક્ષપણક કે જીવસિદ્ધિ
સિદ્ધાર્થક
સમિદ્ધાર્થક
}—ચાણક્યના બાતમીદાર.

નિપુણક:—ચાણક્યનો છુપો બાતમીદાર.

ચંદનદાસ
શકટદાસ
}—રાક્ષસના વણિક મિત્રો.

વિરાધગુપ્ત-રાક્ષસનો છુપો બાતમીદાર.

જાજલિ-મલયકેતુનો કંચુકી.

દારૂવર્મા-નગર પ્રવેશ વખતે કમાન બાંધનાર સુથાર.

પરદેશી પાત્રો.

સીકંદર-ગ્રીસના મહાન્ સાર્વભૌમ રાજા.

સેલ્યુકસ-તેમનો મુખ્ય સરદાર, હેલનનો પિતા.

ક્લૉડીઅસ-સીકંદરનો કુટેલો સરદાર.

સ્ત્રી પાત્રો.

હેલન-સેલ્યુકસની પુત્રી, ચંદ્રગુપ્તની પત્ની.

પ્રમિલા-નંદરાજાની પુત્રી.

ડાયેના-હેલનની સખી.

સુરપ્રભા-પ્રમિલાની સખી.

જયા
વિજયા } -મહાદેવની શક્તિઓ.

વિષકન્યા-પાટલીપુત્રની નામીચી નાયકા.

વધારામાં સીપાઈ કંચુકી સખીઓ દરબારીઓ વિગેરે.

પૂર્વ વૃતાંત.

એતો સર્વ વિદિતજ છે કે ગ્રીસના સાર્વભૌમ રાજા સીકંદરે ઇ. સ. પૂર્વે ૩૨૭ માં હિંદપર ચઢાઇ કરી હતી. આ વખતે પંઝાબના રાજા પૌરસની મદદમાં લઢતા ચંદ્રગુપ્તપર સીકંદરના સરદાર સેલ્યુકસની પુત્રી હેલન તેનું પરાક્રમ જોઇ મોહિત થઇ હતી. આ નાટકની શરૂઆતમાં વિતસ્તા નદીને કીનારે છાવણી નાખી પડેલા સીકંદરના લશ્કરને જોતો ચંદ્રગુપ્ત ગુપ્તવેષે પ્રવેશ કરે છે, અને અહીં હેલન તથા તેનો અચાનક મેળાપ થાય છે તથા બન્ને વચ્ચે સજ્જડ પ્રેમ બંધાય છે.

ગો. ભા. પટેલ,

શ્રી.

ચક્રવર્તી ચંદ્રગુપ્ત

યાને

કૌટિલ્યની કુટિલતા.

સ્તુતિ.

બ્રહ્મા ઈશ મહેશને શચીપતિ સાથ સઊ દેવતા,
આદિને જે અનાદિ સૌ કવિવરો ગુરૂજનો સુખદા.
દેવી જે વિદ્યાતણી સરસ્વતી જગતે કહેલીજ છે,
થાજો સ્હાય કૃપા કરી પ્રીતિ થકી આ પુસ્તકે મુજને.

પ્રવેશ ૧ લો.

સ્થળ વિતસ્તા નદીને કીનારે સીકંદરની છાવણી.

પાત્રો:–ચંદ્રગુપ્ત, હેલન, ડાયેના તથા અન્ય સખીઓ વિગેરે.

ગુપ્તવેષે છાવણીની નીરીક્ષા કરતા ચંદ્રગુપ્તનું આવવું બ્યુગલનો અવાજ સાંભળી સંતાઇ જવું. નાકામાં હેલનનો પ્રવેશ તેના પ્રેમમય

વિચારો, સખીઓનું આગમન, હાસ્ય વિનોદ. સંતાઇ રહેલા ચંદ્રગુપ્તનું પ્રકટ થવું. પ્રથમ પ્રેમ દર્શન. સખીઓને હાથે તેઓનું ગાન્ધર્વ લગ્ન.

(ગુપ્તવેષે ચંદ્રગુપ્ત પ્રવેશ કરે છે.)

ચંદ્રગુપ્ત:—

પશ્ચિમ વિષેથી વાદળ આ ચઢીને હિંદમાં આવ્યું,
સુખ શાન્તિ પ્રજાળીને હજારો આફતો લાવ્યું;
પંઝાબી સુર્યને ઢાંકી અહો શું છે એ ગડગડતું,
મગધને જીતવા કેરી માંથ્યા આશાને ધરતું.
ખબરતો ઓછી છે તેને હજારો સુર્ય આ જેવા,
પ્રકાશેછે મગધ મધ્યે વાંપેરા અણ એ દેવા;
ભલે એ નાગ કરો મસ્તી ગરૂડ આતો સુતેલો છે,
દુભાવ્યો જો કદી તેને તમારો અંત વે'લો છે.

(જરા થોભી વિતસ્તાનાં નિર્મળ જળમાં એકાએક દૃષ્ટિ કરી)
અહાહા ! વિતસ્તા !

મનોહરને અતિ શીતળ વે'તાં તુજ સલિલ જે આ,
રેલાશે શું રકતેથી ભયંકર દર્શને દેતાં !

અરેરે ! લડાઇ ! લડાઇ ! તું કેટલો ઉપદ્રવ કરેછે ? હાય ! લડનારને તો નહિ પણ સાથે નિર્દોષ પ્રજાને પણ કાળનાં જડબામાં ધરે છે. ખરેખર,

વિચળ લક્ષ્મિ પ્રભાવે તુજ જીતાઇ છે આ સઘળી જહાન,
લડેછે ભાઇ તુજ માટે સહોદર સાથ ભુલીને ભાન.

અખુટ આકાશનો ખાડો ભરાયો યુદ્ધને ખુને,
મનુષ્યો થઇ મનુષ્યોનાં ગળાં નવ કાપવાં ભુલે !

અરે ! પણ ચંદ્રગુપ્ત, મૂઢ, ત્હારા મગજમાં આ વિચારો શા ? તું કોણ ? અને ત્હારી ફરજ શી ? ત્હારે તો,

લડાઇ ભક્ષ છે ત્હારૂં શત્રુ રકત કેરૂં પાન,
જીવે છે જેહના પર તું વખોડે શે તેહે નાદાન.
વિચારો આ કરીને દુર થા તૈયાર તું લડવા,
જીવાને કીરતી નહિ તો મરીને સ્વર્ગ મેળવવા.

(એકાએક બ્યુગલનો અવાજ સંભળાય છે.)

અરે ! આશું ? આ નાદ શો ? કોને સલામી ? ચાલ સંતાઇ જોઉં તો ખરો કે કોણ આવે છે.

(ચંદ્રગુપ્ત સંતાઇ જાય જાય છે. હેલન નૌકામાં પોતાની સખી સાથે પ્રવેશ કરે છે)

ચંદ્રગુપ્ત (હેલન તરફ જોઇ સ્વગત) આહા ! આ શું. ?

આતે છે કોઇ મનુષ્ય કે દેવાંગના શી ઉતરી,
વિહાર અર્થે નીકળી શું સ્વર્ગની સુંદર પરી !
સુકોમળ વળી કમળદંડ સમ બાહુ કેવા દીસતા,
શું રૂપવતી ને ગુણવંતી દીસે અતી ચંદ્રાનના !

હેલન:—બ્હેન ડાયેના, આહા ! આજ સુધીતો ફકત સાંભળેલુંજ હતું પણ આજે તો પ્રત્યક્ષજ જોયું. વાહ શી મુર્તિ ! શું બાહુ બળ !

ડાયેના:–બ્હેન કોનું ?

હેલન:–મગધ સેનાપતિ ચંદ્ર સમ કાન્તિમાન ચંદ્રગુપ્તનું

ચંદ્રગુપ્ત:–(સ્વગત) અરે આતો મનેજ સંભારે છે !

હેલન:–વાહ !

મદોન્મત્ત હસ્તીઓ મધ્યે પ્રભુ જેમ વન તણો ગાજે,
ઝળહળતી અસીથી શીર ધડાધડ શત્રુનાં કાપે.
સુકોમળ કાય એ સુંદીર હજી મનમાંહી છે રમતી,
બીજા સૌ બાતને પિતૃ વરૂતો એજ બસ મુર્તી !

ડાયેના:–શું ચંદ્રગુપ્તની ? બ્હેન, તેતો આપણો દુશ્મન અને વળી પરદેશી, તેની સાથે સંગ કેવો ?

હેલન:–શું પરદેશી અને દુશ્મન !

ભલે હો મિત્ર કે દુશ્મન નથી તેની મને પરવા,
જન્મી જકતમાં હેલન માનો ચંદ્રને વરવા;
કદી પિતા બની પર્વત રોકે જો સરિતા આ,
પ્રદક્ષિણા કરી તેની જશે તેતોજ સાગરમાં.

ચંદ્રગુપ્ત:–(સ્વગત) વાહ ! શી ભક્તિ ! શો સ્નેહ !

પ્રતિજ્ઞા લઈ અને પોતે જપે છે મારી માળાને
બની નિર્ઘૃણ નહિ ત્યાગું કદી એ પ્રેમી બાળાને.

હેલન:—અરેરે !

લેહેરો જે અતિ શીતળ નદીના નીરથી વાતી,
નથી સાથે પીયુ તેથી શેરો અગ્નિની થાતી;
વિખુટી માછલી જળથી હંમેશાં તો મરેલી છે,
પિયુ વિણ પ્રેમદા કેરી સદા જીંદગી બળેલી છે.

(સખીને ખભે હાથ મુકી) કહે, કહે બતાવ

બતાવ એ બેન શોધું કયાં જીવન આધાર એ મારા,
હૃદયના હાર અંધોના હમેશાં ચક્ષુના તારા.

(સખી ગભરાઇ પાછી ખસી જાય છે.)

હેલન:-(નદી કીનારે દૃષ્ટિ ગોચર થતા ચંદ્ર તરફ દ્રષ્ટિ કરી)

ઓ નભમંડળમાં અધિષ્ઠરણ કરતા ચંદ્ર,

વિચરતો તું અતિ ઉંચે મનોહર વ્યોમ વાડીમાં,
કરી દૃષ્ટી દયાની રે કહે મુજ ચંદ્ર રે'છે કયાં;
કટી છે સિંહના જેવી અતિ શૂરવીર છે જાતે,
મુખાર્વીંદ તો કવી સર્વે મુકે તુજ તેજની સાથે.

અરેરે કેમ નથી બોલતો ?

બતાવવો અંધને રસ્તો ભુલીને ફર્જ એ તારી,
હસે છે શું તું હે નિર્દય દશા દેખીને આ મારી;
પ્રજાળે શીદ તું મીથ્યા કરીને મશ્કરી મારી,
ધરાયો ના તે કીરણથી કરે છે રાખ તું બાળી.

આહા ! દુનીઆ, દુનીઆ, ખરેખર તું બહુજ ગાંડી છે. ચંદ્રની કિરણ શીતળ કહેવામાં તું બહુજ ભુલ ખાય છે! અરેરે! હને બાળીજ

ખબર હશે કે તે કીરણોથી તો મારા જેવાં હજારો વિરહી જનો બળે છે, ઝળે છે અને અંતે તરફડીઆં ખાતાં મરે છે.

કહોછો શીત તો શાને અરે એ લોક દુનીઆના,
કિરણ જે ઉષ્ણ અર્પીશે છે અતિ ક્રૂર ચંદ્રનાં તેને.

(એકદમ આવેશમાં આવી જાય છે.)

ચંદ્રગુપ્ત—(સ્વગત)

નથી શક્તિ જોવા, મોતીશાં અશ્રુ ખરતાં;
દ્રવે છે હૈયું આ, જોઇ ચોક્ષત પ્રિયાનાં.
તપે મારે માટે, દુઃખિત એ કુમારી,
જઇ સન્મુખે ઝટ, ચાલ રીઝાવું બાળી.

પણ સબુર આ સામેથી કોણ આવે છે?

ડાયેના—(હેલન પાસે જઇ) બ્હેન સાવધ થા, જો આ સખીઓ આવી. (સખીઓ નીચેની બબ્બે લીટીઓ બોલતી પ્રવેશ કરે છે.)

સખી ૧—

બની પ્રેમમયી દુનીઆ સઘળે, દીસે પ્રેમ અવીચળ સર્વ સ્થળે;
સૌ પ્રેમીજનો કલ્લોલ કરે, વિરહી જનનાં મનડાંજ બળે.

સખી ૨—

અલી પદ્મ મધુરૂં મુકાઇ ગયું, પ્રેમીજન વિણ ચીમળાઇ ગયું;
નજાનો મળી દર્શન દેજ નહિં, ચાંદ્ર જોને દશા કેવી એની થઇ.

સખી ૩—

અલી જોને ચકોરી પીડાએ અતિ, ઉંચી ડોક કરી તલસી રહી છે;
પણ ચંદ્ર અતિશે ક્રૂર બની, નથી અમીરસનું બીંદુ ઝરતો.

સખી ૪–૫—

અતિ વારિથકી ભરપુર સરિત, ચારે કાંઠે ઉભરાઇ જતી;
નથી સાગરનો મારગ જડતો, જુઓ વિરહ રણમાં ભ્રમ થતી.

સખી ૬–૭—

કળી કોમળ આ કરમાઈ ગઇ, તપી તાપથકી નહિ પાણી મળે;
પડી ખાલી રૂડી ફુલવાડીજ આ, પણ માળી નહિ પ્રફુલ્લિત કરે.

હેલન—

બસ બહુ થયું હવે જાવા દ્યો, શીદ નાહક આમ સતાવો છો;
બળતા હૈયા મહીં ઘી હોમી, બહુ બળેલીને શીદ બાળો છો.

સખીઓ—

ઉપરથી પાખંડ કરી અલી, અંતર શીદ છુપાવે છે;
સતાવનારો કામદેવછે, અમે નથી તું તેને કહે

હેલન–બ્હેનો, તમારે મન તો મશ્કરીઓ છે પણ મારો તો જીવ જાય છે.

સખીઓ–વળી તેમાં તે મશ્કરીઓ શી ?

હેલન—

હઃ ઉપવનમાં કંટક વિરહનો કરીને જખમ કાળજુ ચીરી નાંખે,
૧પી૩ અતિશે અનંગ પાપી સંતાપી, શાન્તિ નહિ દીલ રાખે;

પ્રીતમ પ્યારા દીલારામ મારા, કઠીન હૈયું શોદને કરો છો,
અનાથ નારી નિર્દોષ બાળી, વિરહાગ્નિ મધ્યે શોદને ધરો છો.

ચંદ્રગુપ્ત–(પ્રકટ થઇ)

સૌજન્યશાળી કન્યા કુમારી,
દીલ સોંપ્યું છે જો દીલદારને તો;
દીલબર તમારો નહી જાય ભુલી;
મિથ્યા હવે શોદ શોકે બળો છો?

હેલન–(સ્વગત) હા, આ તો એ...જ.

(એકદમ લજ્જાથી સંકોચાય છે)

સખી ૧.–અલી જો તો ખરી, પ્રીતમને દેખી મુગ્ધા સંકોચાઇ ગઇ.

સખી ૨–પણ અંદરથી તો પ્રફુલીત થઇ હો.

સખી ૩–(હેલનને ખભે હાથ મુકી)

અલી મુકી દે મર્યાદ હવે તું, પાસ પ્રીતમ છે આવ્યા;
વલ્લભને કંઠે વળગી તું, લે અનુપમ સુખ લ્હાવા.

સખી ૪—

ભરી પરસ્પર પ્રેમ કટોરા, અમીરસ પી પીવરાવો;
શરમ મુકી દઇ પ્રેમી જનને, પ્રેમ ઝુલે ઝુલાવો.

સખી ૧—

ચંચળ લોચન શીદ તલસાવે, શું સ્તબ્ધ બની ઉભી રહીછે;
જો મકરધ્વજની ધ્વજા મનોહર, તુજ ઉપરે ફરકી રહી છે.

હેલન--

નહિ શરમાવો બ્હેનો મુજને, ગઇ હું તો તમથી હારી;
લજ્જાથી પરવશ બની નહિ, જીભ હવે ઉપડે મારી.

સખી ૨—(ચંદ્રગુપ્ત તરફ જોઇને) મહાશય, આ અમારી પ્રિય સખીએ તો આપનેજ હૃદય અર્પણ કર્યું છે, માટે આજથી તમે પ્રીયતમ અને એ તમારી પ્રીયતમા.

સખી ૧-ત્હમે ચંદ્ર અને એ ચકોરી.

સખી ૩-ત્હમે તરૂવર અને એ વેલી.

સખી ૪-ત્હમે કીશોર અને એ નવલકીશોરી.

સખીઓ-બ્હેન હવે તો અમે જઇશું. (સખીઓ જાય છે.)

(ચંદ્રગુપ્ત તથા હેલન એકએકના સામું જોઈ ઉભાં રહે છે)

હેલન—

હૃદયપટપર છબી ચીતરી, સ્તવન કરતી હમેશાં હું;
સમક્ષે આવી ઉભેલા, પ્રીતમને આજ નીરખું છું.
નહી સે'વાય આ પીડા, કરેલી કામના બાએ;
બનીને વૈદ્ય દાસીના, મટાડો તે મટાડારે.

ચંદ્રગુપ્ત--

મટાડું તે હું શી રીતે, નથી તે હાથમાં મારા;
બની ક્ષત્રી કહો ક્યાંથી, વરૂં એક મીસની બાળા.

હેલન--હ્રદય ને મન જ્યાં ચોંટયું, નથી ત્યાં ન્યાતનો વાંધો;
મુકી ગડભાંજ આ સઘળી, પ્રીતમ ઝટ પ્રીતડી બાંધો.

ચંદ્રગુપ્ત-

કદી જાણે જો સેલ્યુકસ, બનેલી આ બધી બીના;
કહો સાંખેજ શી રીતે, વરેલી વૈરીને કન્યા.

હેલન-

ભલે ના સાંખે તેમાં શું, હ્રદય નવ અન્યનું થાશે;
કદી મ્યાન એકની મધ્યે, નહી શમશેર બે જાશે.
કરો જે આપને રૂચે, નહી તેમાં ગતિ મારી.
રખડતી મુકવી બાળા, ખરેખર તે ગુન્હેગારી.

ચંદ્રગુપ્ત-

ચતુરા એમ છે તો હું, હ્રદય આ મુજ સોંપું છું.
પ્રણયની ગાંઠ તુજ, સાથે સજડ હું આજ બાંધુ છું.

(બે બાજુથી બે સખીઓ નીચેની સાખી ગાતી આવી બન્નેનો હસ્તમીલાપ કરે છે.)

સખીઓ-

પ્રફુલ્લ વદના પેખી પ્રીતમ, શી અનુપમ ઓપતી;
વાહ જુગલ જોડી શી બની, એક કામને બીજી રતી.

(સઘળી સખીઓ પ્રવેશ કરી હેલન તથા ચંદ્રગુપ્તને હાર પેહેરાવે છે.) (દાસી પ્રવેશ કરે છે.)

દાસી-બ્હેન, વખત ઘણો થઈ ગયો છે માટે પિતાજી બોલાવે છે.

(હેલન તથા સખીઓ જાય છે.)

(હેલન પોતાનો હાર તોડી નાખે છે)

ગાયન.

હેલન—મોતી વેરાણાં મમહારનાં તું જોને સખી;
બાવરી બની હું હૃદયહારમાં તું જોને સખી-મોતી.
મોંઘા મુલનાં એ મોતી,
તેથી ફરી ફરી હું જોતી,
સખી કાઢોને તમે ગોતી,
એ મોતી—એ મોતી—એ મોતી—મોતી.

ડાએના—(ચાલ ચાલ ગાંડી આપણે મોતીનું શું કામ છે).

હેલન—જાઓ જાઓ હવે જાઓ સખી,
કાં રાખો મુજને રોતી;

સખીઓ—ધીરી ધીરી તું રહ ન અધીરી,
વળી વળી શું જોતી,
ચાલ—ચાલ—ચાલ—ગોતી.

પ્રવેશ ૨ જો.

સ્થળ રાજમાર્ગ.

પાત્રોઃ—ચંદ્રગુપ્ત, રાક્ષસ, જાસુસો તથા સૈનીકો વિગેરે.

હેલનના વિચાર કરતો ચંદ્રગુપ્ત. દેશ હિતના કાર્ય વિસર્જનથી પોતાના આત્માને ઉપાલમ્ભ સીકંદરને પાછો કાઢવા નિશ્ચય રાક્ષસનું આગમન. ચંદ્રગુપ્તને શાંત કરવો. જાસુસોનું આવવું. શત્રુની હીલચાલની ખબર આપવી. સીકંદરની મીજલસ વખતે છાપો મારવા સંકલ્પ.

(ચંદ્રગુપ્ત ગાયન સાથે પ્રવેશ કરે છે.)

મદભરી મલપતી માનુની,
ચતર ચપલ ચતુરા ચંદ્રાનની—ભરી.
ગુણીયલ ગોરી ગુમાની ગતિકર,
ગજ ગમની મનની માની—
પ્યારી પ્રતિમા, પ્રેમી હૃદયમાં,
સજડ જડી એ મધુરી સુરતી,
માનુની—મદભરી.

ચંદ્રગુપ્ત—આહા! ગઇ, ગઇ પંખિણી ઉડી ગઇ! ચતુરા ચંચળ લોચનથી ચીતડું ચોરી ચાલી ગઇ!

ગઇ કયાં એજ મનહરણી, હૃદય મુજ લેઇને સાથે;
ફરૂં હું એકલો જ્યાં ત્યાં, મુકી દુઃખ પોટલું માથે;
બળું ચોપાસ હું સ્મરથી, અનંગ બહુ ક્રૂર છે બનીયો,
પ્રિયા તું આવ મુજ પાસે, મરૂં છું હો બળું છું હો.

અરે ! ઓ મૂઢ ચંદ્રગુપ્ત, તું અહીં આવ્યો તો શા માટે અને કરે છે શું ? હિંદુસ્તાન પરાધીન થાય છે, ત્હારી માતૃભૂમિ પરદેશીના પંઝામાં જાય છે—પગતળે છૂંદાય છે અને ત્હારા મગજમાં તો હજી પ્રિયાનીજ જંખના થાય છે કેમ? ચાલ જીવ સાવધ થા. આવા કોમળ વિચારોને માટે આ સમયે શૂર હૃદયમાં સ્થાન નથી—વીર ક્ષત્રીઓને તે ઉચીત નથી. હિંદને બચાવ અને પંઝાબ શત્રુઓના હાથમાં જતું અટકાવ. બસ હવે તો—

ઝુમીશ હું સિંહની પેઠે, લઇ શમશેર આ હાંસે;
કાપીશ ઘાસની પેઠે, શત્રુના સૈન્યને આજે;
સીકંદર રાખતો ના તું, કદી આ હિંદની આશા;
કાઢીશ હું તને પાછો, ને રાખીશ દેશની માઝા.

પણ અરેરે ! પંઝાબ—ભારતના મુકુટરૂપ પંઝાબ હિમાલયસમ ગિરિરાજના રક્ષણથી રક્ષાયલો હોવા છતાં ત્હારી તો જાહોજલાલી જવા બેઠી છે, સુખરૂપી સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં છે. પણ ફિકર નહિ. હું જાતે લઢીશ—ખુવાર થઇશ અને મરીશ પણ માતૃભૂમિને એબ નહિ લગાવું—હિંદમાતાની વીર કૂખે જન્મ્યો છું તો તે પવિત્ર કૂખને નહિ લજાવું. ભારત, તને બચાવીશ—પંજાબને સર કરીશ અને શત્રુના હાથમાંથી છોડાવીશ ત્યારેજ ઠરીશ—બસ એજ.

પરાધીન દેખું નવ જનરે, કદી હું દેશ આ મારો,
શૂરી જનની તણો જાયો, કદી થાશે ન હીચકારો.
પવિત્ર હિંદની ભૂમિ, શત્રુના હાથમાં જાયે,
શૂરા રણધીર વીરોથી, કહો તે કેમ સહેવાયે ?

(રાક્ષસ પ્રવેશ કરે છે.)

રાક્ષસ—અરે ચંદ્રગુપ્ત, આમ અકળાયેલા શાથી જણાવ છો ? ક્રોધથી રાતા બની એકલા ને એકલા કેમ મુઝાવ છો ?

ચંદ્રગુપ્ત—કોણ-રાક્ષસ,

મુઝાઉં કેમ હું આજે, બનીને ક્રોધથી રાતો;
પૂછો છો શું હવે મુજને પૂછો તમ જાતને તેતો;
ભયંકર મૂખ ઉધાડી, અજગર પાસ છે આવ્યો;
ગળાવી કાષ્ટ તો તેને, સ્વર્ગે આજ પહોંચાડો.

રાક્ષસ—તે બધી ગોઠવણ કરી છે.

ચંદ્રગુપ્ત--

કરીને ગોઠવણ નહિ આ, સમય છે બેસી રે'વાનો;
બચાવવા હિંદને આજે, તમારૂં શૌર્ય દેખાડો.

બસ, હવે તો શત્રુપર તુટી પડો અને માતૃભૂમિના બચાવમાં મરો.

રાક્ષસ—સેનાપતિ, શાન્તી રાખો, કળથી થાય છે તેટલું બળથી થતું નથી. શત્રુની છાવણીમાં જાસુસો મોકલ્યા છે, તેઓ હમણાં

આવશે, અને જેવું હશે તેવી ખબર લાવશે. પછી આપણે જોઈતા ઇલાજ કરીશું.

ચંદ્રગુપ્ત—ઇલાજ કરીશું તોજ શાન્તિ થશે.

(જાસુસો આવે છે.)

રાક્ષસ—(જાસુસો તરફ જોઇ) કેમ શી ખબર લાવ્યા?

જાસુસો—(હાથ જોડી) મહારાજ, ચંદ્રગુપ્તના પાછા ફર્યા પછી સીકંદરે પંજાબ જીત્યો.

રાક્ષસ—શું પંજાબ ગયો?

જાસુસો—હા, પણ મહારાજ પૌરસના પરાક્રમથી ખુશી થઇ સીકંદરે તેને પાછો સોંપ્યો.

ચંદ્રગુપ્ત—અને તે પૌરસે લીધો? અહાહા! પૌરસ ધિક્કાર! રાજ્ય લોભથી અંજાઈ સ્વતંત્રતા ખોઇ! લાલચ રૂપી મલીન જળથી દેશની પવિત્રતા ધોઇ! અરે અધમ ભારતની કીર્તિને લાંછિત કરનાર હિચકારા, શત્રુને શરણે થઇ તાબે થતા પેહેલાં ત્હને મૃત્યુ પણ ન સુઝયું તે ખોયેલું રાજછત્ર દુશ્મનના પ્રસાદથી પાછું લીધું! અરેરે! પ્રધાનજી શત્રુનું જોર વધ્યું—બાજી હાથથી ગઇ.

રાક્ષસ—ગઇ તો ચીંતા નહિ, શત્રુના મુખ્ય સરદારોને ફોડીશું અને સૈન્ય મગધ તરફ આગળ ન વધતાં પાછું ફરે તેવી યુક્તિ કરીશું. (જાસુસો તરફ જોઇને) શત્રુની હીલચાલની બીજી કાંઇ ખબર?

જાસુસો--મહારાજ આવતી કાલે વિજયની ખુશાલીમાં સીકંદરની છાવણીમાં મીજલસ થવાની છે, અને તેજ સમયે મગધ તરફ આગળ વધવું કે નહિ તે બાબત મુખ્ય સરદારોની સંમતિ લેવાની છે.

રાક્ષસ--ઠીક જાવ, અને શત્રુના મુખ્ય સરદારોને ફોડી દુશ્મન આગળ ન વધે તેવી યુક્તિ કરો.

જાસુસો—મહારાજ જેવી આગ્ના.

(જાય છે).

ચંદ્રગુપ્ત--પણ પ્રધાનજી યુક્તિમાં ન ફાવ્યા તો—

રાક્ષસ--ન ફાવ્યા તો લડવું. પશ્ચિમ નેપાળનો નરેશ .પર્વતેશ્વર તથા હીમાલયની તળેટીના બીજા ખંડીઆ રાજાઓ આપણને મદદ કરવા તૈયારજ છે.

ચંદ્રગુપ્ત—ત્યારે તો સઘળા મદદનીશ રાજાઓ સહિત આવતી કાલે મીજલસ વખતેજ શત્રુપર છાપો મારીએ તો ?

રાક્ષસ--(જરા વિચાર કરી) તોપણ કંઇ વાંધો નથી. તેથી કરીને છાવણીમાં ગભરાટ ફેલાશે અને શત્રુ સ્હેજમાં આપણો કેદી થશે.

ચંદ્રગુપ્ત--અને પંઝાબ પણ પાછું મગધ દેશના તાબામાં આવશે.

રાક્ષસ--ત્યારે હવે લશ્કરને બોલાવી આપણા વિચારથી માહિત કરી તૈયાર રેહેવા હુકમ આપવો જોઇએ.

ચંદ્રગુપ્ત—જેવી અમાત્યની ઇચ્છા.

(ચંદ્રગુપ્ત બ્યુગલ વગાડે છે અને લશ્કર આવી હાજર થાય છે.)

ચંદ્રગુપ્ત—મારા વ્હાલા શૂરવીર સૈનીકો,

હિંદુસ્તાનના અસ્તકે ઉદયનો આધાર તમારા આવતી કાલના શૌર્ય ઉપર છે. ગ્રીસ દેશના પ્રતાપી રાજા સીકંદરે પોરસને હરાવી તાબે-દાર બનાવ્યો છે, અને મગધપર હુમલો કરી આપણને પણ પરતંત્રતાની બેડી પહેરાવવા ઇચ્છા રાખે છે, તો તેને પાછો હઠાવી હિંદને બચાવવો તેજ તમારૂ કામ છે—તેમાંજ તમારી માતાની કૂખની આબરૂ રહેલી છે, અને તેમાંજ તમારૂં શ્રેય છે. માટે મરો પણ પાછા ન પડો. જીવ જાય તો ભલે પણ હિંદ પરદેશીના હાથમાં ન જવા દો. રણભૂમિને તમારા કારમા લોહીથી રેલાવો પણ તમારી પ્રિય—દેવ પ્રિય દેવી ભારત માતાને ગુલામીમાંથી ગમે તે રીતે બચાવો. તમારી તરશી શમશેરોને શત્રુના રક્તનું પાન કરાવો અને તમે તમારી માતૃ ભૂમિના ખરા ભક્ત છો એમ જણાવો. મરવાથી ડરશો નહિ—જીંદગીની દરકાર કરશો નહિ. એક દિવસ મૃત્યુ તો છેજ અને જ્યાં સ્વધર્મ—સ્વદેશ અને સ્માનની ખાતર દેહ પડે તેજ અનુપમ અને વિજયી મૃત્યુ છે—એટલુંજ નહિ પણ તે મૃત્યુ તો તવારીખમાં ઝગઝગતે અક્ષરે કોતરાયેલું અમર જીવન છે. વળી કહ્યું છે કેઃ—

ઘેર મરે છે બાયલા રણમાં મરતા શૂર,
જનની કૂખે છો જણ્યા તો મત ગુમાવો નૂર;

રણમાં લડતાં જે મરે સ્વર્ગે તેતો જાય,
પ્રતિષ્ઠા વાધિ જગ મહી નામ અમર નીજ થાય.

બસ એજ, શૂરવીરને વધુ કહેવું ઉચીત નથી.

સૈનીકો:—હર હર મહાદેવ.

દ્વીતીય પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૩ જો.

સ્થળ સીકંદરની છાવણી.

પાત્રો—સીકંદર, સેલ્યુકસ, કલોડીઅસ તથા બીજા સરદારો, હેલન અને મુખ્ય સૈનીકો વીગેરે.

સીકંદરની મીજલસ મુખ્ય સરદારોને મગધ તરફ આગળ વધવા સમજાવવા. કુટેલા સરદાર કલોડીઅસે ના મરજી બતાવવી. સીકંદરે તેને ઠાર કરવો. ચંદ્રગુપ્તનો અચાનક છાપો. મીજલસમાં નાશ ભાગ. હેલનનું ચંદ્રગુપ્તના હાથમાં સપડાવું. ચંદ્રગુપ્ત તથા રાક્ષસનું ચતુર્દશી શ્રાદ્ધ માટે પાટલીપુત્ર તરફ પ્રયાણ.

સીકંદર—મારા વ્હાલા સરદારો તથા સૈનીકો,

તમારાં પરાક્રમથી તથા આખા ગ્રીસ દેશના તેમજ તમારા અને મારા તપોબળથી આજે આપણે આ ભૂમિમાં–હિંદની મગરૂર ભૂમિમાં–

ઇશ્વરના મનોહર બગીચામાં પગ મુકવા સમર્થ થયા છીએ. આપણે એશિઆખંડનો ઘણોખરો ભાગ તાબે કર્યો છે, અને બેબીલોનમાં આપણી વિજયપતાકા ફરકાવી છે. આજે આપણે પંઝાબ-આખા હિંદની કુંચી પંઝાબ મેળવ્યું છે. ખંડીઆ રાજાઓને તાબે કર્યા છે; વાયવ્ય ખુણાના ઘણા પ્રાંતો સર કર્યા છે. હવે આપણે ભયંકર શત્રુ સાથે લડવાનું છે-મગધના ચક્રવર્તિ રાજા નંદ સામે મેદાનમાં પડવાનું છે; તો સજ્જ થાઓ. હિંદના વિખ્યાત લડવૈયાઓને પશ્ચિમની પ્રજાનું બાહુબળ બતાવો. ના હિંમત થશો નહિ. ઇશ્વરે આપણને અત્યાર સુધી ફતેહ આપી છે તો આપણું પ્રારબ્ધ જ જોર કરે છે એમ માનો. આપણે નંદરાજાને જીતીશું અને આખા હિંદ ઉપર, અરે! એટલું તો નહિ પણ આખા એશીઆખંડ ઉપર આપણી સત્તા ચલાવીશું એમ ધારી લડો, જીંદગીની પરવા ન કરો. બસ એજ—એજ આપણી ફતેહ અને એમાંજ આપણી જીંદગીનું સાર્થક.

સેલ્યુકસ—શૂરવીર સૈનીકો,

મહારાજા સીકંદર કહે છે તે સત્ય છે. આપણે ઘરબાર ત્યજ્યાં છે-આપણાં કુટુંબની દરકાર કરી નથી અને જીંદગીની પરવા ધરી નથી તે કોને માટે? આપણા દેશની જાહોજલાલી માટે-દુનીઆના ઇતિહાસનાં પાનાં આપણાં પરાક્રમથી ભરવા માટે અને આપણાં નામ અમર કરવા માટે! તો બસ હવે લડવું મરવું પણ પાછા તો નજ પડવું.

પડો પાછા ન શૂરવીરો, જ્યાં લગી ઘટમાં પ્રાણ;
પ્રાણ ગયે ચીંતા નહિ, પણ મત ગુમાવો નામ.

'નામ રહે છે જગમહી નાણું તો રે'તાં નથી;'
'કીર્તિ કેરાં કોટડાં પાડયાં કદી પડતાં નથી.'

ફુરેલો સરદાર }
ક્લૉડીયસ }:—(એકદમ ઉભો થઈ)

'કીર્તિ કેરાં કોટડાં પાડયાં કદી પડતાં નથી;'
તો જીવતર ખોયાં જગમહી પાછાં કદી મળતાં નથી.
હજારો ગાઉથી આવ્યા કુટુંબ ઘરબારને ત્યાગી;
જીત્યા છે દેશ તો બહુએ બનીઆ લોથ બહુ થાકી.
કરો જો વાત વધવાની અમે પાછાજ ફરવાના;
કરો છો લોભ બહુ તેમાં અમારી ના અમારી ના.

સીકંદર:—

ન છાજે બાયલા શબ્દો કદી સરદાર મારાને,
ડરી યુધ્ધથી જવું પાછું ન છાજે વીર શૂરાને;
મગધને જીતવું તેમાં નથી કંઇ લોભ બહુ મોટો,
કર્યું સર હિંદને કદી જો પછી શો કીર્તિનો તોટો.

ક્લૉડીયસ:—

પડયો છે શ્રમ બહુ અમને જીત્યું પંઝાબ તેમાં તો;
મગધનો નંદ રાજા છે હજારો દેશ એરાનો.
લેવો હિંદને તે તો મૂઠા જળમાંહી ભરવાના;
મગધને જીતવો તે છે હવામાં દુર્ગ ચણવાના.

સીકંદર--

નથી અશકય કંઇ વસ્તુ સીકંદર જો કદી ધારે;
હરાવે પૃથ્વી આખી પણ નહિ એ કો થકી હારે.
નસીબ મુજ છે બહુ ભારે જશ ત્યાં જીતવાનો હું;
મરો અહીં પણ હવે શરા કદી પાછા ન હઠવાનું.

કલોડીઅસ:--

નસીબના આધારથી ફળ કદી મળતું નથી;
પુરૂષાર્થ વિણ આ જગમહીં કાંઇપણ વળતું નથી.
પુરૂષાર્થ તો હવે ના રહ્યું, થાકયા બહુ જીત્યા ઘણું;
સમજીને પાછા ફરો, છે સૈન્ય બહુ શત્રુતણું.

સીકંદર—

ગમે તેમ થાય તોએ શું, સીકંદર પાછો નવ જાશે;
મરે ભૂખથી ભલે તોયે, કદી સિંહ તૃણ નવ ખાશે.

કલોડીઅસ--શું સીકંદર પાછો નહિ ફરશે તો સૈન્યની ખુવારી કરશે ? અને હાથે કરીનેજ કાળનાં જડબામાં પળશે.

સીકંદર—શું કાળ! કાળ કોનો ? આ સીકંદરનો ?

સીકંદર કાળનો પણ કાળ છે ઉભો રહેલો આ;
કદી જો થાય સામો તો શત્રુના પ્રાણને લેવા.

સરદાર--શાન્ત થાવ મહારાજ અભિમાન ન કરો, અભિમાન અને વિજયને તો આદવેરજ છે. માટે અભિમાનરૂપી આગમાં અંજાઇ

આંધળા ન થાવ-પાપને પંથે પળી મૃત્યુના મુખમાં ન જાવ-અને એક પતંગીઆની માફક દર્પ દીપકમાં ભસ્મીભૂત ન થાવ, વળી–

અભિમાનમાં અંધ બની છે, ભલા ભલા ભરમાયા;
ધન વૈભવ સૌ ખોઇને, કાળ મુખે સપડાયા.
માન રહ્યું નહિ કોઇનું, રહેવાનું પણ છે નહિ;
તો માન મિથ્યા શાદ કરો, છે માન નીશાની અંતની.

સીકંદર––બસ કર હરામી, નોકર થઇ સ્વામીને શીખામણ દેવા જાય છે, બકરૂં હિંમત ધરી વાઘની સામું થાય છે–દેડકું નાગને અહિંસાનો પાઠ ભણાવવા જાય છે!

ક્લૉડીઅસ—અહા! સત્યજ કહ્યું છે કે–

"દુષ્ટ ત્યજે નહિ દુષ્ટતા, કરી તીર્થમાં સ્નાન,
ઝેર ઝબોળ્યું દુધમાં, ઝેરજ રહે નીદાન.
સજ્જન સમ ગણી સેવતાં, દુર્જન સુજન ન થાય;
એરંડે રસ નવ ચઢે, શેરડી સંગ સીંચાય.
શીખામણના શબ્દ તે, કહીએ નહિ ખળ સંગ;
પથરે કાદવ ઢાંકતાં, ઉડે છાંટા અંગ."

સીકંદર––શું ખળ! કોને સીકંદરને ખળ કહે છે? તો જાણજે કે આ દયાળુ સીકંદરની દયાદૃષ્ટિનો પણ નાશ કરે છે; માટે વિચારીને બોલ નહિ તો સહન કરવું પડશે–સ્વર્ગને પંથે પળવું પડશે.

કલૉડીઅસ—મહારાજ તે વાત તમારા હાથમાં નથી, તેતો કીરતારના હાથમાં છે—સરજનહારના હાથમાં છે.

મારૂં મારૂં શું કરો, મરવું એકજ વાર છે;
સ્હાય હશે કીરતાર તો, તમથી શું થનાર છે,
ઇચ્છા વીણ જગદીશની, એક પાન પણ હાલે નહિ;
ઇશ્વર આગળ મનુષ્યનું, લેશ પણ ચાલે નહિ.

સીકંદર—ચાલ જોઉં છું કે તને તારો કીરતાર શી રીતે બચાવે છે. (સિપાઇઓ તરફ દૃષ્ટિ કરી) સીપાઇઓ, પકડો આ નીમકહરામને.

કલૉડીઅસ—દૂર બદમાસો-કોણ પકડવાની હીંમત કરે છે?

પકડે છે જોઉં કોણ મને, જ્યાં લગી હસ્ત તલવાર છે,
નીજ બળે ધુધવતા સીંહને, શીયાળ શું કરનાર છે!

સીકંદર—શું કરે છે તે જો આ ત્હારો પ્રાણ હરે છે.

(સરદારને કટાર મારી ઠાર કરે છે)

સીપાઇ—(દોડતો આવી) મહારાજ, મગધ સેનાપતિ ચંદ્રગુપ્તે છાવણીપર છાપો માર્યો છે.

સેલ્યુકસ—ફિકર નહિ મહારાજ, તેણે છાપો માર્યો તો આપણે બીજે રસ્તે થઈ મગધપર જઇએ અને દુષ્ટને સજા કરીએ.

સીકંદર—હા ચાલો.

(સરદારો સાથે સીકંદર જાય છે. આ વખતે લશ્કરમાં નાશ- ભાગ થતાં હેલન તથા ડાયેના પાછળ રહી જાય છે.)

ચંદ્રગુપ્ત—(દોડતો આગળ આવી) પકડો પકડો એ દુષ્ટોને. પાછળ રહેલાં હેલન તથા ડાયેના ચંદ્રગુપ્તના હાથમાં સપડાય છે.

તૃતિય પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૪ થો.

સ્થળ પાટલીપુત્રમાં શ્રાદ્ધ મંડપ.

પાત્રો—નંદ, ચાણક્ય, ચંદ્રગુપ્ત, બ્રાહ્મણો તથા સીપાઇઓ વિગેરે.

ચાણક્યનું આગમન, અને અગ્રાસનપર બેસવાથી નંદરાજાએ ગુસ્સે થઈ તેનુ અપમાન કરવું. ચાણક્યની નંદવંશનો નાશ કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા. ચંદ્રગુપ્તનું હેલન સાથે આવવું. હેલનને જોઈ નંદનું મોહવશ થવું. ચંદ્રગુપ્તને પંજાબની સુબાગીરિ સોંપવી અને બીજી તરફથી હેલન પરણાવે તો તે સ્થાને સેલ્યુકસને આપવા કહેણુ.

(ચાણક્ય પ્રવેશ કરે છે)

ચાણક્ય—આહા ! મેં તપ કર્યું, સિદ્ધિ મેળવી, બધાં શાસ્ત્ર ભણ્યો પણ શા કામનું ? મારે કોઈ પણ રાજાનો આશ્રય નથી. હું મારા જ્ઞાનનો ઉપયોગ શી રીતે કરૂં ? દુનીઆની સમક્ષ મારા જ્ઞાનનો લાભ શી રીતે ધરૂં ? હું કોનો આશ્રય લઉં ?

જપ તપ યજ્ઞ કરી અને મેળવવી પરમા સીદ્ધિ,
રહેલી છેજ તેમાં તો ખરેખર બ્રહ્મની રિદ્ધિ;
સીદ્ધિ રીદ્ધિ મેળવી લેવો આશ્રય રાયનો,
તે વિણ સર્વ નકામું છે એવો માનવ કાયદો.

આહા ! મને ઇશ્વરે પ્રાર્થિત સ્થળેજ આણ્યો છે. હું પાટલી પુત્રમાં આવ્યો છું, અને વળી આજ નંદરાજાને ત્યાં ચતુર્દશી શ્રાદ્ધ છે; તો ચાલ, ત્યાં જાઉં અને અગ્રાસનપર બેસું, કે જેથી ઝટ નંદ રાજાની દ્રષ્ટિએ પડું અને મારૂં કાર્ય સિદ્ધ કરૂં.

(ચાણુક્ય જઈ અગ્રાસનપર બેસે છે. બ્રાહ્મણો આશ્ચર્ય પામે છે.)

(છડી પોકરાય છે અને નંદ રાજા પ્રવેશ કરે છે.)

નંદ—(ચકિત થઇ) અરે ! આ શું ? ક્યાં ગયા રાજ પુરોહિત કે આ દેખાતા એક રખડતા ટેલીઆને અગ્રાસનપર બેસાડ્યો છે !

બ્રાહ્મણો—મહારાજ તે તો પોતાની મેળેજ ત્યાં આવી બેઠા છે, અમે એમને ઉઠાડવા જતા હતા તેટલામાં આપ પધાર્યા.

નંદ—(ચાણુક્ય તરફ દ્રષ્ટિ કરી) મૂર્ખ ઉઠ ત્યાંથી, આ આસન તારે માટે નથી તે તો રાજ પુરોહિતનેજ માટે છે.

ચાણુક્ય—કોણ હું મૂર્ખ ! ચાણુક્ય મૂર્ખાઇમાં ખપ્યો ? આહા ! મે નહોતું ધાર્યું કે હિંદનો ચક્રવર્તિ રાજા આટલો બધો ગર્વિષ્ટ અને ઉદ્ધત હશે.

નંદ—ટેલીઆ, સંભાળીને બોલ નહિ તો બોલ બેશારા ભરી સભામાં નોલ.

બોલ સંભાળી બ્રાહ્મણ્યા નહિ તો થાશે ખુવાર,
ઉઠ આસનપરથી એકદમ કરે છે શા વિચાર;

ચાણકય-વિચાર કરૂં છું રાય હું દુનીઆ બદલાઇ ગઈ,
ક્ષત્રી ચુકયો ધર્મને ક્ષાત્ર વટ હવે ના રહી.
હતા સદ્ધર્મી રાજાઓ દેતા બ્રહ્મને ઘણું માન,
કરે અપમાન તુજ સરખા બની ગર્વીષ્ટ હે નાદાન.

નંદ—વિચાર કર ઓ ટેલીઆ કહે છે કોને નાદાન,
નાદાન કેહેતાં જાન ખોશે બહાર જાશે તુજ જબાન.

ચાણકય-જાન જાશે જબાન જાશે જાશે સમૃદ્ધિ વહી,
વ્યોમ પડશે પૃથ્વી ચળશે અપમાન સેંવાશે નહિ.
અરેરે હિંદનું આજે નકી તગદીર બદલાયું,
કે આવા નીચને હાથે મગધનું રાજ્ય સોંપાયું.

નંદ-નીચ કેહેતાં શીષ જાશે થાશે કટકા દેહના,
બહુ બોલી નકામો તું માથે આફત ખેડમા.
આ નંદના અપમાનથી પરિણામ જુદું આવશે,
પંચાવ કેરૂં પુતળું પંચત્વમાં પાછું જશે.

ચાણકય-શું પરિણામ જુદું આવશે, અને એક ક્ષત્રિ બ્રાહ્મણનો અંત લાવશે ? અલ્યા, રાજલક્ષ્મિના પાસથી અંધ બનેલા પતંગીઆ, શું તું બ્રહ્મ પ્રતાપ ભુલી ગયો તે બ્રાહ્મણને મારવાની વાત કરે છે ! મૂઢ, યાદ કર,

કાલે સવારે પરશુરામે પૃથ્વી નક્ષત્રી કીધી,

એ બ્રહ્મ કેરા પ્રતાપથી તેં હજી શીખામણ ના લીધી !
ગાધિપુત્ર હતો બહુ બળીઓ પણ વશિષ્ટ આગળ હાર્યો,
અભિમાન કરે શા માટે કહે બ્રાહ્મણ કોણે માર્યો ?
નંદ–પૃથ્વીને નક્ષત્રી કરી જમ્દગ્ની સુત બધે મહાલ્યો,
તો ઘડી એકમાં ક્ષત્રી પુત્રે ગર્વ તેહનો ઉતાર્યો.
તું કેહે છે કે વિશ્વામિત્ર છે વશિષ્ઠ આગળ હાર્યો,
તો કહે મૂઢ થઇ ક્ષત્રિ રામે રાવણ કયાંથી માર્યો ?

ચાણકય—

રામે રાવણ માર્યો શાથી, તે તું કયાંથી જાણે;
પરબ્રહ્મ પરમાત્માને, મૂરખ કયાંથી પીછાણે.
રામ હતા પરમાત્મા પોતે, તું એક હલકું પ્રાણી;
કયાં સાગર કયાં પલ્વલનાનું, કયાં પર્વત કયાં પાળી.
નંદ—શબ્દો આ સાંખાયના, શું કરૂં લાચાર છું;
બ્રહ્મહત્યાના પાપ આગળ, ખરે નીરાધાર છું.
નહિ તો બતાવત ટેલીઆ, શકિત ક્ષત્રિ બળતણી;
જીુદુ કરત તુજ શીષને, તલવારની ઝીણી અણી.

ચાણકય—મૂઢ, અભિમાન ન કર, અને કાળના મુખમાં મસ્તક ન ધર. અભિમાન રૂપી મણીધરને દૂધ પાઇશ તો કોઇ દિવસ હને જ ડંખશે અને હારો પ્રાણ લેશે, સાંભળ—

રાવણ સરીખે માનથી, લીધું નથી કંઇ લાણું;
તો માનને પંથે પળી, ન થા ખુવાર નાદાન.

હતો સુયોધન મહાયોદ્ધો, ગયો માનને લીધે મરી;
કરી અભિમાન મરે પાપી શે પાપને પંથે પળી.

માટે બ્રહ્મબળને ન વખોડ, અને અપમાન યુક્ત શબ્દો ન બોલ.

નંદ—હવે જોયું ત્હારૂં બ્રહ્મબળ,

બ્રહ્મ બળ થકી શું બીશે, રાજા મગધ દેશનો;
એક ટેલીઆથી હારશે, શું ક્ષત્રી શૂરા બીજનો.
વધુ બોલીશ તો દુષ્ટ આ, નંદ હવે સે'શે નહિ;
બ્રાહ્મણ હો કે ગમે તે, પણ માર્યા વિના રે'શે નહિ.

ચાણક્ય—એમ છે તો ખરેખર !

ભરાયો છે ઘડો ત્હારા, પાપનો આજે નકી;
ફુટયા વિના એ દુષ્ટ, તે હવે રે'શે નહિ.
ભરી બ્રાહ્મણની સભામાં, અપમાન તેં મારૂં કર્યું.
તો જાણકે આજથી, તુજ રાજ્યનું બુરૂ થયું.

નંદ-જા જા હવે એ ટેલીઆ, શું તુજથી થવાનું છે;
અગધ દેશના સિંહને, શિયાળ શું કરવાનું છે.

ચાણક્ય—આહા ! શિયાળ ! ચાણક્ય, ચાણક્ય, આ શબ્દો સાંભળતાં ત્હારા કાનમાં દાટા કેમ નથી વાગતા ! ત્હારૂં અપમાન કરનારને ત્હારી સમક્ષ ઉભેલો જોઇ ત્હારી આંખોના ડોળા બહાર કેમ નથી નીકળતા ! ત્હારા હૃદયપર પણ કેમ અસર થતી નથી. અરે જીભ, તૈયાર થા, શરીરના સઘળા અવયવો સાવધ થાવ. (નંદ તરફ દષ્ટિ કરી) આ ગર્વિષ્ટ હિંદદેવીની પવિત્ર કૂખને

લજાવનાર હીચકારા, ત્હેં મારૂં ભયંકર અપમાન કર્યું છે, તો આ મારા જ્ઞાતિ ભાઇઓની સમક્ષ સૂર્યદેવને સાક્ષી રાખી, આજથી ભીષ્મ પ્રતિજ્ઞા લઉં છું કે જ્યારે આખા નંદવંશનું નીકંદન કરીશ—મગધ દેશને ખુવાર કરીશ-ત્હારા રાજ્યને ઉથલપાથલ કરી બીજા કોઇને ગાદીએ લાવીશ. ત્યારેજ (પોતાના કેશ છુટા કરી) આ મારી શિખાને-મારી પવિત્ર જટાને ફરીથી બાંધીશ. બસ, જોકે બ્રહ્મપ્રતાપ શું કરે છે !

(ચાણક્ય અદ્દસ્ય થાય છે).

નંદ--(ગભરાઇને) સીપાઇઓ પકડો, પકડો તે મૂર્ખ ટેલીઆ બ્રાહ્મણને, (ચંદ્રગુપ્ત તથા રાક્ષસ હેલન તથા ડાએના સાથે પ્રવેશ કરે છે. તે જોઇ નંદ બનેલો બનાવ ભુલી જાય છે).

ચંદ્રગુપ્ત--મહારાજ, સીકંદરની મીજલસપર છાપો મારી આ સેલ્યુકસના કુટુંબને આપની સમક્ષ આણ્યું છે.

નંદ--(હેલન તરફ પ્રેમ ભરી દૃષ્ટિ કરી) શાબાશ, મારા શૂરા સેનાપતિ, તમારાં પરાક્રમથી ખુશી થઇ પંઝાબની સુબાગીરી હું તમને સોંપુંછું લ્યો આ તમારી બહાદુરીનું ઇનામ. (પોતાનું સુવર્ણપદક ચંદ્રગુપ્તને પેહેરાવે છે). (ચંદ્રગુપ્ત નમન સાથે સ્વીકાર કરે છે).

ચંદ્રગુપ્ત--મહારાજ, આ કુટુંબને આપના કબજામાં રાખી સાચવજો. હું સીકંદર આગળ વધે છે તેને અટકાવી પાછો કાઢવા રજા લઉં છું.

નંદ--સુખેથી જાવ, અને ફતેહના ડંકા વગડાવો.

(ચંદ્રગુપ્ત તથા રાક્ષસ જાય છે)

નંદ—અરે કોઇ હાજર છે કે ?

(સીપાઇ પ્રવેશ કરે છે)

સીપાઇ—મહારાજ આજ્ઞા.

નંદ—જા આ યુવતીઓને આપણા મહેલમાં લઇ જા, બરોબર સંભાળ રાખજે હો.

સીપાઇ—જેવી મહારાજની આજ્ઞા. (હેલન તથા ડાયેના તરફ જોઇ) ચાલો બ્હેનો. (સીપાઇ હેલન તથા ડાયેનાને લઇ જાય છે).

નંદ—આહા શું સ્વરૂપ ! શી કાન્તિ !

સોળે કળા સહ સુધાંશુને પણ,
મુખ કેરી જ્યોતિ નીચું ઘલાવે;
કાળી ભ્રમર બે વળેલી દેવે,
સ્મરના ધનુષ્યનો મહિમા બતાવે.
દાંતોની પંક્તિ દાડમ કળી સમ,
ગાલો ઉપર શી ગુલાબી લાલી.
રચી વીધીયે ઘણી સુંદરીઓ,
રહેલી ભુલને આમાં સુધારી.

અરે, પણ તેને મેળવવી શી રીતે ? પોતાની પુત્રી શત્રુને પર- ણાવવા સેલ્યુકસ કેમ હા પાડશે ? (જરા વિચાર કરી) ઠીક, પંઆ-

બની સુબાગીરી ચંદ્રગુપ્તને આપી છે પણ ચાલ, હેલન પરણાવે તો સેલ્યુકસને તે લાલચ આપું એટલે સૌ કામ સિદ્ધ થશે.

(સીપાઇને બોલાવે છે) (તથા સેલ્યુકસપર હેલન પરણાવે તો પંઝાબની સુબાગીરિ આપવાની ચીઠ્ઠી લખી સીકંદરની છાવણી તરફ સીપાઇને રવાના કરે છે)

(નંદ જાય છે)

ચતુર્થ પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૫ મો.

સ્થળ—જંગલમાં દેવીનું મંદીર ત્યાં નાનકડો બાગ.

પાત્રો—પ્રમિલા, સુરપ્રભા, સખીઓ, સુરેન્દ્ર, મલયકેતુ તથા રૂહ વિગેરે.

રાજકુમારી પ્રમિલાનું સખીઓ સાથે દેવીના પૂજનાર્થે આગમન. હાસ્યવિનોદ. સુરેન્દ્રનું લશ્કરથી છુટા પડી સિંહના શીકારાર્થે આવી ચઢવું. અચાનક સીંહના પંઝામાં સપડાવું. પ્રમિલાને હાથે તેનો બચાવ. રાજકુમારી મોહવશ. પ્રેમની માગણી. માગણીનો સ્વીકાર. મલયકેતુનું આવી ચઢવું. સુરેન્દ્રની ગત પત્નીનું રૂહના આકારમાં પ્રકટ થવું. સુરેન્દ્રને પ્રમિલા સાથે લગ્ન કરવા ના પાડવી.

(સખીઓ સાથે પ્રમિલા પ્રવેશ કરે છે.)

પ્રમિલા—આવો બ્હેનો, જુઓ આ બાગની શોભા કેવી રમણીય જણાય છે.

સુરપ્રભા—હા બ્હેન, જોને આ નવ યૌવન વસંત કેવી મનોહર લાગે છે!

સખી ૧—કુમળી કળીમાંથી આવતો પવન કેવો સુગંધાદાર મ્હેકે છે! વૃક્ષો કેવાં લીલાંછમ દેખાય છે!

સખી ૨—નવી ખુશબોદાર મંજરીથી લચકાતા આમ્રવૃક્ષપર કોયલ કેવા મધુર અને રસભર્યા ટહુકા કરે છે!

સખી ૩—હા બ્હેન, હોયસ્તો, વસંતમાં કયા ગુણોનો ઉદ્ભવ નથી થતો! એતો હમેશાં તેનો ધારોજ છે.

સખી ૪—અલી જો તો ખરી, આ નવમાલીકા આમ્રવૃક્ષને થડે વીંટાઇ પોતાના પ્રાણવલ્લભ સાથે જાણે ક્રીડા ન કરતી હોય તેવી દેખાય છે.

સખી ૧—વળી આ નાનકડા કુંડમાં કુમુદિની પોતાના પ્રાણેશ્વર ચંદ્રનાં દર્શન કરવા કેવી આતુર છે! કેવી પીડાય છે! ધીમે ધીમે કેવી ખીલે છે! જડ વસ્તુમાં પણ પ્રેમનું કેવું સામ્રાજ્ય ચાલે છે! ખરેખર પ્રેમનો પ્રભાવતો વિલક્ષણજ છે.

સખી ૨—બ્હેન આ યૌવન સરોવરમાં ડોલતી આપણી સખી પ્રમિલાની પણ તેવીજ સ્થીતિ ભાસે છે. તે પણ બીચારી વસંત પ્રભાવથી કોઇ ભાગી ભ્રમરની શોધમાં સચેલી જણાય છે.

પ્રમિલા--જા, જા આમ શું કરતી હોઇશ તે-ત્હને તો હમેશાં મશ્કરીઓજ કરવી ગમે છે. નાહક શીદ શરમાવે છે?

સખી ૧--જાણ્યું જાણ્યું હવે, શરમ શેની આવે છે તે, (બીજી સખી તરફ જોઇને) અલી જો તો ખરી રૂપમાં તો જાણે બીજી રતિ,-

લાલ ગુલાબી કપોલ આ, જોબન થકી શું ખીલતા;
નાજુક કોમળ અધર શું, અમૃત અમી છે સીંચતા.
વાહ મદન કેરા જોરથી, દૃષ્ટિ દીસે પ્રેમે ભરી;
રમણીય આ રૂતુ વસંતે, કેવી છે ઘેલી કરી!

સખી ૨—**વળી અર્ક કેરા પર્ણપર, એક કમળ સમ છે દીસતી;**
અનંગ કેરી વાડીમાં, નાજુક ખીલતી જયમ કળી.
રૂપ આ ઘડવા મહીં, ખુબી બ્રહ્માની ઘણી ન્યારી છે;
અમૃત ભરેલા અધરનો, ભોગી ખરો ભાગ્યશાળી છે.

સખી ૩—**હસ્તીનિ સમ ચાલતી, મદથી ભરી સુહાસિની;**
હરીણી સમ મારતી, વળી કટાક્ષો નીજ નયનની;
વિશાળ છાતી ગોળ નિતંબ, કટીમાંથી પાતળી;
જોબન તણા બહુ ભારથી, મુગ્ધા જુઓ જાતી ઢળી.

પ્રમિલા—વાહ એટલું તે મારામાં શું દીઠું તે આટલાં બધાં વખાણ કરો છો?

સખી ૧—વખાણ શેનાં બ્હેન, અમે તો દેખીએ તેવું કહીએ છીએ; ઓહો! શરદ પૂર્ણિમાંના ચંદ્ર જેવી કાન્તિવાળું આ ત્હારૂં મુખ તો કપાળે અર્ધ ચંદ્ર ધારી શિવનો પણ ગર્વ ઉતારે છે.

સખી ૨--જુવાનીના જોરથી ખીલતી શરીર લાવણ્યતા તો જાણે મોટા ઋષિઓને પણ ચળાવનારી ઇંદ્રના આયુધ રૂપી ઉર્વશીને પણ નીચું ઘલાવે છે.

સખી ૩—વળી રૂપાની ઘંટડીની માફક રણકારા મારતા શબ્દો તો વસંત સમયે આમ્રવૃક્ષમાં બેઠીલી કોયલના ટહુકાને પણ ભુલાવી દે છે.

પ્રમિલા--હવે હું તો તમારાથી થાકી, મને આમ ન સતાવો.

સખી ૪--બેસ, બેસ, હવે, તેમાં સતાવાનું શું ? મનની વાતો તો મનજ જાણે.

સખી ૩—હા બ્હેન, જોને એની દેહલતિકા દીવસે દીવસે કરમાતી જાય છે. અને વદન પણ નીશદિન ફિક્કુ પડતું જાય છે.

સખી ૧—અલી તું કાંઈ સમજે છે ! એ તો કામદેવનો પ્રભાવ. તેના શરે કરેલા ઘા પર તો કોઇ પણ ઔષધ અસર કરી શકતું નથી.

સખી ૫—હા બ્હેન, એક વસ્તુની બે કરી નાખનાર તો ઘણાયે ધનુષ્ય ધારીઓ જોયા, પણ બેની એક કરી નાંખનાર તો તેજ—ફક્ત પુષ્પ ધનુષી કામદેવ.

સખી ૨—ખરેખર, તેનાથી તો ત્રણે ભુવન જીતાયાં છે. ઘણી લલનાઓ હઠીલી બની સ્મરથી અલગ રેહેવા ઇચ્છે છે, પણ તેઓનેય મદન રૂંવે રૂંવે અને નાડીએ નાડીએ તનમનાટ કરી રેહે છે, તો પછી રાંક બીચારી આ આપણી સખી પ્રમિલાની તો વાતજ શી કરવી ?

પ્રમિલા-અરેરે ! રાંકને નાહક શીદ સતાવો છો ? તેમાં તો તમને શો આનંદ પડતો હશે ! બળ્યું હું તો તમારાથી હારી.

સખી. ૧-કહેને પેલા મદનથી કે જેણે યૌવન પારણે સુવાડી ત્હને ઝોલાં ખવરાવવા માંડયાં છે.

પ્રમિલા-બસ, હવે ચાલો, વખત ઘણો વીતી ગયો છે, માટે ઘર તરફ વળીએ.

સખીઓ-હા ચાલો.

(એકાએક પાસેના ઝરા આગળ ખળભળાટ થાય છે અને આગળ સિંહ તથા પાછળ સુરેન્દ્ર પ્રવેશ કરે છે. સિંહના પર તીર મારતાં તીર ખાલી જાય છે, અને સિંહ પાછો ફરી સુરેન્દ્ર પર તલપ મારે છે. ભય સમીપ આવેલું જોઇ સુરેન્દ્ર મૂર્છાવશ થાય છે. રાજકુમારી પ્રમિલા સિંહને તીરથી ઠાર કરે છે. સખીઓ ભયભીત થઇ નાશી જાય છે.)

પ્રમિલા-(મૂર્છાગત સુરેન્દ્ર પાસે જઇ પ્રેમ ભરી દ્રષ્ટીથી.)

આહા ! આ સાક્ષાત્ કામદેવ સમાન રૂપવાન દેખાતા ગુણવાન અને કાંતિમાન યુવાન કોણ હશે ? કયા કુળના દીપક હશે ? કયા રાજ્યનું ભૂષણ હશે ? વાહ, શું મનોહર સ્વરૂપ ! સઘળી વસ્તુઓમાંથી આકર્ષાઈ જાણે સૌન્દર્ય અહીંઆંજ ભેગું ન થયું હોય ! આહા ! વળી,

નવી યુવાના પ્રારંભ સમયે જોબન ગતિ પુષ્પ ધનુષી જાતે

મનહર ઝરાના શીતળ પવનથી ધીરે ધ્રુજંતા મુછદોરે મારે
કાળી મુંવાળી અતિ તેજવાળી રૂપાળી દાઢી ને આ ભ્રમર બે
હિમાંશુના લક્ષ્મ મલીન માફક મુખકેરી શ્રીમાં વૃદ્ધિ કરે છે.

અરે ! પણ ચાલ, આ પાસેના ઝરામાંથી જળ લાવી એમને છાંટી મૂર્છામાંથી તો મુક્ત કરૂં. (ઉપર કહ્યા પ્રમાણે કરે છે.)

(પાણી છાંટવાથી સુરેન્દ્ર આળસ મરડી બેઠો થાય છે.)

સુરેન્દ્ર—(બેભાન અવસ્થામાં)

કયાં ગયો તે સિંહ પાપી, ભય મુજને અતિ આપીને;
પુરો કરૂં મુજ તીરથી, બતાવો કોઇ દુષ્ટને.

પ્રમિલા—મહારાજ, શાંત થાવ,

સતાવનારો આપને એ, પાપી તો પહોંચી ગયો;
આ જહાન છોડી અન્યનો, હંમેશનો ભોગી થયો.

સુરેન્દ્ર—(પ્રમિલા તરફ દૃષ્ટિ કરી) આપ કોણ છો ?

છો સુંદરી આ જગતની કે, દેવી છો કોઇ વનતણી ?
છો ભૂત યા પિશાચ કે, અધિષ્ઠાત્રી છો આ વનતણી ?

પ્રમિલા—નવ ભૂત કે પિશાચ હું, નહિ પ્રાણી હું કોઇ સ્વર્ગનું;
પણ મનુષ્ય હું આ જગતનું, દેવી પૂજવાર્થે આવી છું.
અહીંઆં દીઠા મેં આપને, એ દુષ્ટનું ભક્ષજ થતા,
અબળા કરી સબળા પ્રભુએ, રોકીઆ સ્વર્ગે જતા.

સુરેન્દ્ર—ઉગારી આ મુજ પ્રાણને, આપે અતિ સાહસ લઈ;

બદલો કહો શો આપું હું, નથી યોગ્ય તો વસ્તુ કંઇ.
પ્રમિલા–અરેરે આમ શું બોલો, ઘણી છે વસ્તુઓ દેવા;
સુરેન્દ્ર--આપીશ માગશો તે હું, કહો ઇચ્છા છે શું લેવા ?
પ્રમિલા–કહો છો માગવાનું તો, મુકી મર્યાદ યાચું છું;
બચાવ્યો દેહ જે છે મેં, ઘો તો તેજ માગું છું.

સુરેન્દ્ર--અરે આ શું ?

પ્રમિલા—બસ એજ, વચન આપી ચુકયા છો.

સુરેન્દ્ર--પણ ન્યાત કે જાત પુછ્યા વિના સંબંધ શો ?

પ્રમિલા—હું ધારૂં છું કે તમે ક્ષત્રી છો, અને હું પણ એક ક્ષત્રિ બાળા છું-મહારાજા ક્ષત્રી કુલદીપક મગધેશની કુમારી છું.

સુરેન્દ્ર—શું મહારાજા નંદની કુમારી ? ત્હમારા પિતાને પુછ્યા વિના સંબંધ થઇ શકેજ કેમ.

પ્રમિલા—તેમાં પિતાને પુછવાનું શું ?

હજારો અન્ય વસ્તુમાં જનક આધીન અપત્ય રે' છે, પણ જીવનના સાથીને જોતાં નીજેચ્છાએ વર્તે છે. વળી લગ્ન એ સ્ત્રી પુરૂષનાં અંતઃકરણની ગ્રંથી છે, અને તે ગ્રંથી ફક્ત ચક્ષુરાગથીજ બંધાય છે. માટે આપને જો વચન ભંગ કરવાની ઇચ્છા હોય તો ભલે ચાલ્યા જાવ, હું તમને રોકતી નથી.

સુરેન્દ્ર—(સ્વગત) હવે આનું શું કરવું ? (જરા વિચાર કરી) (પ્રકાશ) ઠીક એમ છે તો ત...મા...રી માગણીનો સ્વી...કાર કરૂં...છુ.

પ્રમિલા— કર્મ સૌ પુર્વનાં ફળીઆં,
પ્રીતમ મનના માન્યા મળીઆ;
સુરેન્દ્ર— ભવાબ્ધિ તારક તો મળીઆં,
સુખદ અમૃત ચોઘડીઆં.
પ્રમિલા— વિસરી ના જશો શાણા,
પ્રીતમજી પ્રેમનાં નાણાં.
સુરેન્દ્ર— ભુલાયે કેમ તે ભામા,
જડેલા બંધ તે શ્યામા.
પ્રમિલા— વચન મન કર્મથી જડીઆં— પ્રીતમ.

(સખીઓ પ્રવેશ કરે છે)

સખીઓ— વધાવી લેવા સૌ સખીઓ,
આવી ભરી પુષ્પ છાબડીઓ;
સ્વીકારો સ્નેહે વરમાળા,
સખી વર શ્યામ રૂપાળા.

(પ્રમિલા વરમાળા પહેરાવા જાય છે.

આ વખતે સુરેન્દ્રની ગત પત્નીનું રૂહ દેખાય છે અને સુરેન્દ્રની દૃષ્ટિ સામા નીચેના અક્ષરો દેખાય છે.

" સંભાળ—આની સાથે પ્રેમ કર્યો તો ત્હારો કાળ છે. "

સર્વે સ્તબ્ધ બની ઉભાં રેહે છે.

આજ વખતે એકાએક મલયકેતુ આવી ચઢે છે.)

મલયકેતુ—અરે ! આ શું ? આ રંભાતુલ્ય રતી સાથે સુરેન્દ્ર કાગ—
અને મારી આશામાં સડસડતી આગ.

(મલયકેતુ પણ પ્રેત જોઈ સ્તબ્ધ થઇ ઉભો રહે છે.)

પંચમ પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ રાજમેહેલ.

પાત્રો:-હેલન, ડાયેના, નંદ, સીપાઈ વિગેરે.

ચંદ્રગુપ્તના વિરહમાં ઝુરતી હેલન. નંદનું આવવું. પ્રેમની માગણી. માગણીનો તીરસ્કાર. અનાથ બાળાને ન માને ત્યાં સુધી કારાગૃહમાં નાખવાનો હુકમ. સખી સાથે ચંદ્રગુપ્ત પર પત્રદ્વારા સંદેશો.

(હેલન તથા ડાયેના પ્રવેશ કરે છે.)

હેલન—

"લગાવી મોહની પ્યારા," હવે કહો શું વિચારો છો ?
બનાવી પ્રેમની જોગણ, ક્ષુધાથી શીદ મારો છો ?
પાઇ અમૃતતણી પ્યાલી, નમેરા નાથ શે થાઓ;
હૃદયમાં આગ લાગી છે, દઇ નીજ દર્શ બુજાવો;
અરે ઓ નાથ મુજ કપટી, કઠીન હૈયું કરો શાને;

સુકાવો શીદને નાહક, મનોહર પુષ્પ કુમળાને.
સુકોમળ આપનું મુખડું, ન દેખી હું સદા દુઃખી,
લગન એ મુખની લાગી, ન તે વીણ હું કદી સુખી.
કરવું આમ જો ધાર્યું, કરી શીદ પ્રીતડી ખોટી;
ચકોરી શીદ તલસાવો, અમીની આશ દઇ મોટી.

(એકદમ બેબાકળી થઇ જાય છે.)

ડાયેના—બ્હેન, શાંતિ રાખ, આમ ગાંડા શું કાઢે છે? શોક કરી કરીને તો,

તેજી મુખની વહી ગઇ, પાણ્ડુતા પ્રસરી દીસે;
દેહલતા સુકાઇ ગઇ, ચીંતાભાર અતિ શીષે.
પ્રિય વિરહથી વિહવળ થઇ, વૃથા શીદ મુઝાય છે;
જાણી જોઇને શોકાર્ણવમાં, શીદને ડુબકાં ખાય છે.

હેલન—બ્હેન, શું કરૂં.

રોમાંચ ક્ષણ મુકે નહિ, શ્વાસોશ્વાસ વહે મુખે;
જોવા પ્રીતમ તલસતાં, ચક્ષુ નવ નીમેષ લે.
અખંડિત વહે અશ્રુધારા, કંઠ પણ સુકઇ ગયો;
ઉજાગરાથી સ્વપ્નમાં પણ, સમાગમ દુર્લભ થયો.

ડાયેના—પણ આમ ફરી ફરીને જીવ બાળવાથી તે વળી દુઃખનો અંત આવતો હશે? ધીરજ રાખી ઈશ્વરનું સ્મરણ કર એટલે સો ભુલી જવાશે.

હેલન—ભૂલી તે ક્યાંથી જવાય,

કાયા પીંજરે ચંચળ પક્ષી, મનરૂપી તોફાની જે;
ઇષ્ટ વસ્તુનું શોધન કરવા, તરફડીઆં બહુ મારીને.
તોડી નાંખ તું અવયવ શળીઆ, પાંખો નીજ ફફડાવીસો;
અસહ્ય દે દુઃખ ઘોર અતિશે ધીરજ શી રીતે ધરૂં.

(જરા આવેશમાં આવી જાય છે.)

ડાયેના—(સ્વગત) આહા ! પ્રેમ, પ્રેમ, સંસારમાં ત્હારી ખુબી ન્યારી છે, સત્ય છે કે,

"પ્રેમાંધો જીવ કોટીધા ઝુરી મરે, પ્રેમાંધના પાસમાં;
આશા નાશ થયે કદાપી નવતે, છોડે મહા ત્રાસમાં.
પીડા દેહ સહે ત્યજે ગૃહ તથા, સંસાર સૂના કરે;
તોયે પ્રેમી જીવ કદી ન અટકે, અંતે દુઃખોથી મરે."

(દાસી પ્રવેશ કરે છે અને નંદરાજાના આગમનની ખબર આપે છે).

ડાયેના-(હેલન પાસે જઈ) બ્હેન સાવધથા, મહારાજા પોતે પધારેછે.

(નંદ પ્રવેશ કરે છે).

નંદ-કેમ ડાયેના, ત્હારાં બાઇ સાહેબતો મઝામાં છે ને ?

ડાયેના-(સ્વગત) અરે? આની હીલ ચાલ તથા ભાષામાં કાંઇ ભેદ લાગે છે. પણ ફીકર નહિ. (પ્રકાશ) મહારાજ મગધદેશના આશ્રય નીચે વળી મઝા શી પુછવી ?

હિંદ દેવી છે ભાર્યા જેની લક્ષ્મિ રે'છે હુકમમાં
તાત સમીપે અપત્ય સમ પ્રજા કરે ફરિઆદ જ્યાં

રાજ દંડ નીજ હસ્ત વીરાજે સર્વને કરતો સુખી
એવા ભારત સિંહનું આશ્રિત કયાંથી હોય દુઃખી

નંદ—જયારે આપના જેવા પરદેશી પણ અમારા વિષે આવો અભિપ્રાય આપે છે તો પછી અમારે માનવું જોઇએ કે "રાજા" એ શબ્દ અમને બરોબર છાજેજ છે.

ડાયેના—હા, પણ અમને હવે અહીંઆંથી મુકત કયારે કરવાના છો?

નંદ—તમારે અહીં કંઇ દુઃખ નથી તો પછી મુકત થવાની શી ઉતાવળ?

ડાયેના—દુઃખતો નથીજનો, પણ સ્વજાતિ સંસર્ગ અને માતા પિતાના પ્રેમ સાથે પારકે ઘેર પારકા દેશની જાહોજલાલી અને સાંયબીની ખેંચતાણમાં પેહેલી બે વસ્તુઓનું આકર્ષણ વધારે બળવાન છે, અને વળી

વિદેશના વૈભવ થકી મનડું નવ નિશ્ચિંત રહે
નીજ દેશના એક નામથી પણ રગેરગ આનંદ વહે.

નંદ—પણ સ્ત્રીઓને તો પતિનું મુખ જોઇનેજ રગેરગ આનંદ વહે છે કારણ કે

જયમ માનસરોવરને ત્યજી હંસી સુખે ચરતી નથી,
ત્યમ પિયુ વિખુટી પ્રેમદા સુખે કદી સુતી નથી.

ડાયેના—(સ્વાગત) આહા ! મારી ધારણા ખરીજ પડતી જાય છે, દુષ્ટની બુદ્ધિ બગડેલીજ જણાય છે. (પ્રકાશ) હા એતો સત્યજછે કે,

જયમ દીપક વિણ પતંગીયું વર્ષા વિના ચાતક ઝુરે
ચંદ્ર વિનાનું ચકોરને જયમ મત્સ્ય વારિ વિના મરે

દિવસ મણિ જોયા વિના કમળ જેમ કરમાય છે
રજનિ નાથ વિના કુમુદ ત્યમ પિયુ વિણ સ્ત્રી અકળાય છે.
નંદ–જોબન મદથી મસ્ત બની જો પિયુ વિણ સ્ત્રી અકળાય છે,
તો પિયુ ઉભેલો આ રહ્યો હેલન શીદ મુંઝાય છે.

હેલન–બસ કર હરામી, ત્હારી કેદી બની તેથી ફસાવવા માગતો હશે કેમ ?

નંદ–વાહ, શા મધુર શબ્દો ! કવિઓએ બરોબર વિચાર કરીનેજ કહ્યું છે કે સ્ત્રીના મુખમાં હમેશાં અમૃત વસે છે. કારણ કે

અતિશે ગુસ્સે થઇ ઉગ્ર સ્વરૂપ ધારી
વદે છે વાણી પણ છે બહુ મોહકારી
જગતનાં પાપો જોઇ ક્રોધથી થાય રાતો
સવિતા સંધ્યાનો તોયે સુંદર સુહાતો.

ડાયેના–ભુલે છે પાપી તું સ્ત્રી વાક્‌ને મીઠી લે'તાં
અતીશે મનહરતો સંધ્યા ભાનુને કેહેતાં
નકી છે પેહેલામાં નર્કનો અંધકાર
અને બીજા મધ્યે ઘોર તીમીર પ્રચાર.

નંદ–ભલે હો દુઃખ ઘોર નર્કનું કળાંતરની વાત એ
પણ રમણીનો તો સ્પર્શ માત્ર સુખ સ્વર્ગનું સાક્ષાત છે.

હેલન–મુકી રખડતી રાણીઓ નીજ રંગ ભુવનની મહી
કેહેતાં હરામી શબ્દ આ તુજ જીભ કેમ ન પડી ખરી.

નંદ–તારા અસંખ્ય આકાશમાં પણ ચંદ્રતો ફકત એક છે.
શબ્દો અતિ મૃદુભાષિણી તુજ રૂક્ષ પણ બહુ પ્રિયમને

ગડભાંજ મુકી સુંદરી તું ઝટ હવે તો માનીજા
મગધેશ કેરી પ્રિયતમા ને હિંદની મહારાણી આ.

હેલન--બસકર હવે ઓ દુષ્ટ તું શીદ નફટ થઇ નફટાઇ કરે
ઝાંઝવામાં વારી ધારી શીદ મીથ્યા આથડે
સિંહ મૂછ ધન કૃપણનું ભોરીંગ શિર તણો મણી
મુઆ પછી પર કર ચઢે ત્યમ પ્રાપ્તી આ હેલન તણી.

નંદ–સુંદરી, વિચાર કર, હઠીલી ન થા તું જાણે છે કે તું ક્યાં અને કેવી સ્થીતિમાં છે ?

હેલન–હા, ચંડાળ જાણું છું, ઘણીજ સારી રીતે જાણું છું કે હું અત્યારે ત્હારા જે બહારથી મનોહર પણ અંદરથી પાપ રૂપી મલીનતાથી ભરેલા ત્હારાજ મેહેલમાં છું અને દુર્દૈવે ત્હારી કેદી બનીછું; પણ હરામી એટલું તો સત્યજ માનજે કે

હારો ભય થકી હેલન
કદી નિર્બળ નહિ થાશે
અર્પી ચંદ્રને જીવન
કદી નવ અન્યને ચા'શે.

નંદ–(સ્વગત) અરે આતો ચંદ્રગુપ્તને ચાહે છે ! પણ ફીકર નહિ, હમણાં ઠેકાણે લાવું છું. (પ્રકાશ) શું અન્યને નહિ ચા'શે તો મેહેલ છોડી કારાગૃહમાં જાશે ?

હેલન–શું કારાગૃહની બીક આપી ડરાવા માગે છે ?

ભલે તું નાંખ કારે ગૃહ ફુંકીને માર ઓ પાપી
કરી દે દેહને કટકા ભલે તું બાળ સંતાપી.
ક્ષણ ભંગુર છે દેહ આ નથી કંઇ તે તણી પરવા,
ન ઇચ્છુ સ્વપ્ન વિષે પણ શીયળનો ભંગ હું કરવા.

નંદ—ઠીક નહિજ માને (મેહેલના દ્વાર તરફ દ્દષ્ટી કરી) સીપાઇ

(સીપાઇ પ્રવેશ કરે છે.)

સીપાઈ—મહારાજ આજ્ઞા.

નંદ—જા, આ નાદાન છોકરીને કિલ્લા નીચેના ભોંયરામાં લઇજા અને બને તેટલી રીતે રીબાવ. (હેલન તરફ દ્દષ્ટિ કરી) બસ હવે જોઉં છું કે તું કેવી નથી માનતી ? (નંદ જાય છે).

સીપાઈ—આહા ! આશું ? આવી મનોહર રમણી પર મહારાજાનો કોપ શા માટે ? બાપરે, આનેતે એ ભયંકર ભોંયરામાં કેમ રખાય ?

હેલન—અરેરે ! ચંદ્રગુપ્ત, પ્રિય ચંદ્રગુપ્ત, તમારા છતાં મારી આ દશા ! આહા પિતાજી, તમારા જેવા પાલક છતાં મારે આ દુઃખ ! હાય, તમને ક્યાંથી ખબર હશે કે હેલન-તમારી લાડકી હેલન આમ પીડાય છે.

(એકદમ મૂર્છિત થાય છે). (સીપાઈ સ્તબ્ધ થઇ ઉભો રેહે છે.)

ડાયેન—બ્હેન, આમ નીરાશ શું થાય છે, ધીરજ રાખ કહ્યું છે કેઃ—

“ કંઇ લાખો નીરાશામાં અમર આશા છુપાઇ છે; ”
વિજયની શ્રી સદા આશા તણા તારે બંધાઇ છે.

આશા બીજને વાવી, ઉદ્યમથી પાન શ્રદ્ધાનું;
કરાવો જો કદી તેને, વિજય ફળ છેજ ફળવાનું.

હેલન—(મૂર્છા વળતાં) શ્રદ્ધા શી રાખું ? ઉદ્યમ શો કરૂં ?

ડાયેના—ચંદ્રગુપ્તપર ચીઠ્ઠી લખી મોકલ.

હેલન—કોની સાથે ?

ડાયેના—પ્રાણ ગયે પણ આ દેહ ત્હારે જે મદદ જોઇએ તે કરવા તૈયારજ છે. સખીત્વ સ્વીકાર્યું છે તો સખી કૃત્ય કરવા ત્હારો તાબેદારજ છે.

હેલન—બ્હેન, તને મોકલતાં મારો જીવ નથી ચાલતો. તું જશે તો પછી મારી એકલીની શી દશા ?

ડાયેના—પણ સંકટ વખતે સૌ સહન કરવું પડે છે.

હેલન—એતો ખરૂં, પણ તું એકલી વગર ઓળખાયે જઇશ શી રીતે ?

ડાયેના—(સીપાઇ તરફ દૃષ્ટિ કરી) ભાઈ જો તને આ બે દુઃખી બાળાઓની દયા આવતી હોય તો આ મહેલમાંથી ગમે તેમ કરી પુરૂષનાં વસ્ત્ર ન લાવી આપે ?

સીપાઇ—અરે ! તેમાં વળી દયા શી ? દુઃખીને મદદ કરવી તેતો સૌ કોઇનો ધર્મ છે. માટે બ્હેનો ગભરાશો નહિ, હું તમારી ઇચ્છા પૂર્ણ કરૂં છું.

(સીપાઈ જાય છે).

ડાયેના—ચાલ બ્હેન હવે ચીઠ્ઠી તો લખ.

(હેલન પોતાની આંગળીપર ઘા કરી લોહી કાઢી આંગળીવડે એક લુગડાના કટકા પર ચીઠ્ઠી લખે છે. ડાયેના સીપાઇની રાહ જોતી ઉભી રેહે છે.)

હેલન--(ચીઠ્ઠી ધરી) લે, આ ચીઠ્ઠી. તેમને હાથોહાથ આપજે અને મારી દશાનું બરોબર નિવેદન કરજે. (ડાયેના ચીઠ્ઠી લે છે). (સીપાઈ આવે છે)

સીપાઇ--લ્યો બ્હેન, આ વસ્ત્રો, પહેરી સુખેથી ચાલ્યાં જાવ.

હેલન--ભાઇ લે આ ત્હારી મેહેનતનો બદલો. (પોતાની માળા કાઢી તેને આપે છે). (સીપાઇ ઉપકાર ભરી દૃષ્ટિથી તે ગ્રહણ કરે છે).

ડાયેના--બ્હેન રજા લઉં છું. હિંમત રાખજે નીરાશ થઇશ નહિ.

(જાય છે).

હેલન--આહા ! શો સ્નેહ ! મારે માટે પોતાની જીંદગીને પણ જોખમમાં નાખતાં પાછી પની કરતી નથી. ખરેખર ખરૂં સ્નેહી તો એજ કે જે,–

સદા સુખ કે દુ:ખમાં, શત્રુ વિગ્રહની મહીં;
રાજદ્વાર કે સ્મશાનમાં, ઉભું રહે પાર્શ્વે જઇ.

(હેલન તથા સીપાઇ જાય છે.)

પ્રવેશ ૬ ઠ્ઠો સમાપ્ત.

પ્રવેશ ૭ મો.

સ્થળ. બીઆસ નદી.

પાત્રો:—ચંદ્રગુપ્ત, ચાણુકય, ડાયેના પર્વતેશ્વર, સીકંદરનો એલચી વિગેરે.

નૌકા વાટે સીકંદરનો સામે કીનારે ઉતરવા પ્રયાસ. ચંદ્રગુપ્તે તેને અટકાવી પાછો કાઢવો. સીકંદરનું સલાહ માટે કેહેણ. ચાણુકયનું આગમન. નંદકુળનો નાશ કરવા ચંદ્રગુપ્તને સમજાવવો. સ્વામીભકિતનું ખરૂં ચીત્ર. નંદના જાસુસનું પત્ર લઇ આવવું. પત્ર વાંચી ચંદ્રગુપ્તનું આંદોલન હેલનની સખીનો પુરૂષ વેષે ચીઠ્ઠી સાથે પ્રવેશ. ચીઠ્ઠી વાંચી નંદ વંશનો નાશ કરવા દ્રઢ સંકલ્પ. પર્વતિશ્વરનું આવવું. ચાણુકયે તેને સમજાવી મદદમાં લેવો. ત્રીપુટીનું મગધદેશ પ્રતિ પ્રયાણ.

(સીકંદરને બીઆસ નદી ઉતરતાં અટકાવી પાછો કાઢી).

ચંદ્રગુપ્ત—શત્રુ હાર્યો અને પાછો ફર્યો. હવે તો હમણાં સલાહને માટે કેહેણુ આવશે, અને ભારતદેશમાં પરાધીનતાનું ઉગતુંજ બીજ નાશ પામશે.

ખરેખર મે'ર ઇશ્વરની, અમારાપર અતિશે થઇ;
સીકંદર તો ફર્યો પાછો, હવે ભીતિ જરી ના રહી.
શુરા હિંદુ વીરો કેરી, અમર કીર્તિ અખંડિત રહી;
મનોહર હિંદ ભૂમિની, પ્રતિષ્ઠા તો પવિત્રજ થઇ.

(સીપાઇ પ્રવેશ કરે છે).

સીપાઇ—મહારાજ, શત્રુ તરફથી સલાહને માટે સંદેશો લઇ એલચી આવ્યો છે.

ચંદ્રગુપ્ત—ઠીક તેને આવવા દે.

સીપાઈ—જેવી આજ્ઞા, (સીપાઇ જાય છે).

(એલચી પ્રવેશ કરે છે તથા સીકંદરના હાથની ચીઠ્ઠી ચંદ્રગુપ્તની સન્મુખ ધરે છે,)

ચંદ્રગુપ્ત—(ચીઠ્ઠી નીચે પ્રમાણે વાંચે છે.)

હિંદના રાજાધિરાજ ચક્ર સુડામણિ નંદરાજાના બાહોશ સરદાર ચંદ્રગુપ્ત,

અમારી મીજલસ વખતે એકાએક છાપો મારી અમારા સરદાર સેલ્યુકસના કુટુંબને આપે પકડેલું છે, તે અમારે હવાલે કરશો તો અમે પાછા ફરવા કબુલ છીએ.

લી. ગ્રીસનો સીકંદર.

ચંદ્રગુપ્ત—

(પત્ર વાંચી રહી જરા વિચાર કરી એલચી તરફ જોઇને) જાવ, તહમારા મહારાજાને કેહેજો કે અમારા મહારાજ નંદને પુછ્યા વિના સેલ્યુકસનું કુટુંબ પાછું આપવામાં આવશે નહિ.

(એલચી જાય છે.)

ચંદ્રગુપ્ત—આહા! શત્રુ સેલ્યુકસના કુટુંબને પાછું માગે છે, અને તે તો હેલનજ ત્યારે શું તેને પાછી આપવી? અરે! એ તે કેમ બને?

યુગલ નાનું પડે જુદું, કદી જો ચક્રવાકોનું;
ત્યજે છે પ્રાણ પોતાનો, વિરહવહ્નિ વિષે બળતું.
મહીમા પ્રેમનો જ્યારે, વસે પક્ષી વિષે એવો;
કળાયે કહોને શી રીતે, મનુષ્યોમાં હશે કેવો !

માટે ગમે તેમ થાય પણ હેલનને તો પાછી નહિંજ આપું. પ્રિયાને ત્યાગી પસ્તાવા રૂપી આગમાં બળી મારા તથા તેના જીવનની દોરી નહિંજ કાપું.

ન આપું પાછી હું હેલન ભલે મુજ પ્રાણ પણ જાયે;
પ્રણયની ગાંઠ બાંધેલી, વછુટી કેમ સે'વાયે.
છબી કાઢેલી કાગળપર, વખત જાતાં તો ભૂસાયે;
હૃદયમાં કોતરેલી તે, કહોને કેમ વીસરાયે.

(ધુંધવાતો ચાણક્ય પ્રવેશ કરે છે).

(ચંદ્રગુપ્ત તેના તરફ ચકિત થઈ જોઇ રહે છે).

ચાણક્ય—

પવિત્ર દેશ ભારતમાં, થયા રાજન હજારો જે;
ચાલ્યા સત્યને પંથે, નીતિ કેરા ભંડારો તે.
બન્યા છે હાલ બહુ દંભિષ્ટ, ભુલ્યા છે ભાનને રીતિ;
પ્રલયનો કાળ છે આવ્યો, ફરી ગઈ તેમની બુદ્ધિ.

અરેરે ! જ્યાં માંધાતા જેવા મહાન્ મહિપતિઓ થયા, અને સતયુગનું આભૂષણ કહેવાયા—જ્યાં રામ જેવા સદ્ધર્મિ રાજાઓએ પ્ર-

જાને અપત્ય સમાન લેખી અને પ્રજાનાજ સંતોષને માટે પવિત્રતાની દેવી જાનકીને પણ ત્યાગી ત્રેતાયુગમાં પોતાનું નામ અમર કર્યું–જ્યાં યુધિષ્ઠિર જેવા સત્યવાદી રાજાઓએ સત્યને પથે ચાલી, બ્રાહ્મણોને માન આપી, અને પ્રજાનાં અનેક દુઃખનું નીવારણ કરી દ્વાપર યુગની રેતીમાં પવનનાં ભારે વાવાઝોડાથી પણ ન ભૂસાય એવાં અવિચળ પગલાંનું સ્થાપન કર્યું–તેજ ભૂમિમાં અને તેજ સ્થળમાં હાલ નંદ જેવા મદાંધ રાજાઓએ ઉત્પન્ન થઈ બ્રાહ્મણોને પાળવાને બદલે અપમાન રૂપી દાવાનળમાં બાળવાનો ધંધો શરૂ કર્યો છે તો પછી ભારતદેશનો નાશ કરવા કળીયુગરૂપ ધુમ્રકેતુજ ઉગ્યો છે તેમાં શો સંદેહ !

ચંદ્રગુપ્ત—(પાસે જઈ) **મહારાજ આ શું બોલો છો ? ભારતદેશનો નાશ કરવા આવનાર સીકંદર રૂપી ધુમ્રકેતુને તો હિંદરૂપી સૂર્યનારાયણનાં તેજસ્વી કીરણોએ ક્યારનોએ ઝાંખો કરી નાંખ્યો છે.**

ચાણક્ય—ભાઈ સીકંદર તો ઝંખો થયો, પણ પેટજ ફાટ્યું ત્યાં પાટો ક્યાં બાંધવો ! નંદ જેવા ચક્રવર્તિ રાજાઓએજ દેશની પવિત્રતા ખુંદી નાંખવા મંડી ત્યાં આશ્રય કોનો માગવો ?

ચંદ્રગુપ્ત—નંદ રાજાએ દેશની પવિત્રતા ખુંદી નાંખવા માંડી એમ આપ શા ઉપરથી કહો છો ?

ચાણક્ય—શા ઉપરથી કહું છું ? આશ્રય ઇચ્છવા બ્રાહ્મણને આસનપરથી ઉઠાડી મુક્યો તેપરથી કહું છું–ભરી સભામાં નીર્દોષનું અપમાન કર્યું તે પરથી કહું છું.

ચંદ્રગુપ્ત--મહારાજ, તેમાં આમ અકળાઓ છો શા માટે ? આપના જેવા વિદ્વાન બ્રાહ્મણોએ તો અપમાન સહન કરી શાંતિનું સેવન કરવું જોઇએ.

ચાણક્ય--શું શાન્તિ !

શાન્તિ મારી છે હવે, દંડ દુષ્ટને દેવામાં;
અપમાન મારૂં છે થયું તો, સાર્થક બદલો લેવામાં.

ચંદ્રગુપ્ત—વારૂ, બદલો શી રીતે લેશો ?

ચાણક્ય—

કરી નિકંદન નંદનું, ન રાખું નીશાની નામ;
રાજા કરવો અન્યને, તેજ હવે મુજ કામ.

ચંદ્રગુપ્ત--તમે તો એકલા છો અને આ બધું કરશો શી રીતે ?

ચાણક્ય--ચંદ્રગુપ્ત જેવા મહાન્ અને નીતિમાન સેનાપતિની મદદથી.

ચંદ્રગુપ્ત--શું ચંદ્રગુપ્ત તમને મદદ કરશે ? જેનું લુણ ખાધું તેનોજ નાશ કરશે ?

કરી નીકંદન નંદનું, ચંદ્રગુપ્ત કયાંથી કરશે !
નીમકહરામ કરી કદી, નવ નર્કતણે પંથે પળશે.

ચાણક્ય—

પાપીને શિક્ષા કરવી, તેમાં શી નીમકહરામી છે;
દુષ્ટ મનુષ્યને સેવવો, તે સેવા નહિ-ગુલામી છે.

ચંદ્રગુપ્ત-ભલે ગુલામી કહો કે ગમે તેમ પણ,

સિંહનુ બાળ ભુખે મરે કદી તૃણ નવ ખાય
સેવક ખરા આપત્તિમાં નીચ માર્ગે નવ જાય
દુષ્ટ હોય નીજ શેઠ પણ સેવા તો કરવી પડે
"તપે તાપે તોયે સુખડ ન સુગંધી પરહરે."

ચાણકય-સેનાપતિ, તે સઘળું જવાદ્યો, અને એક બાજુ નીચ માણુસની નોકરી તથા બીજી બાજુ રાજલક્ષ્મિ છે તો જે વધારે ફાયદા કારક હોય તે ઉઠાવીલ્યો.

ચંદ્રગુપ્ત—અહા ! રાજલક્ષ્મિ—અને તે જેણે પાળી પોષી મોટો કર્યો તેનેજ મારીને ? ધૂળ પડી તે રાજલક્ષ્મિમાં અને લોભમાં અંજાઈ પોતાનાજ અન્નદાતાને મારવા જાય તેના જીવતરમાં.

ચાણકય-વિચાર કરો, અને કહું છું તે ચિત્તમાં ધરો. નંદરાજા તે ઝેરી નાગ છે. તે તમારી સેવાની બુજ નહિ કરે. તે તો કોઇ દિવસ તમનેજ દગો દેશે. માટે આવો અમુલ્ય દાવ ઇશ્વરે આપ્યો છે તેને આંખ મીચી ન છોડો અને રાજલક્ષ્મિને ન વખોડો. રાજ-લક્ષ્મિ તેતો સુખ રૂપી ચંદ્રમાનું શીતળ રશ્મિ છે. સાંભળો,

રાજલક્ષ્મિ હોય તો, મુગાને વક્તા કહે છે;
રાજલક્ષ્મિ હોય તો, અંધને જો તો લે' છે.
રાજ્ય વિના સુખ કાંઇ નહિ, રાજા પૃથ્વીનો ધણી;
રાજ્ય વિષે વસતી ત્રિપુટી છે, ધન વૈભવ કીર્તિતણી.

ચંદ્રગુપ્ત—

ભલે સુખ સૌ વસતું રાજ્યે, રાજ્યને ચા'તો નથી;
સ્વામી મારો તાજ લોભે, બેવફા થાતો નથી.
સાચા સેવક તે ખરા, સેવામાં મશગુલ રહે;
નીમકહલાલી આગળે, જીવતર ગણે નીજ ફૂલ જે.

ચાણક્ય—

સેવ્યાથી શું કાઢશો, છે સેવા ભારો દુઃખતણો;
કરી નીચની નોકરી, સ્વાતંત્ર્ય ના હાથે હણો;
નવ સ્વતંત્રતા સમ સુખ કંઇ, પરતંત્રતા દુઃખ મૂળ છે;
પરતંત્ર થઇને જીવવું તો, પડી જીવતરમાં ધૂળ છે.

ચંદ્રગુપ્ત—

જન્મીને સંસારમાં, સ્વતંત્ર સૌ હોતા નથી;
સ્વાતંત્ર્ય અર્થે ભૃત્ય સાચા, સ્વામીને હણતા નથી.
સેવા ઉઠાવી શેઠની તો, કરવી તે નિઃસ્વાર્થ રહી;
એજ ભૂષણ એજ કીર્તિ એજ સીડી સ્વર્ગની.

ચાણક્ય—

સેવા કરવી હોય તો કરો નહિ નીચ શેઠની
સાર્થક કરવું હેય તો સેવા સ્વીકારો દેશની.

ચંદ્રગુપ્ત—

માતૃભૂમિ હિંદનો હમેશ તાબેદાર છું
દેશ અર્થે પ્રાણને પણ ત્યાગવા તૈયાર છું.

ચાણક્ય—

દેશ અર્થે પ્રાણને જો ત્યાગવા તૈયાર છો
તો દેશદ્રોહી નંદને માર્યા પછીજ કૃતાર્થ છો.

ચંદ્રગુપ્ત—શું દેશદ્રોહી ! કોણ નંદ દેશદ્રોહી ?

ચાણક્ય—હા નંદજ દેશદ્રોહી—વિદ્વાન બ્રાહ્મણોનું અપમાન કરી અનીતિને પંથે પળી દેશનીજ પ્રતિષ્ઠાપર પાણી ફેરવનાર દેશદ્રોહી નહિ તો બીજું શું ?

(ચંદ્રગુપ્ત જરા વિચારમાં પડેછે. અને નંદનો જાસુસ ચીઠ્ઠી સાથે પ્રવેશ કરે છે.)

જાસુસ—(એકદમ અજાણતાં) મહારાજ મગધેશે સીકંદરને શું લખ્યું હશે ?

ચંદ્રગુપ્ત—(ચમકી) શું મંગધેશે સીકંદરને શું લખ્યું હશે ? ચાલ સાંભળવા દે.

જાસુસ—(લાવ જોઉં તો ખરો) પણ બે માણસના ખાનગી પત્ર વ્યવહારમાં ત્રીજાએ હાથ ઘાલવો ઉચીત નથી. (જરા વિચાર કરી) અરે ચાલ, એમાં તે શું ! કોણ જાણનાર છે.

(પત્ર ઉઘાડી મનમાં વાંચે છે.)

(પ્રકાશક અહા ! મહારાજે સેનાપતિ ચંદ્રગુપ્તને પંઝાબની સુબાગીરી આપી તે કેવી અને અહી સેલ્યુકસને આપે છે તે શું ?

ચંદ્રગુપ્ત—શું સેલ્યુકસને પંઝાબનો સુબો નીમે છે,

ચાણક્ય—હા, એ કૃતઘ્નીનાં કૃત્ય તો જેમ જેમ ઉંડા ઉતરશો તેમ તેમ માલમ પડશે.

ચંદ્રગુપ્ત—(જાસુસ પાસે જઈ ચીઠ્ઠી ખુંચી લઈ નીચે પ્રમાણે વાંચેછે.)

સરદાર શિરોમણી સેલ્યુકસ,

મીજલસ વખતે પકડાયેલું તમારૂં કુટુંબ અમારા આશ્રય નીચે સહીસલામત છે. તમારી પુત્રી હેલનના તથા અમારા જીવનની દોરી જો લગ્ન રૂપી ગાંઠથી સાંધી આપો તો પંઝાબની સુબાગીરી અમે તમને આપીએ છીએ. આમાં બંન્નેના હીતનો સમાવેશ થાય છે. તો અમે ધારીએ છીએ કે તમે ના પાડશો નહિ. પત્રનો જવાબ આવેલા જાસુસ સાથે મોકલવા મહેરબાની કરશો એજ.

લી. મગધનો નંદ.

ચંદ્રગુપ્ત—(ચીઠ્ઠી ચીરી નાખી).

આહા ! આ હું શું વાંચુછું ? સેલ્યુકસને પંઝાબની ગાદી અને નંદ સાથે હેલનની સાદી ! ઓ દુષ્ટ, કૃતઘ્ની નંદ, નહોતો જાણતો કે ઉપરથી ચળકાટ મારતું સોનું અંદરથી કથીર હશે–મુખમાંથી અમૃત વરસાવનાર ખુશામતીઆના હૃદયમાં હળાહળ ઝેર વસતું હશે ! સત્ય અને પવિત્રતાના ઝભા ઓથે કપટનું પુતળું સંતાઇ રહ્યું હશે ! ખરેખર આ દીર્ઘ દૃષ્ટિમાન્ ચાણક્યે ભવિષ્ય બરોબરજ ભાખ્યું છે. ત્હારા જેવા નીચ એકદરદાન અને દગલબાજ સ્વામી તરફ વફાદારી છાજેજ નહિ–હીચકારાને હાથે હિંદના નિષ્કલંક તાજની પ્રતિષ્ઠા વાધેજ નહિ ! અરેરે ગધેડાની પીઠપર તે અંબાડી ક્યાંથી શોભે ? રત્ન જડિત સુશોભિત પીંજરમાં કાગડો નજ ઓપે !

ચાણક્ય—સત્ય છે નંદ જેવો કપટી અને અભિમાની રાજા રાજ્ય કરવાની રીત નજ જાણે.

(હેલને આપેલી ચીઠ્ઠી લઇ ડાયેના પુરૂષ વેષે પ્રવેશ કરે છે.)

ડાયેના—મહારાજ, નંદરાજાના પંઝામાં સપડાઇ કારાગૃહનું અપમેય દુઃખ અનુભવતાં સરદાર સેલ્યુકસનાં કુંવરીશ્રી હેલને આપને આ પત્ર મોકલ્યો છે.

ચંદ્રગુપ્ત—શું કારાગૃહ? અને તે હેલનને!

ડાયેના—હા હેલનનેજ આ પત્ર આપને તે ખાત્રી આપશે.

ચંદ્રગુપ્ત—(ચીઠી લઇ નીચે પ્રમાણે વાંચે છે).

પડી છું દૈત્યના હાથે, પીડે છે પાપી બહુ પ્યારા;
લુટે લજ્જા બની નીર્લજ્જ, સતાવે આપની દારા.
ભયંકર કેદખાનામાં અતિ કષ્ટ ગતિ મારી;
જોવા જીવતી હેલન, પધારો પત્ર આ ભાળી.

આહા! હેલન, હૃદયેશ્વરી! ત્હારી આ દશા! ચંદ્રગુપ્ત, તું જીવતો પણ મરેલોજ છે. ત્હારા છતાં તનેજ હૃદય અર્પણ કરી ત્હારા વિના આખા જગતને શૂન્યવત્ જોતી અબળા આટલી બધી પીડાય છે, અને ત્હેના બચાવમાં ત્હારાથી કાંઇ થતું નથી? ફીકર નહિ, એ નંદ, દુષ્ટ. જોકે હવે એક ઘડીમાં ત્હને હતો ન હતો કરૂં છું અને મગધદેશની રાજલક્ષ્મિને વરૂં છું (ડાયેના તરફ જોઇને) ત્હમે જાવ અને તેને ધીરજ આપો, તથા મારા આવતા પહેલાં દુષ્ટ જુલમ ગુજારે તો તેને સ્વર્ગે પહોંચાડો. (ડાયેના જાય છે).

ચંદ્રગુપ્ત—આહા દુષ્ટ,

સુતેલા સિંહ છંછેડી, હવે તો તું જઇશ જ ક્યાં;
પંચાનન મૂછ લેવાનો, કરી યત્ન રહીજ ક્યાં;
મણી ભોરીંગ શિરેથી ઝડપવા જીવતાં જઇને;
હવે જીવીશ શી રીતે, શત્રુ ચંદ્રનો થઇને.

ચાણક્ય--અરે! સામેથી કોઇ આવતું જણાય છે.

ચંદ્રગુપ્ત—(તે તરફ દૃષ્ટિ કરી) હા, એ તો પર્વતેશ્વર.

ચાણક્ય--(સ્વગત) ઠીક આંકડે વાકડો મળ્યો. ચાલ, એને પણ અર્ધના રાજ્યની લાલચ આપી મદદમાં લઉં પછી સૌ જોઈ લેવાશે.

(પર્વતેશ્વર પ્રવેશ કરે છે).

પર્વતેશ્વર—કેમ સેનાપતિ, શું થાય છે?

ચંદ્રગુપ્ત--પાપીનો ઘાટ ઘડાય છે, દુષ્ટને દંડ દેવાની યોજના થાય છે-કૃતઘ્નીના કાળની ઘડીઓ ગણાય છે.

પર્વતેશ્વર—વાહ, આ ઘાટ શો—આ ઘડીઓ શી?

ચંદ્રગુપ્ત—પાપીએ દગો દીધો તો વેર લેવાની.

પર્વતેશ્વર--શું દગો? આપની સામે દગો રમી કોણ ફતેહની આશા રાખે છે? વનરાજની દાઢ માટે મુખમાં હાથ ઘાલી કોણ જીવવા માગે છે?

ચંદ્રગુપ્ત--કોણ? કોણ તે દગલબાજ નંદ!

પર્વતેશ્વર—મહારાજા નંદે કેવી રીતે આપને દગો દીધો?

ચંદ્રગુપ્ત--કેવી રીતે તે આપેલું પાછું લઇને—શત્રુના સરદાર સેલ્યુકસને પંઝાબનો સુબો નીમવાની ઇચ્છા કરીને.

પર્વતેશ્વર--તે સત્તા તમારી પાસેથી લઈ સેલ્યુકસને આપવાથી શો લાભ?

ચંદ્રગુપ્ત—તેની પુત્રી હેલન સાથે હસ્ત મિલાપ.

પર્વતેશ્વર—મારા સાંભળવા પ્રમાણે હેલન તો આપને ચાહે છે.

ચંદ્રગુપ્ત—અને તેથીજ આ કાળજુ કપાઇ જાય છે.

પર્વતેશ્વર--ત્યારે હવે આપનો શું કરવા વિચાર છે?

ચંદ્રગુપ્ત—વિચાર? વિચાર તો હવે આ તલવારની ધારથી શત્રુનો સંહાર કરવાનો, અને પાપી પાસેથી પડાવી મગધનું રાજછત્ર શીરપર ધરવાનો.

ચાણક્ય--અને જો શૈલેશ મદદ કરે તો તેમને પણ વૃષલની સાથે અર્ધ સિંહાસનના ભોગી કરવાનો.

પર્વતેશ્વર--(સ્વગત) આ પણ ઠીક લાગ આવ્યો છે. મદદ કરવામાં શું જાય છે? ચાલ હા તો કહેવા દે, જીતીશું તો અર્ધનું રાજ્ય મળશે.

ચાણક્ય--કેમ શૈલેશ, શી ઇચ્છા છે.

પર્વતેશ્વર- વળી તેમાં તે ઇચ્છા શી!

તરૂથી વીખુટાં પાંદડાં, કયાંથી પ્રફુલિત થાય;
વિગ્રહ કરી સૂર્ય સાથે, અરૂણ કેમ પૂજાય.
વાદળ વિણ વિધુત વળી, કયાંથી દેદીપ્ય થાય;
ભૂપલથી છુટા પડી, આ શૈલેશ કેમ પોષાય.

માટે ગમે તેમ થાય પણ જ્યાં ચંદ્રગુપ્ત ત્યાંજ અમે-જ્યાં દીપક ત્યાંજ અજવાળું.

ચંદ્રગુપ્ત—ઠીક ચાલો ત્યારે હવે સૈન્યને સજ્જ કરો અને પાટલીપુત્રને પંથે પળો.

ચાણકય—હા ચાલો, (ત્રીપુટી જાય છે)

ઇતિ સપ્તમ પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૮ મો.

સ્થળ કીલ્લા નીચેનું ભોંયરૂં (કારાગૃહ).

પાત્રો—હેલન, નંદ, ચંદ્રગુપ્ત, ચાણકય સીપાઇ વિગેરે,

હેલનનો વિલાપ, નંદરાજાનું આવવું, અનાથ બાળાપર બળાત્કાર નિર્દોષનો પ્રભુ મદદગાર, ચંદ્રગુપ્તનું આગમન નંદને મારવા તૈયારી, ચાણક્યે આવી ચંદ્રગુપ્તને તેમ કરતાં અટકાવવો, નંદની ચાણકય પાસે દ્વન્દ્વ યુદ્ધની માગણી, ચાણકયને હાથે નંદનો વિનાશ.

હેલન—હાય ! ખરેખર સ્ત્રીનું રૂપ તેજ તેનો શત્રુ છે; તેજ તેની આબરૂને લાંછન આપનાર, અને તેના સતીત્વનો ભંગ કરનાર છે અરે !

લગાવે ધોકો દેશને રૂપ આ દુનીઆ મહી,
મરાવે ભ્રાતૃ તાતને રૂપ આ દુનીઆ મહી;
સતાવે દુષ્ટ અબળાને ખરે એક રૂપને માટે,
લુંટાયે લાજ અબળાની તે પણ રૂપને માટે.
રૂપ અનુપમ નારનું દુઃખનું દાતા છે નકી,
શું આર્ગોઆના તેજ પેઠે મારતું સ્ત્રીને નથી !

(એકદમ આવેશમાં આવી જાય છે.)

(નંદ પ્રવેશ કરે છે.)

નંદ—કેમ હવે તાબે થવું છે ? કે આ લોખંડની બેડીઓના ભારથી કચરાઇ મરવું છે ?

હેલન—તાબે કોને ?

નંદ--હારા યૌવન સરોવરમાં ખીલતા કમળની પાછળ ગાંડા બનેલા ભ્રમરને.

હેલન—અરેરે ! આમ એક નીરાધાર અબળાને સતાવવાથી હને શો લાભ ?

નંદ—લાભ ! અહાહા લાભ ! લાભ તો એજ કે આ તારા રક્ત અને નાજુક કપોલને ભેટવા આતુર બનેલા મારા અધરને ચુંબનરૂપી

અનીલથી શાન્તિ, અને કામાગ્નિથી દગ્ધ હૃદયને આલીંગનરૂપી સલીલથી થંડક.

હેલન—મૂર્ખ, ચુંબન તથા આલીંગનને શાન્તિ અને થંડક કહેવામાં તું ભૂલ ખાય છે. સાંભળ.

વિનોદ આ સંસારમાં કરતા પરસ્ત્રી સાથે;
સુખ અચળને લાત મારી લેતા દુઃખને માથે.
જ્યાં કબરદ્વારે નીકળી કયામત મેદાને જાય છે;
ન્યાય તેનો ત્યાં થતાં ભોગી નરકના થાય છે.
વળી આટલે તો નહિ વળે મુઆ પછી આ ભવ મહીં;
કરે આબરૂના કાંકરા પરસ્ત્રી વિષે લંપટ થઇ.

નંદ—બસ, તે ગમે તેમ હો પણ આપણે તો,

સુખી જાણું સંસારમાં ધન્ય ધન્ય તે વીર;
રૂપવતીના પ્રેમનું પીતો હમેશાં નીર.
રૂપ અનુપમ નારથી સુખી સંસારે થવાય છે;
પરસ્ત્રી રૂપી નાવથી ભવસાગર ઝટ તરાય છે.

હેલન—

પરનારી કેરી પ્રીતથી ધંધા સૌ ઉંધા થાય છે;
પરનારી કેરી પ્રીતથી કલેશ ગૃહિણી સહ થાય છે.
પરનારી કેરી પ્રીતથી ક્ષય કુળ તણો પળમાં થશે;
પરનારી કેરી પ્રીતથી લય દેહ તણો નિશ્ચે થશે.
કલંકિત કીર્તિ થઇ ભાત જશે નીજ જાતની;
વિભૂતિ પળમાં સરી જશે પરનારી કેરા સાથથી.

નંદ—

વિભૂતિ સરી જાય થાય કીર્તિ કલંકિત નંદની;
દેહ પડે વહી જાય ભલે પ્રતિષ્ઠા પણ કુળ તણી.
રાજ્યકાજ દરકાર નહિ તાજ ન ગણું તુજ આગળે;
નવ છોડું રસીલી હું કદી નત્ર તુજ વિના શન્તિ મળે.

હેલન—

ભલે ચળે પૃથ્વી માતા સૂર્ય આથમણા ઉગે;
ત્યજે સાગર પણ મર્યાદા ભલે નભમંડળ તુટે.
વ્યોમ પૃથ્વી એક થઈ આકાશ નીચે આવશે;
ઓધમ દુષ્ટ દુરાચારી આ દેહ તારો નહિ થશે તે નહિ
થશે તે નહિજ થશે.

નંદ—

ચંદ્રમા સમ ધવલ ત્હારી છબી લાગે પ્યારી;
ચતુરા ચંચળ લોચના છે તું મનને હરનારી.
તુજ પાછળ ઘેલો બન્યો પ્રેમ પ્યાલું જરૂર પીવાનો;
સ્મર પાસથી અંધ પતંગ ન છોડે કેડ દીવાનો.

હેલન—

દૂર રહે ઓ દૂર રહે શીદ માનવી મત્સર કરે;
બની અંધ પરસ્ત્રી પ્રેમમાં શીદ બાચકા જળમાં ભરે.
કયાં બગલું કયાં હંસણી મીથ્યા શીદ આશા ધરે;
કોયલ મધુરી કાગનો સંગ કદાપિ નહિ કરે.

ખોટી આશે લુબ્ધ થઇ નહિ બનવાનું જે ચાય છે;
ફોકટ ચીંતા મન ધરી શરણુ મરણને થાય છે.

નંદ-ઓહો! આ તો શાણી થઇ શીખામણ દેવા જાય છે! (હેલન તરફ જોઈ) બસ કર સઘળું ડહાપણ, અને સીધેસીધું માની જા; સુંદરી, લક્ષ્મિ ચાંલ્લો કરવા આવી છે તો મુખ ધોવા ન જા; અને આખા હિંદનો ધણી ત્હારા જેવી એક અબળાના આગળ આજીજી કરે છે તો કંઇ પણ રકઝક સિવાય તેને તાબે થા. કંઇ સમજ ઓ હઠીલી, કંઈ સમજ; આવી અમૂલ્ય તક ન ગુમાવ.

હેલન--ઓ વિષયમાં અંધ બનેલા બાયલા, જરા તો આંખ ઉઘાડીને જો કે જેને તું અમૃત ગણે છે તે અમૃત નથી પણ હળાહળ વિષ છે. જેને તું ફુલની માળા ધારે છે તે માળા નથી, પણ એક ઝેરી નાગણ છે. દુષ્ટ પરસ્ત્રી તે તો ત્હારા જેવા કામાન્ધ પુરૂષોના કાળજાનું લોહી પીવાને ઉત્સુક બનેલી એક તીક્ષ્ણ કટારી છે. માટે વિચાર કર, ઓ પાપી, પોતાનેજ હાથે પગપર કુહાડી ન માર,—નકામી વેદના શિરપર ન વ્હોરી લે—હાથમાં દીપક લઇ કુવામાં ન પડ.

નંદ—કટારી કે ભલે નાગણ, બીવાનો નથી તેથી;
હૃદય બળતું સ્મરાંગારે, બને શે શાંત ભેટયેથી.

માટે આવ-પ્રાણવલ્લભ કહી બોલાવ—અને હૃદય સાગરને આનંદ ઉર્મિઓથી ડોલાવ.

હેલન—બસ કર લંપટ.

ગંદા નકામા દેહની, મુજને જરી પરવા નથી;
ક્ષણભંગુર સંસારના, વૈભવ તણી ઇચ્છા નથી.
તુજ રાક્ષસ કેરા હસ્તમાં, આ પાપીઆ પડવાથકી;
મરવું આ દુનીઆ મહી, લાખો ગણું સારૂં નકી,

નંદ—ચાલ, કાલાવાલાથી નહિ માને તો પછી બળાત્કારે મનાવવું પડશે—વાએ નહિ થાય તો આથી પણ ભયંકર શિક્ષાની ભોગી થવું પડશે.

હેલન—શિક્ષા કહી ડરાવવા માગે છે? ઓ અધમ,

સાડી શીયળ રૂપી ધરી, ધીરજ ઢાલ લઇ હાથ;
સંયમ કટારે સજ્જ છું, લઢવા ત્હારી સાથ.

દુષ્ટ, પતિવ્રતપણાની નૌકામાં બેસી સંસાર સાગરનો સામી બાજુએ જવાનું મહાન્ કાર્ય જેણે માથે લીધું છે તે સ્ત્રીને ત્હારા જેવા હજારો બાયલા-અરે લંપટ-બાપદાદાની મેળવેલી આબરૂના કાંકરા કરનાર, અને ધરતીમાં ભારરૂપ બની માતૃભૂમિને લજાવનાર કાગડાઓથી શું થનાર છે? ઓ મૂઢ-કામના કીડા, પવિત્રતા રૂપી પંઝાથી સજ્જ થયેલી સિંહણને ત્હારા જેવાં લાખો શીયાળવાં શું કરનાર છે? અરે, ઓ દુષ્ટ, દગાખોર-પરસ્ત્રીપર જુલમ ગુજારનાર અધમ, આથી તો માતાને પેટ પથ્થર પડયો હતે તો પણ સારૂં કે ધોબી લોકોને ધોવાના કામમાં આવત.

નંદ--ચાલ, એમ છે તો જોઉં છું કે તું શું કરે છે? (દ્વાર તરફ દૃષ્ટિ કરી) સીપાઇ, (સીપાઇઓ આવી ખડા થાય છે) બાંધો આ નાદાન છોકરીને, અને ન તાબે થાય ત્યાં સુધી આ ઉપરને કડે લટકાવો. (સીપાઇઓ બાંધવા જાય છે).

હેલન—દૂર બદમાસો...(સીપાઇ પાછા હઠે છે)

નંદ--કેમ શું જોઇ રહ્યા છો? એક અબળાથી આમ નબળા શું થાવ છો? ઝટ મારા હુકમને અમલમાં મુકો.

(સીપાઇઓ હેલનને પકડે છે.)

(હેલન નીચે ઢળી પડે છે. નંદ સીપાઇઓને ત્યાંથી દૂર જવાની આજ્ઞા કરે છે, અને હેલનનો હાથ ઝાલી ઉઠાડવા જાય છે.)

હેલન—(એકદમ બેઠી થઇ) દૂર હરામી, મારા પવિત્ર દેહને તારા સ્પર્શથી અપવિત્ર ન કર, નહિ તો દુષ્ટ આ જગતમાં નહિ તો અન્યમાં પણ ખમવું પડશે—ન્યાયી કીરતારના દરબારમાં ન્યાય થતાં નર્કમાં પડવું પડશે.

નંદ—શું નર્ક,

હજુ તું એ નથી જાણતી, નવ ભય મને કાળા કેરનો;
માનવું હોયતો માન, નહિતો પડશે જખમ આ શમશેરનો.

હેલન—

ભલે લે આ રહી ગરદન, ઝુકાવી લે અસિ તારી;
કરી દે ધડ થકી છુટી, નથી હું લેશ બીવાની.

હૃદય આ રોહિણી કેરૂં, હમેશાં ચંદ્રમાનું છે;
ભલે રાહુ કરે મસ્તી, ન તે તેનું થવાનું છે.

ચંદ્રગુપ્ત—(એકાએક પ્રવેશ કરતો)

સતાવે રોહિણી પ્યારી, કદી જો રાહુ હત્યારો;
બચાવા તેહને ત્યાંથી, રહ્યો આ ચંદ્ર લડનારો.

નંદ—(ચકિત થઈ) કોણ વૃષલ,

ચંદ્રગુપ્ત—હા વૃષલ, પણ અત્યારે તો ત્હારૂં માથું ફોડનાર મુશળ છું.

સતાવી દીન અબળાને, હરામી આબરૂ લેવા;
થા તૈયાર તું પાપી નહિ, અહીં નર્કમાં રેહેવા.

નંદ—શું સેનાપતિ થઇ સ્વામીનેજ મારવા તૈયાર થયો? મારો પોતાનો થઇ મારૂંજ કાસળ કાઢવા ગયો?

ચંદ્રગુપ્ત—હા, હરામી ત્હારૂંજ કાસળ કાઢવા ગયો. કૃતઘ્ની, સ્વામી થઈ સેવકનુંજ લુંટવા સજ્જ થયો! પંઝાબની સુબાગીરી મારી પાસેથી લઇ સેલ્યુકસને આપવા ગયો? તો પછી સેવક, સેવક મટી દુશ્મન થયો તેમાં શી નવાઇ? નાગના મુખ ઉપરજ પગ પડ્યો, અને નાગ ડંખવા ગયો તેમાં શું આશ્ચર્ય?

નંદ—પણ વિચાર કર, આ પાપી તું કોણ?

ચંદ્રગુપ્ત—હું કોણ? આજ સુધી તો સેનાપતિ હતો પણ હવે તો મગધનો અધિપતિ-ત્હારો પ્રાણ લેવા નિશ્ચિત મતિ!

નંદ—શું અધિપતિ? મ્હારા છતાં અધિપતિ થવા માગેછે?

ચંદ્રગુપ્ત—ના, માગતો નથી પણ થઇ ચુકયો છું. એ નીચ, ઇશ્વરે મને ત્હારા જેવા હરામીની સેવામાંથી મુક્ત કર્યો છે—રાજ દંડ સન્મુખ ધર્યો છે. મૂઢ, તું તો અહીં પરસ્ત્રીની લાલચમાં ગોથાં ખાય છે, પણ મગધે તો જાુદુંજ રૂપ ધર્યું છે-મારા બહાદૂર લશ્કરે પાટલીપુત્ર તો ક્યારનુંએ સર કર્યું છે.

નંદ—આહા ! આ હું શું સાંભળું છું ?

ચંદ્રગુપ્ત—ત્હારા કર્મનાં ફળ. હરામી, આવી નિર્દોષ અબલાઓને સતાવી, આબરૂ લુંટી કરેલાં પાપનો આમ બદલો મળે છે. હીચકારા, જો જરા બહાર જઇને જો, દુઃખ રૂપી વાદળ ત્હારી ચારે બાજુએ ઝઝુમે છે—કાળ તને ખોળતો આમથી આમ ફરે છે.

નંદ—શું કાળ !

ચંદ્રગુપ્ત—હા,

ચાળ પ્રસારી ફાળ મારવા કાળ છે તૈયાર;
ઘડી એકમાં મગધ ઇશને જગત્ થશે શૂન્યકાર.

નંદ—

શૂન્યકાર થાયે જોઉં છું, આ જગત તુજને કે મને;
એ લુચ્ચ હરામી અનિરુદ્ધનો, બદલો નકી મળશે તને.

ચંદ્રગુપ્ત—

મળશે મળશે શું કરે, કયાં છે શક્તિ આપવા;

ઉઘાડી ગરદન આ રહી, પણ હીંમત કયાં છે કાપવા.

નંદ—શું હિંમત નથી ? (તલવાર બહાર કાઢી) ચાલ, તૈયાર થા, હરામી, મગધ જીત્યું, પણ જો અહીંજ તને સઘળો લ્હાવો સંગાથે આપું છું.

ચંદ્રગુપ્ત—(સામી શમશેર કાઢી) ચાલ તૈયાર છું, અજમાવ ત્હારૂં બળ. (ચાણક્ય પ્રવેશ કરે છે)

ચાણક્ય—ચંદ્રગુપ્ત, સબુર, એ ભક્ષ મારૂં છે; મેં પ્રતિજ્ઞા લીધી છે તો મનેજ પુરી કરવા દો.

નંદ—કોણ ટેલીઓ ?

ચાણક્ય—હા ટેલીઓ......પણ અત્યારે તો ટેલ ન નાખતાં આપને સ્વર્ગે લઇ જવા વે'લ હાંકવા આવ્યો છું.

નંદ—મારા રાજ્યનું ઉંધુ વાળનાર બ્રાહ્મણ, ચાલ તૈયાર થા, ત્હને પણ આ શમશેરનો સ્વાદ ચખાડું.

ચાણક્ય—હા, એટલુંજ જોઇએ છીએ. સર્વ બોરેલું કરી બતાવ્યું છે, પણ તને ફક્ત મારવાનુંજ બાકી રહ્યું છે.

નંદ—ચાલ તૈયાર.

(બંન્ને જણા લઢે છે અને ચંદ્રગુપ્ત જોતો એક તરફ ઉભો રેહે છે. લશ્કર આવી પહોંચે છે. નંદ ગભરાય છે અને છાતીમાં જખમ વાગવાથી નીચે ઢળી પડે છે).

ચાણક્ય—

અનાવૃષ્ટિથી બીજ બીજાં નાશ હજારો પામે;
પણ વાવેલું બીજ પાપનું તે ઉગે ઠામે ઠામે.
આ કે અન્ય અવતારમાં બદલો તેનો મળશે;
જેવું કરશે તેવું ભરશે તેમાં ઇશ્વર કહો શું કરશે.

અષ્ટમ પ્રવેશ સમાપ્ત.

॥ इति श्री प्रथमोऽङ्कः ॥

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ચંદ્રગુપ્તનો મહેલ.

પાત્રો—ચંદ્રગુપ્ત, ચાણક્ય, ઇન્દુશર્મા વિગેરે.

પિતાના ખુનને માટે ચંદ્રગુપ્તનો પશ્ચાતાપ ચાણક્યનું આવવું. તેને શાન્ત કરવો, તથા મગધનું રાજ્ય હવાલે લેવા સમજાવવો. જાસુસ ઇન્દુશર્માનું આવવું. સર્વાર્થસિદ્ધિ ગાદીપરથી ઉઠી જંગલવાસી થયાના સમાચાર આપવા, ચાણક્યે ચંદ્રગુપ્તને ગાદીપર બેસાડવા તૈયારી માટે જવું. ચંદ્રગુપ્તનાં હેલન વિષેના વિચાર. તેને ગમેતેમ કરી મળવાનો નિશ્ચય કરી જવું.

(ચંદ્રગુપ્ત પ્રવેશ કરે છે).

ચંદ્રગુપ્ત—આહા !

લોભના પ્રવાહમાં તણાઇને, લક્ષ્મીના પાસમાં ફસાઇને;
લીધું શીર પાપ વહોરી મેં, પીતાનું ખુન કરાવીન.

અરે ! આ ચાણક્ય, વિદ્વાન કહેવાતા ચાણક્ય ! ત્હેં પણ આ શું કર્યું ?

ફસાવ્યો શીદ ત્હેં મુજને, લીધેલું પણ પુરૂં કરવા;
દઇ લાલચ લક્ષ્મીની, પીતાના પ્રાણને હરવા.

હાય, પણ આમાં ત્હારો શો દોષ ? દોષ તો આ અધમોધમ દુરાત્માનોજ—પોચા દીલનોજ–વિચારહીન મગજનોજ—પાષાણમય હૃદયનોજ. કે તે પાપી વિષના વેલા—હરામી લોભને શરીરમાં વાસ આપ્યો–સુખ તથા શાંતિના પંથને સમુળો કાપ્યો, અને પસ્તાવારૂપી નાગને હૃદયદરમાં સ્થાપ્યો. અહાહા, ઓ દુષ્ટ, ત્હારો વાસ આ જગતમાં ક્યાંથી થયો કે ત્હારે લીધે પુત્ર પણ પિતાને મારવા ઉભો થાય છે—ભાઈ ભાઇનુંજ ગળું કાપવા સજ્જ થાય છે, અને અંતે પાપનું પોટલું બાંધી નર્કમાં જાય છે ! અરે, ઓ—

જગતુના જન તમને, કહું રહો એ પાપીથી આઘા;
ધુતારો વેષધારી એ, કરે તમ કીર્તિમાં ડાઘા.

પણ આમ ખોટા વિચાર કરી બીજાને શીર કલંક શા માટે મુકવું ? હરામી હુંજ એવો કે સાવધ ન રહ્યો, અને લાલચમાં લલચાઇ–ફસાઇ પિતાનું ખુન કરવા ગયો. બસ હવે તો પાપી દેહનેજ શિક્ષા કરવાની છે. આહા ! ઓ પિતાના રક્તથી ખરડાએલા અવયવો, તમનેતો–

ઘટે નવ એશને આરામ, ઘટે શમશેરના ઝટકા;
ઘટે નવ રાજ્યની લક્ષ્મિ, ઘટે યમદંડના ફટકા;
અતિશે ભવ્ય મે'લોનું, અનુપમ સુખ તમારે શું;
તમારે તો દુઃખાગ્નિમાં બળી ચોપાસ મરવાનું.
પસ્તાવારૂપ પુણ્ય હદમાં, તમારાં પાપને ધોવા;
રહી કકળી કરો પુરી, તમારી જીંદગાની આ.

અથવા તમારાં પાપપર તો પસ્તાવો પણ અસર કરવા અશક્તછે; માટે હવે તો,

નીકળ ઓ પ્રાણ પાપી બહાર, જીગરમાં શીદ વસતો છે;
હરામી ભાન નહોતું તે, કરાવ્યો ઘાત પિતૃનો ?
અરે ઓ હસ્ત હીચકારા, અસીને બહાર કાઢીને;
પિતા સન્મુખ તે ધરતાં, ખરી તું કેમ ના પડીયો;
બન્યાં પાષણનાં ચક્ષુ, વસે મૃદુતા નહી તેમાં;
નહિ તો શીર્ષ પિતૃનું, જુદું જોતાં ફુટયાં હોતે;
હૃદય છે વજ્રમય નક્કી, કુળાતંતુ કઠીન બની આ;
જનકના મૃત્યુને જાણી, ખરે નહી તો તુટયા હોતે;
અરેરે તાત માયાળુ, જગતમાં જન્મ શીદ આપ્યો;
આપ્યો તો વિષાંકુરને, ફુટતામાં ન શે કાપ્યો ?
ખરેખર હિંદ માતાની, કુખે નકી પથ્થર પડીઓ;
હૃદય હીન બુદ્ધિહિન પાપી, પિતાકેરો ખુની બનીયો;
દયાળુ સ્વર્ગના દેવો, દયા ત્યાગી ધરો ક્રૂરતા;
ખુનીને આ કૃતઘ્નીપર, કહો ના શે તુટી પડતા ?
અરે આકાશના તારા, સવિતાને સુધાંશુ હો;
કરો આ પાપીને પુરો, તમારાં તેજથી બાળી;
વિનંતિ હું કરૂં વસુધા, હે માતા સર્વ ભૂતોની;
હરામીને રસાતળમાં, સમાવા માર્ગ તું દેને;
જગતની શક્તિ સૌ સાથે, તુટી પડજો આ પાપીપર;
અધમનો પણ અધમ બહુ કૂર, અપરાધી ખુની હું હું;

આહા ! હે ચંદ્રગુપ્ત, પાપી ! આ પૃથ્વીપર વધારે વખત જીવી વસુંધરાને પીડવી તેના કરતાં મરવું તારે વધારે સારૂં છે. હરામી તેં આ

દુનીઆમાંથી તારૂં સ્થાન ખોયું છે, માટે ચાલ અન્ય યોનીમાં જવા તૈયાર થા. (પોતાની શમશેર બહાર કાઢી).

અયિ શમશેર થા તૈયાર, ખૂનીનું ખૂન તું કરવા;
કૃતઘ્ની આ હત્યારાને, સમીપે કાળના ધરવા;
અરે ઓ હસ્ત હીણભાગી, ધ્રુજે શાને અત્યારે તું;
કરી દે ધડ થકી છુટું, કલંકિત શીષ આ મારૂં.

(એકદમ તરવાર ગરદન પર મુકવા જાય છે)

(ચાણક્ય પ્રવેશ કરે છે).

ચાણક્ય— સબુર,

(તરવાર ઝુંટાવી લઈ નીચે ફેંકી દે છે)

કરીને ઘાત આત્માનો ભયંકર પાપમાં પડવા;
અસી કુમળી આ ગરદનપર મુકી ધારે છે શું કરવા ?

ચંદ્રગુપ્ત—કોણ કૌટિલ્ય, દૂર રહો.

કર્યો છે ભ્રષ્ટ મેં આ દેહ પિતાના રકતમાં રોળી;
કરીને સ્પર્શ એવાનો ન બાંધો પાપની ઝોળી.
જીવીને તો ન ધોવાયે ભયંકર પાપ આ મારાં;
નહિ રોકો ઝુકાવા દો અસિની શીરપર ધારા.

ચાણક્ય—(સ્વગત) અરે આ શું ? આ તો અહીં ગાંડાં કાઢે છે અને
રાક્ષસે તો નંદની જગાએ સર્વાર્થસિદ્ધિને ક્યારનોએ ગાદીએ

બેસાડયો છે. ફીકર નાહિ, ચાલ આના ધુંધવાયલા ચીત્તને સમજાવી ઠેકાણે લાવું. (પાસે જઈ) (પ્રકાશ)

થયું છે જે થવાનું તે નથી કંઈ દોષ એ તારો;
ભયંકર પાપ ધોવા રાખ હવે તું પુણ્ય ઈજારો.
બળીને શોક અગ્નિમાં નકામો જીવ સંતાપી;
કરે શોદ પાપમાં વૃદ્ધિ જીવનના દોરને કાપી.

ચંદ્રગુપ્ત—

અતિશે ઘોર ખૂનથી થયું છે મૂખ આ કાળું;
જીવીને હાય શી રીતે જગતને તે બતાવું હું.
અરે આ મેહેલ થા નિર્દય દુઃખીને શીદ રીબાવે છે;
બનીને ક્રૂર તુટી પડ અઘોરી અર્જ લાવે છે.

ચાણકય—

ગયું તે તો ગયેલું છે નથી તે પાછું ફરવાનું;
હવે તો જે રહેલું તે સમારી સીધું કરવાનું.
મુકીને કાઢવાં ગાંડાં હવે તુજ ફર્જ સંભારી;
ગયેલા અન્યને હાથે પિતાની લક્ષ્મી કર તારી.

ચંદ્રગુપ્ત—

પિતાનું ખૂન જે કરનાર નથી તે પુત્ર પિતાનો;
બન્યો શત્રુ પછીથી શો એ લક્ષ્મીપર છે હક તેનો.
પડોને ધૂળ લક્ષ્મિમાં ન ઇચ્છું સ્વપ્નમાં પણ એ;
લુંટાઇ જાય ને ભેલાય ભલે તે શત્રુઓ ખાયે.

ચાણકય--

પિતા પાછળ પિતા કેરી મુકી મિલ્કતને સાચવવી
સનાતન શાસ્ત્ર પણ કહે છે સુતોની ફર્જ છે એવી.
કરેલા પાપનું પ્રાયશ્ચિત્ ઇચ્છા હોય કરવાને
લુંટાતી લક્ષ્મી શત્રુથી તું ધાને તે પડાવાને.

ચંદ્રગુપ્ત—આહા! પ્રાયશ્ચિત કરેલાં કર્મનું પ્રાયશ્ચિત! અરે બતાવો—કોઈ બતાવો—જે કહેશો તે કરવા તૈયાર છું.

ચાણકય—તૈયાર છે તો સાવધ થા. ગાંડાં કાઢવા જવાદે, અને સર્વાર્થ સિદ્ધિ પાસેથી ઝુંટાવી પિતાની લક્ષ્મિનો ભોગી થા, તથા હ્‌હારા સ્વર્ગસ્થ તાતના આત્માને શાંતિ આપ

ચંગુપ્ત—શું મગધનું રાજ્ય સર્વાર્થસિદ્ધિને? અને તે કોણે આપ્યું?

હજુતો બળ અને ન્યાયે પિતૃ લક્ષ્મિ તણો હકદાર
ઉભેલો હું છતાં સર્વાર્થસિદ્ધિ કોણ ભોગવનાર

ચાણકય—અમાત્ય રાક્ષસની સત્તાથી ગાદીપર આવનાર.

ચંદ્રગુપ્ત—શું રાક્ષસની સત્તાથી!

મગધની રાજ્ય ગાદીપર કહો શો હક રાક્ષસને
નાજેચ્છા સાર તે લાવી મુકે છે ત્યાં ગમે તેને!

અરે, પણ પેલું સામેથી કોણ આવતું જણાય છે?

ચાણકય—(તે તરફ દષ્ટિ કરી) ઠીક, એતો એજ; શત્રુની હિલચાલ જોવા ગએલો જાસુસ ઇન્દુ શર્મા. (ઇન્દુ શર્મા પ્રવેશ કરે છે.)

ઇન્દુશર્મા–(હાથ જોડી) પ્રણામ ગુરૂજી.

ચાણક્ય–બોલ શી ખબર લાવ્યો ?

ઇન્દુશર્મા–નવા રાજા સર્વાર્થસીદ્ધિ રાજ્યથી કંટાળી જંગલ વાસી થયા.

ચંદ્રગુપ્ત–શું સર્વાર્થસિદ્ધિ જંગલ વાસી ?

ચાણક્ય—હા, આપણા પંથમાં આવતો એક કંટક તો દુર થયો.

ચંદ્રગુપ્ત—પણ બીજો ઉભો રહ્યો તેનું શું ?

ચાણક્ય—તેને પણ ટાળવો સ્હેલ છે.

ચંદ્રગુપ્ત—શી રીતે ?

ચાણક્ય—શી રીતે ? સાંભળો જ્યાં સુધી સર્વાર્થસિદ્ધિ યા નંદવંશનું ખરૂં એક પણ માણુસ હયાત હશે ત્યાં સુધી રાક્ષસ આપણે તાબે થનાર નથી.

ચંદ્રગુપ્ત—ત્યારે કરવું શું

ચાણક્ય—(કાનમાં) જંગલમાં તપ કરતા તપસ્વીનું ખુ......ન.

ચંદ્રગુપ્ત—શું ખૂન ? આહા !

વદા ના શબ્દ એ ભયકાર વીંધે છે કર્ણ એ મારા
ધ્રુજે છે દેહ આ સઘળો હૃદયમાં થાય ધબકારા
કરીને ખૂન પિતાનું અરે શું ના ધરાયા તે
ઇરાદો દુષ્ટ રાખો છો હજી નિર્દોષ હણવાને ?

ચાણક્ય—(સ્વગત આને બહુ કહીશું તો સમુળગો છટકી જશે, માટે વાત ઉડાવાદે. તેનાથી છુપું સૌ કરી લેવાશે. (પ્રકાશ) આપણે

તેને મારવો નથી પણ તે મરી ગયો છે એમ રાક્ષસ જાણે તેમ કરવું છે.

ચંદ્રગુપ્ત—હા, તો કાંઇ વાંધો નથી.

ચાણક્ય—ચાલો હવે સર્વાર્થસિદ્ધિના ગયાથી રાક્ષસ નીરાશ થયો હશે માટે આપણે પણ નગર પ્રવેશ માટે બનતી કોશીષ કરીએ.

ચંદ્રગુપ્ત—તમે જઇ તૈયાર થાવ, હું પણ સૈન્યને સજ્જ કરવાની ગોઠવણ કરૂં છું.

ચાણક્ય—(ઇન્દુશર્મા તરફ જોઇ) બચ્ચા, જા તું હવે રાક્ષસ પુંઠે બરોબર મચ્યો રેહેજે, અને જીવસિદ્ધ તથા ભાગુરાયણને પણ જેમ બને તેમ ચંદનદાસ તથા શકટદાસ પાછળ ફરી તેમની સાથે ગાઢ મૈત્રી કરવાનું કહેજે.

ઇન્દુશર્મા—જેવી ગુરૂજીની આજ્ઞા. (જાય છે.)

ચાણક્ય—લ્યો ત્યારે હું રજા લઉં છું. તમે પણ જેમ બને તેમ જલદી સૈન્ય તૈયાર કરો.

ચંદ્રગુપ્ત—તેની કાંઇ ફિકર નહિ. સુખેથી જાવ.

(ચાણક્ય જાય છે).

ચંદ્રગુપ્ત-(વિચાર કરી) આહા ! હું તો આહીં રાજ્યની ખટપટમાં ગોથાં ખાઉ છું, પણ બીચારી હેલનનું શું ? તેને તો બીચારીને હવે સેલ્યુકસ સાથે ગ્રીસમાં જવું પડશે. અરેરે ! હુંજ મૂર્ખ કે મેં તેને પાછી આપી. હાય, પ્રિયા તુંતો મારૂંજ ધ્યાન ધરતી હોઇશ પણ મ્હેં હસમીએ તો

પ્રતાર્યું છે તારૂં હૃદય અતિશે સરળ જે
ઠગારો હું પાપી અને દેવી તું વિમળ છે.
ક્ષમા કરજે પ્યારી ભુલ થઇ દગો મેં બહુ કર્યો
ગણ્યું તેં ચંદન હું વિષ ફળ વાળું તરૂ બન્યો.

પણ ચાલ, હજુ તેઓ નહિ ગયાં હોય; છુપી રીતે પણ તેની ખબર તો લઇ આવું.

(જાય છે.)

પ્રથમ પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૨ જો.

સ્થળ. વિષ કન્યાનો મોહેલ.

પાત્રો:—વિષકન્યા, રાક્ષસ, ઇન્દુશર્મા, પર્વતેશ્વર, ચાણુક્ય અને ચંદ્રગુપ્ત વિગેરે.

વિષકન્યાના પોતાના ધંધા વિષેના વિચાર. રાક્ષસે આવી તેને એક શીશી આપવી કે જેથી તેના રૂપમાં વૃદ્ધિ તથા તેની સાથે સંભોગ કરનારનો નાશ થાય. ચંદ્રગુપ્તને મોહ પાસમાં ફસાવવા લાલચ આપવી, જાસુસ ઇન્દુશર્માએ આ સર્વ હકીકત સાંભળવી, તથા ચાણુક્યને તે નિવેદન કરવા તેનું જવું. રાક્ષસનું જવું. ચાણુક્યે સમજાવ્યાથી પર્વતેશ્વરનું આવવું. વિષ કન્યાને જોઇ મોહવશ થવું અને અંતે તેનો સ્પર્શ કરતાં

તેનું મૃત્યુ થવું. ચાણક્ય તથા ચંદ્રગુપ્તનું આવી પહોંચવું. પર્વતેશ્વરના શરીરપરનાં આભૂષણો લઇ લેવાં તથા વિષકન્યાના શિરચ્છેદનો હુકમ આપવો.

વિષકન્યા—

શ્રી મુખની જોઇ પેહેલાં ફસાતા
નયન કટાક્ષે વીંધાઈ જાતા
સર્વાંગ પેખી રસાર્દ્ર થાતા
અનંગ પાસે સજડ બંધાતા

કનક કળસને શરમાવનારા કેસરે ભીંજવ્યાથી
અગન કરની શાંત કરવા કુચ મંડળ ગ્રહ્યાથી
જઘન મુકી જઘનપર ને ધાસથી શાન્તી લેવા
આવે હજારો મુજ પાસ મૂર્ખા લક્ષ્મિને ફેંકી દેવા.

આહા ! લોકો કહે છે કે ગુણકાનો ધંધો ખોટો, પણ જોવા જાય તો નાયકાનું સ્થાન એજ સુખનું ધામ છે. સતી થઇ એકના એકજ પુરૂષને જોઈ રહ્યાથી શું મળે ? ઘરની સંભાળ રાખવી પડે, કામકાજ કરવું પડે, ધણીની મરજી ઉઠાવવી પડે, અને વાંક આવ્યો તો વખતે ધોકા પણ ખાવા પડે ! ત્યારે આશું ખોટું ? માટે આપણે તો

ગાન તાન ગુલતાનથી બસ મસ્ત રેહેવું આઠે જામ
અમન ચમનમાં ગમન કરી મઝા ઉડાવી કમાવા દામ.
છેલ છબીલા કોઇ રંગીલા ફસાવી કાઢી લેવું કામ
મદન મહારાજા ખુશી કર્યા તો આનંદ આનંદ સઘળે ઠામ.

વળી આપણે ત્યાં શું નથી ?

મોટા મોટા મહીપતિ પણ જે પ્રજા પ્રતિ બાહુ રાખે દમામ
ગુણકા કેરા કટાક્ષ થકી જે સહજમહી બની જાતા ગુલામ
દેવ અને નીજ પિતૃને પણ શરમાતા કરતાં જે પ્રણામ
ડોળી દંભીને અભિમાની સહુ આવી ઝટ કરે સલામ

(દાસી પ્રવેશ કરે છે)

દાસી—બાઈ સાહેબ અમાત્ય રાક્ષસ આપણા તરફ આવ્યાં છે.

વીષકન્યા—ઠીક જા, (દાસી જાય છે)

આહા! અમાત્ય રાક્ષસ ? અને તે મારે ઘેર ? શું હશે ? મારાથી કંઈ ગુન્હો તો નહિ થયો હોય ?

(રાક્ષસ પ્રવેશ કરે છે)

(પાછળ જાસુસ ઇન્દુશર્મા આવી સંતાય છે. વિષકન્યા થથરતી ઉભી રહે છે)

રાક્ષસ-આહા ! રાક્ષસ, હીણભાગી ! આવું નીચ કામ તારે હાથે !

ચંદ્રગુપ્તને ફસાવવો એક ગુણકા કેરા પાસમાં;
બ્રાહ્મણ તણો એ ધર્મ કહે શું છે લખેલો શાસ્ત્રમાં.

ઇન્દુશર્મા—(સ્વાગત) આહા ! આતો

ફસાવી મુજ સ્વામીને કરે છે યત્ન જીવ લેવા
પ્રપંચો છળ કરી ચાહે હવે છે જીત મેળવવા

ફિકર નહિ, પુરૂં સાંભળવા દે.

રાક્ષસ-(વિચાર કરી)

ભૂલી ભાન કરવા કામ આવું નીચ શું આવ્યો અહીં.
નીકળ ઝટ બહાર એ પાપી હરામી બુદ્ધિ તારી કયાં ગઇ ?

અરેરે ! પણ હાય,

થયેલું ખૂન સ્વામીનું પળેપળ યાદ આવે છે
હૃદયમાં લોહી ઉકળતું શરીર આખું ધ્રુજાવે છે
બદલો ખૂનનો ફાંસી લઇશ છો લોક કહે ભૂંડો
નહિ રૂઝે કદી તે વિણ જીગરનો વૃણ આ ઉંડો.

માટે ચાલ કામ સીદ્ધ કરવા દે. (વિષ કન્યા તરફ જાય છે.)

ઇન્દુશર્મા–શું ખૂનનો બદલો ફાંસી !

લેતાં ખૂનનો બદલો હરામી દેહને સંભાળ
ઘડતા ઘાટ વૃષલનો જોજે તું ન થાયે ખુવાર.

રાક્ષસ–(વિષ કન્યા પાસે જઇ) શાંત થાવ, બીશો નહિ. હું અત્યારે અમાત્ય તરીકે તમારો કંઈ દંડ કરવા નહિ પણ મિત્ર તરીકે મદદ લેવા આવ્યો છું.

વિષકન્યા–મદદ ! અરે મારા જેવી પામર ગુણકાને આપ જેવા મોટા અમલદારને શી મદદ કરવાની હતી ?

રાક્ષસ–તમેજ કરશો. અને કરશો તેવી કોઈ નહિ કરે,

ફસાયો જાળમાં વનરાજ પણ મુશક બચાવે છે
મહોન્મત્ત હસ્તીઆને પણ ફક્ત મચ્છર સતાવે છે.

માટે લ્યો આ શીશી, અને તે પીજાવ,

વિષકન્યા–પણ પીને કરવાનું શું ?

રાક્ષસ—તે તમારા રૂપમાં વધારો કરશે.

વિષકન્યા—રૂપ વધારવાનું કારણ ?

રાક્ષસ—કારણ વૃષલને તમારા મોહ પાસમાં ફસાવાનું અને મર્હુમ રાજા નંદના ખૂનનું વેર લેવાનું.

વિષકન્યા—અરે આવું ભયંકર કામ મારે હાથે ? કોઈ જાણે તો શી દશા ?

રાક્ષસ—કોઇ જાણનાર નથી, તે બાબત નિર્ભય રેહેજો, હરામીને શિક્ષા કરવામાં ઇશ્વર આપણને મદદ કરશેજ.

જાસુસ—શું ઇશ્વર મદદ કરશે અને કોઇ જાણનાર નથી ? આહા !

નહિ કોઇ જાણશે કહેતાં હરામી ભૂલ ખાયછે;
કાળાં કામ જોવા તો ચૈતન જડ પણ થાય છે.

રાક્ષસ—(ઘરેણાં બ્હાર કાઢી) લ્યો આ આભૂષણ શરીરપર ધારણ કરી, સર્વ અંગને શોભાવી, હાવભાવથી લોભાવી—ચાળા ચટકાથી લલચાવી દુષ્ટને ગમેતેમ કરી ફસાવજો—ઠાર કરજો—અને તમારા રાજાના ખૂનનું વેર લઈ દેશનો ઉદ્ધાર કરજો સાવધ રહી કામ કરજો અને જે કંઈ જોઇએ તે માગી લેજો. બસ એજ. જો કામ પડશે પાર તો પાસા પોબાર લ્યો હવે રજા લઉંછું.

(રાક્ષસ જાય છે).

ઇન્દુશર્મા—(સ્વગત) આહા ! મૌર્યને મારવાનો વિચાર કરી હરામી હર્ષમાંને હર્ષમાં ચાલ્યો જાય છે. ફીકર નહિ ચાલ જાઉં અને ગુરૂ ચાણક્યને આ વાતથી માહિત કરૂં.

(ઇન્દુશર્મા જાય છે.)

વિષકન્યા—હા......શ આજ સુધી તો નાયકા હતી પણ હવે તો રાજ ખટપટમાં પણ ભાગ લેનાર થઇ. રાક્ષસ જેવા અમાત્ય પણ મદદ માટે આપણી પાસે આવે છે. આહા! હવે ભાગ્યનો તે ક્યાં રહ્યો પાર.

મૌર્ય સરીખા લાવું ફસાવી હાથ ઉઠાવી કરાવું સલામ;
લટકે લોભાવી નખરે નચાવું કટાક્ષ મારી બનાવું ગુલામ.
સરાબ પ્યાલી પી પીવરાવી ગાંડો કરી હું બનાવું લાચાર;
સાથે સુવાડું રસથી ભીંજાવું પળમાં પહોંચાડું યમ કેરે દ્વાર.

(પર્વતેશ્વર પ્રવેશ કરે છે.)

પર્વતેશ્વર—આહા! મહાત્મા ચાણક્યે બરાબરજ કહી મને અહીં મોકલ્યો છે. આને દેખીને વૃષલ તો શું પણ મોટા મુનીવર પણ ચળે તેમાં શું નવાઈ વાહ!

નવ યૌવના શી શોભે મનોહર શશીમુખી મંદ હાસ્યે હસ્યાથી
જાણે અનંગ આવી નાચે ઉરજ પર શાં શોભતાં વસ્ત્રછેડો ખસ્યાથી
પ્રકૃતિથી જે રકત ઓષ્ટ એના તાંબુલ ચાવ્યે અતિ રકત ભાસે
લટકે અધર પર વાણીનાં મોતી બિંદુઓ જાણે અમૃતનાં છે.

વળી—

મુકી મદન શર કટાક્ષ રૂપી ભ્રમર ચાપને ખુબ ખેંચી
ધીરે રહીને મુજ તર્ફ ફેંકે નાખતી હૈયું ભેદી
આતુર મનડું મારે ઉછાળા કંપાવતું કાય સઘળી
જઇ ચાલ ભેટું એ પ્રેમ મૂર્તિ ખુબસૂરતીની ઢગલી.

(વિષ કન્યા તરફ જાય છે).

વિષકન્યા–આહો ! કોણ કાસ્મીર નરેશ પર્વતેશ્વર ? પધારો (એક એકનો હાથ પકડી બંને ટેબલ પાસે જઈ બેસે છે) વિષકન્યા ટેબલ પરથી દારૂની શીશીમાંથી પ્યાલી ભરી પર્વતેશ્વરને ધરે છે).

પર્વતેશ્વર–આહા ! આશું ?

વિષકન્યા–

અમૂલ્ય ઇશ્કને વધારનારી
ચિંતા ઘડી માત્ર પ્રજાળનારી
પીવો પ્રિતેથી સરાબ પ્યાલી
પ્રેમી તણા પ્રેમ કેરી નીશાની.

પર્વતેશ્વર–(પ્યાલી હાથમાં લઈ) આહા ! નીશાની વાહ નીશાની !

(પ્યાલી પી જાય છે).

(પરસ્પર પીવે છે.)

પર્વતેશ્વર–આહા ! બહારનો તાપ તો શાંત થયો પણ અંતરાગ્નિ શી રીતે શાન્ત થાય !

વિષકન્યા–ચાલો અંતઃપુરમાં (બંન્ને ખાનગી સુવાના ઓરડામાં જાય છે)

(ચંદ્રગુપ્ત તથા ચાણક્ય પ્રવેશ કરે છે.)

ચાણક્ય—જો આ મૂર્ખો ચાલ્યો. ચાલ હવે સંતાઈ જોઇએ કે પરિણામ શું આવે છે. (બંન્નો જણ સંતાય છે.)

પર્વતેશ્વર—(અંદરથી) હા દગો !

ચાણક્ય—દગો ! પાપી નહોતો જાણતો કે ગુણકાની યારી તે ધન વૈભવ ઘરબાર અને અંતે જાનની પણ ખુવારી છે.

વિષકન્યા--(આઘાંપાછાં થઈને વસ્ત્રે બહાર આવી) હાય આ શું? મારો સ્પર્શ થતાં તો સ્વધામ પહોંચ્યા! હાય હવે મારી શી દશા!

ચાણક્ય--(પ્રકટ થઈ) બોલ કુલટા આ શું છે?

(સીપાઈઓ આવી પહોંચે છે.)

વિષકન્યા—એ તો અમાત્ય રા...ક્ષ...સે.

ચાણક્ય—તેને શું છે?

વિષકન્યા—મને એક શી...ઇ......સી...પાઈ હતી.

ચાણક્ય—તેથી શું ?

વિષકન્યા-કોણ જાણે તેની અસરથી મ્હારી સાથે સંભોગ કરતાં...પર્વતે ...શ્વર......

ચાણક્ય-શું મરી ગયા ? સીપાઈ પકડો અને રંડાનો શિરચ્છેદ કરાવો, તથા પર્વતેશ્વરના અંગપરનાં આભૂષણો ઉતારી મારી પાસે લાવો, અને તેના દેહને અગ્નિદાહ માટે લઈ જાવ.

(ચંદ્રગુપ્ત તથા ચાણક્ય જાય છે).

સીપાઇ—ચાલ રંડા, બહુ રોફ મારતી હતી. જો હવે તારાં કર્મનું ફળ.

૨ સીપાઇ-ભાઈ જોજો કોઈ આવી કુલટાના ફંદમાં ફસાતા, નહી તો જયારે ત્યારે આ મહારાજા પર્વતેશ્વર જેવી દશા.

(સર્વે જાય છે).

દ્વિતીય પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૩ જો.

સ્થળ બીઆસ નદીને કીનારે સીકંદરની છાવણી.

પાત્રો—હેલન, સખીઓ, ચંદ્રગુપ્ત, સેલ્યુકસ વિગેરે

હેલનના ચંદ્રગુપ્ત વિષે વિચારો, પિતા સાથે ગ્રીસમાં જવું પડશે તેથી ચીંતા. અંતે મરવું પણ ગ્રીસમાં ન જવા સંકલ્પ. નદીમાં પડતું મુકવા તૈયારી, સખીઓએ આવી તેને રોકવી. હાસ્ય-વિનોદ. ચંદ્રગુપ્તનું સાધુ વેષે આવવું. તેનો હેલનને ન જવા દેવા નિશ્ચય. એકાએક સેલ્યુકસના આવવાથી ચંદ્રગુપ્તનું જવું. હેલનની ગ્રીસમાં ન જવા પિતા સાથે હઠ. સેલ્યુકસનો તેને ગ્રીસમાં જવા સુધી નજર કેદ રાખવા હુકમ.

હેલન.—આહા !

જગતમાં જન્મીને જીવન લાવો કંઇ નવ લીધો
અભાગી આત્માએ નવ સુખ તણો પંથજ દીઠો
જીવન પંથે જાતાં દુઃખ તણી બહુ સરિત વહે
તરી જો પેહેલી જે બીજી ઝટ આવી ઉભી રહે.

ખરેખર આ સુખ શાન્તિ અને આનંદનું ખોટું પ્રતિબિંબ આપતા અસાર સંસારમાં સર્વત્ર દુઃખનોજ પ્રચાર છે. અરેરે ! અંધકારના રેહેઠાણ કારાગારમાંથી ઉદ્ધાર થતામાં તો આફતથી ભરપુર અન્ય વાદળમાં વિજળી ક્યારનીય ચમકાર કરતી જણાય છે, પિતાજી કાલે સવારે સ્વદેશ જાય છે, તો મારે અભાગિણીએ હવે શું કરવું ? હાય !

પિયુને ત્યાગીને દીવસ મુજ બીજે કયમ જશે;
હિમાંશુથી છુટી, કુમુદિની પ્રફુલિત કયમ થશે.
સુઝે ના કરવું શું, જઉં પિતા સહ કે રહું અહીં;
રેહેવું તેમાં પણ, જનક આજ્ઞા બહુ જરૂરની.

ત્યારે શું અહીંથી છાનીમાની છટકી જઇ તેમને મળુ ? અરેરે તેમ કરતાં પણ છુટકો કેમ થશે ? કદી પિતા પછવાડે નીકળી પકડે તો મારી શી વલે ? તે વખતે હું કયાં જાઉં ! કયાં સંતાઉં ? શું મુખ દેખાડું ? ત્યારે શું રજા લેવી ? હાય તેમ કરૂં તોપણ કહેવું શું ? મારે ચંદ્રગુપ્ત સાથે સ્નેહ છે એમ કહું ? હું તેમના વિના જીવન ધારણ નહિ કરી શકું તેમ કહું ? તે પણ મારા વિના બહુ પીડાય છે એમ કહું ? અરેરે! શું કરૂં ? મને તો આમાં કાંઇ સુઝ પડતી નથી. ખરેખર મારા ગ્રહજ વાંકા છે, હા દૈવ !

હરામી દૈવ ઓ નિષ્ઠુર, કહે શાં પાપ છે મારાં;
નકામો શાદ પીડીને, રીબે છે આ દુઃખી બાળા;
પડેલી શોક અર્ણવમાં, તરૂ આધાર આશાને;
બાંધી વિઘ્ન રૂપ પથરા, ડુબાવે શીદ અબળાને.

આહા !

થઇ કુરબાન તેનાપર, ખરે આ દીલ મેં સોંપ્યું;
હૃદય હીન જંખતી પીયુને, દુઃખી થઇ દુખીઆરી હું;
અંતે આશ પુરી થઇ, હૃદય આધાર દીઠા મેં;
ખર્યા તારા તણી પેઠે, થયા અદૃશ્ય ઝળકીને;

અરેરે !

ન અટકયો દૈવ હત્યારા, કરીને આટલું પાપી;
શીખાવી ગૃહ કારામાં, લોખંડ ભારથી ડાબી;
અરે ઓ ક્રૂર તજ ક્રૂરતા, જરી તો ધર દયા દિલમાં;
દુઃખીને શીદ બાળે છે, ચોપાસે દુઃખાનળમાં.

હાય ! હવે આ હેલનનો તો જીવ લોક ઉલટીજ ગયો–સંસાર અસાર થયો–જીવવાતું પ્રયોજન નજ રહ્યું અને શરીર દુઃખ માત્રનુંજ થયું અથવા તો મેં હીણભાગીએ,

ભયંકર દુઃખ ખમવાને, જગતમાં દેહ લીધો આ;
હ્રદયમાં વજ્ર રેખા સમ, ચોંટયો જીવ ઉખડે ના;

શું કરૂં ?

ગમે તે યુક્તિ કરતાં પણ, પિતા રહેવા ન દેશે અહીં;
અભાગી આંખની કીકી, કદી પ્રિય મૂર્તિ જોશે નહિ.

ત્યારે હવે જીવવુંજ શું કરવા,

જીવીને ગ્રીસમાં જાવું, વિરહ મધ્યે ઝુરી મરવા;
જુઠા દઇ પ્રેમના કોલો, હ્રદયના હારને ઠગવા.

તો હવે,

જીવન ધારણ કરીને આ, નકામું દુઃખ શીદ વેઠું;
જગત જે શૂન્યવત્ બનીયું, રહી તેમાં કરૂં શું હું;

માટે હવે તો આ અભાગી દેહનો ત્યાગ કરવામાંજ સાર છે, તો ચાલ, આ દુઃખી આત્માનો અંત લાવી આ અવતારમાં નહિ તો

અન્યમાં પણ કોઇ ક્ષત્રિ ગ્રાહ્ય જ્ઞાતિમાં ઉત્પન્ન થઇ જીવન આધારનાજ ચરણકમળની દાસી થાઉં. વાહ ! ઇશ્વર અનુકુળજ જણાય છે. અત્યારે હું એકલી છું તો હવે આ કલ્લોલ કરતાં શીતળ તરંગોને પોતાના હૈયાપર રમાડતી સરિતાનેજ ખોળે કુમળી પણ સંતાપ રૂપ આ તપથી કરમાએલી દેહલતિકા મુકી આ સંકટમય જીંદગીનો અંત લાવું.

(નદીના કીનારા તરફ ગઈ)

આહા ! ચંદ્રગુપ્ત—પ્રિય ચંદ્રગુપ્ત.

ઠગ્યા છે તમને મેં જુઠી દઇ આશા પ્રણયની;
ન દેશો વિસારી, પ્રીતમ દાસી તમ ચરણની;
નથી બેઠાં ભેગાં, નવ સુધારસ અમૃત પીધું;
નહિ પ્રેમાલાપે, પરસ્પર મનરંજન કીધું.
દયાળુ હે દેવી, જગતજનની હે વસુંધરે;
વિનંતિથી યાચું બીજે જન્મે એ પિયુ મળે.

(નદીના જળમાં દૃષ્ટિ કરી)

આહા ! સરિતા ! પુણ્ય સલિલે ભગવતિ !

હજારો જીવોને, જીવાડે ઉદરમાં ધરી અને;
તૃષાથી પીડાતા, ઘણા જીવનું દુઃખ પરહરે;
દયાળુ જાણીને તવ શરણ આવી અભાગિની;
ઉમંગે પ્રીતે લઇ જુદો કર પ્રાણ આ શરીરથી.

(એકદમ નદીમાં પડતું મુકવા જાય છે)

ડાયેના-(નેપથ્યે)

સાખી.

સુખ દુ:ખ આ સંસારમાં, નીજ કર્મ કેરી છાંયડી;
શીદ દેહને તું પરહરે, વિહ્વળ અતિ દુ:ખથી થઇ.

સખી ૨—

હત્યા કરી નીજ પ્રાણની, શું કાઢશે કહે સુંદરી;
જીવ્યે ઇચ્છિત સુખ પામશે, મુવા પછી મળશે નહિ.

(હેલન બેબાકળી થઈ જાય છે. સખીઓ પ્રવેશ કરે છે).

સખી ૧—ઓહો મારાં પતિ પરાયણ બ્હેન, શી તમારી ભક્તિ ! થોડો વખત જુદાં પડયાં તેમાં તો મરવા તૈયાર થઇ ગયાં.

ડાયેના—ચલિ ત્હારો તો સ્વભાવજ એનો એ રહ્યો. આતે કાંઇ મશ્કરીઓનો વખત છે ! ત્હને કાંઇ ખબર છે કે તે શા માટે મરવા તૈયાર થઇ હતી !

સખી ૧—ના બ્હેન અમને ક્યાંથી ખબર હોય ?

ડાયેન—ત્યારે વગર જાણ્યે જેમ તેમ બોલી બીચારીને પજવે છે શું કરવા ?

સખી ૨—તે બીચારીને એમ શા માટે કરે છે ? તું જાણતી હોય તો કારણ આપી સમજાવ.

સખી ૩—હાતો અમને પણ તેને મદદ કરવાનો કાંઇ રસ્તો સુઝે.

ડાયેના—વળી કારણ તે બીજું શું ? પિતા સાથે ગ્રીસમાં જવાનું.

સખી ૪—જા, જા હવે સ્વદેશ જવાનું તે કોઇને ન ગમે તેમ હોય ?

ડાયેના—પણ પ્રાણેશ આગળ સ્વદેશ શા હિસાબમાં.

સખી ૪-શું પ્રાણેશને કંઇ તેણે એકલીએજ જોયા છે? આપણ પરદેશીને તે વળી આ દેશમાં કોઇની સાથે પ્રેમ કેવો!

ડાયેના-બેસ, બેસ હવે પ્રેમીના હૃદયની તે વને શી ખબર?

છે પ્રેમ એવી ચીજ કે જે શત્રુ મિત્ર ન જાણતી
આફત પડે શીરપર હજારો સ્વાર્થને ન પીછાનતી
દીપક પરે બળતા પતંગો પ્રેમ ખુબી ન્યારી છે
પરવશ બની મરતા ભુજંગો પ્રેમની બલીહારી છે.

(દાસી પ્રવેશ કરે છે).

દાસી—આ સાહેબ, બહાર કોઇ સાધુ આપને મળવા ઇચ્છે છે.

હેલન-(સ્વગત) કોણ હશે! તેને અહીં શું કામ? હશે જોવાતો? (પ્રકાશ) જા તેમને દાખલ કર.

દાસી-જેવી આજ્ઞા. (જાય છે).

(સાધુ પ્રવેશ કરે છે).

હેલન-મહારાજ, આપ કયાંથી આવો છો?

સાધુ—અમારો ઠામ શો! અમે તો ફરતા રામ.

હેલન-અહીં આવવાનું કારણ?

સાધુ—કારણ ગુપ્ત છે આટલાં બધાં માણસ વચ્ચે ઉઘાડું પડાય તેમ નથી.

સખીઓ—આહા ગુપ્ત.

સખી ૧—ચાલો બ્હેનો, એતો એના પ્રીતમને લગતું કંઇ હશે! ના કહે છે તો આપણે શા માટે સાંભળવું.

સખી ૨—હા ચાલો એ જણુની ખાનગી વાતમાં આપણે શા માટે માથું મારવું ? (જાય છે).

હેલન—કહો શી વાત છે ?

સાધુ—મગધના થનાર અધિપતિ ચંદ્રગુપ્તે આ તમને પત્ર મોકલ્યો છે.

(પત્ર આપે છે).

(હેલન પત્ર લઈ છાતી સરસો ચાંપે છે.)

હેલન—(નીચે પ્રમાણે પત્ર વાંચે છે).

આહા ! પ્રિયા,

ઉંડી આશા આપી, અચળ ત્હારો પ્રેમજ ગ્રહ્યો;
ઠગી બાળા ભોળી, ખરે બહુ પાપી હું હું બન્યો.
બતાવું શું મુખડું, સમીપ આવીને હું ત્હારી;
ગણી લેજે છેલ્લી, સલામ આ પત્રેથી મારી.

આહા ! છેલ્લી સલામ-હાય-નાથ-ત્હમે પણ ત્યજી દેશો ? અરેરે ! હવે મ્હારૂં કોણ રહ્યું.

(મૂર્છાવશ થાય છે.)

સાધુ વેષધારી ચંદ્રગુપ્ત.—આહા ! શો સ્નેહ ! વિયોગથી બીનારી કાગળ વાંચતામાં તો મૂર્છાવશ થઈ. વળી—

કપોલો સુંદર આ, વિરહ થકી દુર્બળ દીસે;
અને પ્રસરી છે આ, દુઃખતણી છાયા શી મુખ વિષે;

સુકાયાં અંગોને, વદન કાંતિ પણ ગઇ વહી;
પ્રદોષે ભાનુસમ, શરીર શ્રી પણ જતી રહી.

માટે હવે મૂળ રૂપ ધારણ કરવા દે બહુ વખત ગુપ્ત રહ્યામાં માલ નથી. (સાધુનો વેષ કાઢી નાંખે છે.)

હેલન--(મુર્છા વળતાં) આહા ! કયાં ગયા એ યોગી મહારાજ.

ચંદ્રગુપ્ત—(પાસે આવી).

ન તો યોગી હતો, ભોગી પ્રીયા આ પુષ્પ કુમળાનો;
છુપી રીતે પ્રવેશાર્થે, લીધો તો વેષ સાધુનો.

હેલન—કોણ ચંદ્ર.

ચંદ્રગુપ્ત—હા,

ઠગી પ્રિયાને ઝુરાવનારો, જુઠા દઇ કોલો પ્રતારનારો,
રહી દૂર આધે રીબાવનારો, હા એ હરામી ચંદ્ર આ ઠગારો.

હેલન—ના નાથ, ઠગારા તમે નથી પણ હુંજ ઠગારી છું કે,—

અઘોર કારાગારથી, બચાવનારા નાથને;
ત્યાગી જાઉં સ્વદેશમાં, તોડી પ્રણયની ગાંઠને;

ચંદ્રગુપ્ત—શું સ્વદેશ.

હેલન—હા.

પિતાજી જાયે ગ્રીસમાં, સાથે તો મુજને લઇ;
યુક્તિ ના જડે કાંઇ, શી રીતે રેહેવું અહીં.
ભયંકર આફતોમાંથી, ઉગારી આ દુઃખી બાળા;
આફત આ પણ ટાળીને, કરો આભારી તમ દારા.

ચંદ્રગુપ્ત—હાય ! મેંજ ભૂલ કરી કે પ્રિયાને પાછી સોંપી. અરેરે ! પણ—

હિત અર્થે દેશના, ગમે તે કરવું પડે;
સ્નેહ દયા સુખ ભોગવા પ્રિયા પણ ત્યજવી પડે.

હેલન—ત્યારે શું મને ત્યજીજ દેશો ? હા હતભાગિણી ત્હારૂં સર્વ બાજુથી ફુટીજ ગએલું છે.

ચંદ્રગુપ્ત-નહિ, નહિ એમ તે હોય કે,

ગૃહે જાણે લક્ષ્મી, અમૃતવર્તિ મુજ નયનની;
પ્રિયા એવી તુજને, કહે હું વસુ કયાં પરહરી.
વિહસ્ નીચે લાવું, જકું હું પૃથ્વી સહુ તુજ લીયે;
વીયોગે બીનારી, ધર ધીરજ ઉરમાં શીદ બીવે.

હેલન—

ધરૂં ધીરજ કયાંથી, શીરપર દુખાભ્રો વરસતાં;
પિતા કેરાં પગલાં પળેપળ કર્ણે ધબકતાં.
રજા માગુ છું હું પ્રીતમ આપો તો મરણની;
બીજે જન્મે જેથી, થઉં દાસી તમ ચરણની;

ચંદ્રગુપ્ત—

નીરાશા ત્યાગી દે, કહું તો અહીંથી લઇ જઉં;
અનુપમ મેહેલોમાં, ન તુજથી અળગો કદી થઉં.

હેલન—અરેરે ! પણ પિતાની આજ્ઞા વિના તે કયાંથી બને ?

ચંદ્રગુપ્ત—તેમાં વળી આજ્ઞાની શી જરૂર !

હેલન—જરૂર કેમ નહિ,

સ્ત્રીનો પાલક બાળપણમાં, પિતા કહેલો છે ખરો;
યૌવનમાં ભર્તા પ્રભુ, વાધર્કે સુત આધારો.

માટે હજુ જ્યાં સુધી હું શાસ્ત્ર વિધિ મુજબ પરણી નથી ત્યાં સુધી જનકની આજ્ઞા વિના એક ડગલું પણ કેમ ભરાય ?

ચંદ્રગુપ્ત--ત્યારે શું કરશો ?

હેલન--શું કરીશ ? અરેરે ફરી ફરી શાદને પુછો છો ? શું કરીશ તે બળીશ-મરીશ-ઝુરીશ અને દેહને ત્યાગી અન્ય અવતારમાં આપના ચરણ કમળમાં ધરીશ. બસ એજ, હવે આ દુઃખીઆરી માટે જગતમાં બીજો કોઇ પણ માર્ગ રહ્યોજ નથી.

(સખી પ્રવેશ કરે છે).

સખી—બ્હેન, પિતાશ્રી પધારે છે.

હેલન--હા નાથ જાવ-વધુ વખત રેહેશો તો સપડાઇ જશો મ્હારૂં તો જે થવાનું હશે તે થશે, પણ આપ આફતમાં ન પડો. બસ પ્રણામ—પ્રાણેશ છેલ્લા પ્રણામ.

(ચંદ્રગુપ્ત જાય છે.)

હેલન-હા ગયા ! આ દુઃખી અબળાને રઝળતી મુકી પ્રાણેશ (સેલ્યુકસ પ્રવેશ કરે છે) ગયા !

સેલ્યુકસ-(હેલનનો હાથ પકડી) ગયા ? બોલ એ નાદાન છોકરી અહીં કોણ આવ્યું હતું ?

હેલન—કોણ ? કોણ તે જીવનના હાર અને હૃદયાધાર અંતરના આરામ અને નયનાઅભિરામ.

સેલ્યુકસ—આશું ? છોકરી હાથથી ગઇ જણાય છે !

હેલન—હા પિતાજી હાથથી ગઇ છું અને અન્યની થઇ છું.

સેલ્યુકસ-અન્ય કોણ ?

હેલન—મગધના થનાર અધિપતિ ચંદ્રગુપ્ત.

સેલ્યુકસ—શું શત્રુ સાથે સ્નેહ બાંધ્યો ?

હેલન—ભલે શત્રુ કે મિત્ર પણ સ્નેહી તો સ્નેહીનુંજ વાએદાર છે. ચંદ્રગુપ્ત આપના દુશ્મન પણ મારા તો જીવનના આધાર છે!

સેલ્યુકસ—શું જીવનના આધાર ?

નાદાન થઇ એ છોકરી શું શીખ દેવા જાય છે;
ચાલ શીસમાં જઇ જોઉં છું કે શી દશા તુજ થાય છે!

હેલન—

પ્રેમ પંથે પુત્રીને રોકયે પિતા પસ્તાય છે;
પ્રેમી ખરૂં ચ્હાઇ એકને નવ અન્યને કદી ચ્હાય છે.

સેલ્યુકસ—

બસ કર એ નાદાન ભુલી ભાન સામી થાય છે,
મુજ થકી વિરૂદ્ધ થઇ શું શત્રુ સાથે જાય છે?

હેલન—

ભલે શત્રુ એ આપનો પણ માહરો દીલદાર છે,
સુખ શાન્તિનો દેનાર જીવન હાર પ્રાણાધાર છે.

સેલ્યુકસ—

પરદેશી પરધર્મી એ શું સુખ ત્હને દેનાર છે,
પુત્રી કહું છું ફરી ફરી હઠ છોડી દીધે સાર છે,

હેલન—

હૃદય મળીયું બેઉનું તો સુખ તણો ભંડાર છે;
તાણી તોષી પ્રેમ કર્યાથી દુઃખનો શીરપર ભાર છે.

સેલ્યુકસ—

છકી છકમાં છોકરી નવ મદ ત્હારો રહેનાર છે,
વિરૂદ્ધ થઈને ચાલતાં સંભાળ ત્હારો કાળ છે;

હેલન—

પ્રાણેશ અર્થે કાળ સતી તણો શણગાર છે,
કાળથી ડરનારને હજારો ધિક્કાર છે.

સેલ્યુકસ—

દયા ઉપજે દીલમાં આ પુત્રી હું તેથી કહું,
ચાલ ત્યજી હઠ ગ્રીસમાં એ મૌર્ય સમ મળશે બહુ;

હેલન—

તેજસ્વી બહુ ભાનુ છે પણ ચકોરને સંગ ચંદ્રનો,
ગણી અન્ય આપ સમાન ગ્રહું હું હસ્ત આનંદ કંદનો.

સેલ્યુકસ—ચાલ સમજાવ્યે જો નહિ માને તો જોર કરી લઇ જવી પડશે. પછી જોઉં છું કે તું એ હરામીને કેવી વરે છે?

હેલન—ભલે લઈ જાવ. સ્નેહ લગ્ન કર્યું છે તો પછી દેહ લગ્નની

શી જરૂર છે ? સાકાર મૂર્તિ અળગી કરશો તો પણ નીરાકાર મૂર્તિ હૃદયમાં વસેલજ છે.

સેલ્યુકસ—

છે વસેલ જો હૃદયમાં એ મૂર્તિ પાપી મૌર્યની;
તો હૃદય ચીરી બ્હાર કાઢીશ હું હવે મુજ શૌર્યથી.

હેલન—પિતાજી શૌર્ય કોનાપર ? એક અબળાપર !

ભલે લ્યો આ હૃદય મારૂં રહ્યું તૈયાર છુરી ભોંકો
કટારી ઝટ કાઢો બ્હાર મ્યાને ના પુરી રાખો.

સેલ્યુકસ—(દાંત કકડાવી હેલનને ધક્કો મારતો) આહા ! છોકરી તું પથ્થર અવતરી હોત તો પણ સારૂં કે અત્યારે શત્રુ સાથે સ્નેહ બાંધી મારી આબરૂમાં ધુળ નાખવા ઉભી થઈ. ઓ નાદાન એક પિતા તરીકે કહું છું કે હજુ માન.

હેલન—પિતાજી માનવાનું હાલ નહિ, હવે તો અન્ય અવતારમાં. બસ હૃદય સોંપ્યું તે સોંપ્યુંજ. કદી પાછું ફરશે પણ નહિ અને અન્યને દાખલ કરશે પણ નહિ.

સેલ્યુકસ—બસ એજ

હેલન—હા એજ

સેલ્યુકસ—ઠીક, સીપાઈ

(સીપાઈ પ્રવેશ કરે છે).

સેલ્યુકસ—આવતી કાલે અહીંથી પ્રયાણ કરવા સુધી આ છોકરીને છુટ ખસવા દેવી નહિ. જા પુર મારી સાથેના તંબુમાં. (હેલન

ન તરફ જોઈ) જોઉછું કે હવે શી રીતે તું તારૂં ધાર્યું કરે છે.)

સીપાઈ—જેવી આજ્ઞા.

(સેલ્યુકસ જાય છે).

સીપાઈ—બ્હેન ચાલો

હેલન—હા ભાઈ ચાલ આવું છું.

(હેલન તથા સીપાઈ જાય છે).

તૃતીય પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૪ થો.

સ્થળ—ગંગા નદીને કીનારે સુરેન્દ્રનું મકાન.

પાત્રો.—સુરેન્દ્ર, પ્રમિલા, મલયકેતુ વિગેરે.

પ્રમિલાનું રાત્રે બાર વાગે મૂશળધાર વરસતા વરસાદમાં પ્રેમની માગણી માટે સુરેન્દ્રને સમજાવવા આવવું. તેને જગાડવો. બંનેની દયાજનક વાતચીત-સવારે વિચાર કરવાનો રાખી બન્ને નિંદ્રાધિન થવું. પાછલી બારીએથી સુરેન્દ્રને મારવા માટે મલયકેતુનું આવવું, પણ પ્રમિલાને જોઇ તેને ઉપાડવી. ધુમરાણથી સુરેન્દ્રનું જાગી ઉઠવું. સામાસામી ગોળીબાર થતાં સુરેન્દ્રે સખત ઘાયલ થઇ નદીમાં પડવું. તેની પેહેલી પત્નીના રૂહે ઉત્પન્ન થઇ તેને ઝીલી લેવો.

(પ્રમિલા પ્રવેશ કરે છે).

પ્રમિલા—આહા ! આ.

અંધકારના ઘોર તિમિર પ્રચારમાં,
નિશા તણી સઘળે છવાયલી જાળમાં;
વર્ષા તણી ભયંકર મુશળધારમાં,
દશે દિશે ખાવા ધાતા કાળમાં.
અથડાતી પછડાતી રખડતી રઝળતી,
મુઝાતી ગુંચાતી પલળતી થથરતી;
વિદ્યુતના ચમકાર ને વાદળના ધમકારથી,
ભડકતી ચમકતી આવી અહો હું અહીં સુધી.

પણ ચાલવાનો શ્રમ તો અહીંજ પુરો થતો જણાય છે !

ગંગા કિનારે આજ એ રમણીયને રળીઆમણો,
શો મે'લ પ્રિયુનો શોભતો સુંદર અને મનહર ઘણો;
વિદ્યુત્ તણો ઝબુકો ઝપાટે શ્વેત રંગે લીંપતો,
ધરણી બધી પલ એકમાં બીજી પળે અદ્રશ્ય થતો.

પણ અરે ! આ મને શું થયું છે ! જોર કર્યે પણ ચરણ ઉપડતા નથી-દ્રષ્ટિ અન્યત્ર ખસતી નથી-શરીરમાં કંપારી છુટે છે-ગાત્રો ઢીલાં થતાં જાય છે-હ્રદયમાં ધબકારા થાય છે-જીવ મુઝાય છે-અંતરમાં કંઈ કંઈ થાય છે પણ શું તે કળી શકાતું નથી. હાય, હવે હું શું કરૂં ?

શું કરૂં સમજાય ના મનડું બહુ મુઝાય છે,
દીલ ઠરે નવ કંઈ બીજે થરથર કાયા થાય છે;

શરીર શીથિલ થઈ ગયું છતું પણ રહેવાય ના,
કયાં જાઉં તો અંતર કેરૂં દુઃખ ઓછું થાય આ.

અરે ! આમ વિચાર કરી વખત ગાળ્યે શું વળવાનું છે ? ચાલ, પરાણે પણ પગ ઉપાડી મેહેલ તરફ તો જાઉં પણ ગયા પછીયે કરવું શું ? આટલી રાત્રે તેમને નિન્દ્રામાંથી શી રીતે જગાડવા ? શું દ્વાર ખખડાવું ? તેમ કરીને પણ કવખતે કોઇના ઘરમાં પેસવાનો મને શો અધિકાર ? અથવા તો,

જીવન સોંપ્યું તેમને પછીથી ભેદ શો ગણવો;
અંતર એનાં જુઠાં નથી તો મિથ્યા ઢોંગ શીદ કરવો.

માટે ચાલ ગમે તેમ કરી તેમને જગાડું તો ખરીજ.

(બારણા આગળ જઇ સાંકળને અડકવા જાય છે.)

અરે ! પણ મારા અવિનયને લીધે તે ગુસ્સે તો નહિ થાય ? અને આ ચોકીદારો જાગી ઉઠી પકડશે તો પછી મારી શી દશા ? હશે કાંઈ નહિ; વ્હીડાશે તો પ્રાણેશ છે—હૃદયેશ છે. પણ આટલી રાત્રે એકલી આવવાનું સાહસ કર્યું તેથી મારા વિષે કાંઇ ખોટું ધારશે તો ? ફીકર નહિ ! જે કહેશે તે સહન કરીશ. એ કહેવાને પાત્ર છે-હું સાંભળવા પાત્ર છું, માટે ચાલ,

ચાલ ઓ હસ્ત થા તૈયાર કરે રકઝક નકામી શે;
ઠોકી દ્વાર સહ સાંકળ પ્રિતમને ઝટ ઉઠાડી દે.

(સાંકળ ખખડાવતી) ફરે.,

ઉઠો પ્રાણેશ ઓ પ્યારા, ઉઠો ઝટ ત્યાગી ઘો નીંદ્રા;
ભીખારણ બાર આવી છે, જપતી આપની માળા.
ભયંકર રાત અંધારી, ઝરમર મેવલો વરસે;
દયા ઝટ નાથ એ કરજો, નહીતો અહીં ઠરી મરશે.
ખેડી આફતો લાખો, પરાણે અહીં હું આવી છું;
ઘો તો યાચવા વિનતિ, તહમારી પાસ લાવી છું.

અરેરે કેમ નથી બોલતા ?

ભીનાં ચીરે થથરતી શીશીરે, પલળતી વર્ષા ધારથી
દુઃખથી કંપિત્ ભયથી સ્તંભિત્ પ્રજળતી સ્મરાંગારથી;
દુઃખાર્દ્ર વેષે નિર્જન પ્રદેશ ઉભાં અંધારી નીરાધાર બાળા;
ઉઠી નીહાળો દુઃખ આ નીવારો, દયા ધરીને દીલમાં ઓ પ્યારા.

(જાગીને દ્વાર ઉઘાડયા વિના).

સુરેન્દ્ર—

દબાતે સુરે ધબકતે ઉરે, અવાજ આપે મુજ કર્ણ શેનો;
અંધારી રાતે ગંગાના ઘાટે બચાવા માટે પોકાર કોનો.

(દ્વાર ઉઘાડી બહાર આવી)

આવી દશામાં ભયંકર નીશામાં,
અહીં આવનારાં છો કોણ જાતે;
કરી અગણના ભય દુઃખ કેરી,
સાહસ કર્યું આ શા કામ માટે ?

પ્રમિલા—

ભુલી ગયા શું કેવી મંદીરે,
જ્યાં પ્રાણી હિંસક તમ પર ધસ્યુંતું;
હિંમત ધરીને ભય દૂર કરીને,
સાહસ કરી જેણે પુરૂં કર્યુંતું.
તે આ કુમારી દુઃખીઆરી બાળી,
દુઃખ શીર વર્ષે તમ પાસ આવી;
કરો ગમે તે રૂચે આપને તે,
અરજી દુઃખીની દીલ મધ્ય લાવી.

સુરેન્દ્ર—કોણ પ્રમિલા?

પ્રમિલા—હા નાથ,

અનંગ તાપે સ્મરની સંતાપે, દુર્દૈવ યોગે ઝુરતી વિયોગે;
ભાગ્યે ફુટેલી દૈવે કુટેલી, હા આ પ્રમિલા દુઃખમાં ડુબેલી!

સુરેન્દ્ર—આવે વેષે અહીં આવવાનું શું કારણ?

પ્રમિલા—કારણ?

અજાણ્યા થઇ પુછો છો શું, કારણ તો એ જાણીને,
મુખે કેહેતાં હું શરમાઉં, સમજવાનું તે મનમાં છે.

સુરેન્દ્ર—પ્રમિલા–પ્રમિલા લાચાર છું, તે બાબતમાં હું કાંઇ પણ કરી શકું તેમ નથી.

સંભારી યોગ તે દીનનો, ઉજડ વનમાં મળ્યાં જ્યારે;
દીઠેલું પ્રેત પ્યારીનું, સુણેલા શબ્દ જે ત્યારે;

અહો વર્તમાન સમ ભાસે, ફરે ચોપાસ મૂર્તિ એ,
દીધેલો કોલ તો મારા, સ્મિતિના પંથમાં આવે.

પ્રમિલા—ત્યારે શું આ દુ:ખીઆરીને દુ:ખમાંજ ઝુરી મરવાનું ? શૂન્યવત થએલા જગતમાં સખાવિણુજ ફરવાનું ? હાય !

કરી યારી તમારી મેં, અતિ વિશ્વાસ રાખીને;
હવે શીદને દગો દો છો, સમુળી આશ કાપીને;
ગયું પાછું નહિ આવે, વચન દીધેલ પાળ્યાથી;
જીવન નિરસ કરો શાને, ખુવારી આકરી મારી.

સુરેન્દ્ર—

અરેરે હાય નવ બોલો, નહી સાંખાય શબ્દો આ;
ચીરાઇ જાય છે હૈયું, પડે ઉંડા હૃદયમા ઘા.
જવા દો વાત એ સઘળી, બીજું લ્યો ચાય તે માગી,
બન્યો લાચાર કરો ના ભ્રષ્ટ દીધેલા કોલને ત્યાગી.

પ્રમિલા—બસ,

માગું પ્રેમના શબ્દો નથી, તે વિણુ કંઇ ઇચ્છા;
કરી રકઝક દુ:ખી બાળા, રીબાવો ના ઝુરાવો આ;
હૃદય પ્રાણેશ લટકયું આ, તમારી આશાપર છે જે;
ડબાવવું કે ટકાવી રાખવાનું તે તમારે છે.

સુરેન્દ્ર—આહા !

જવું ઉત્તર કે દક્ષિણમાં, પડેલા પંથ આ બે છે;
કરવું શું સુઝે ના કંઇ, બન્યો હું અંધ અત્યારે;

મન લોભાય બાળા જોઇ, કરવા ચાય છે યારી.
પ્રિયા મુજ મૃત ભુલાવે છે, ત્રિશંકુ સમ ગતિ મારી.

પ્રમિલા—મન લોભાય છે તો શા માટે મુઝાઓ છો.

પતિને પત્નીથી થએલા, કરારો લગ્ન સમયે જે;
મરી જોનાર તેમાંથી, તરત તેતો પુરા થાયે;

વળી—

મરણ સમયે વચન લઇ, સ્ત્રી પતિને જો દુભાવે છે;
નિઃસંદેહ તે નારી, પતિવ્રતને ગુમાવે છે.

સુરેન્દ્ર—અરેરે ! આમાં મારે શું કરવું ? જો ફરીથી પરણું તો વચનનો ભંગ કર્તા થાઉં છું—અને નથી પરણુનો તો ઉપકારી તરફ અપકાર કર્તા કહેવાઉં છું, હાય, મને તો આમાં કાંઇ સુઝતું નથી. માટે કહો ઓ સુજ્ઞ કુમારી તમેંજ કહો—જે કહેશો તે કરવા તૈયાર છું.

પ્રમિલા—અરેરે ! હજુ પણ મારો અભિપ્રાય માગવાનો રહ્યો. આપ કર્તા છો–જે ગમે તે કરવા શક્તિમાન છો, તો મને શા માટે પુછોછો ? કોઇ સુજ્ઞ વેદાંત જાણુનાર બ્રાહ્મણને બોલાવું પુછી જુઓ કે એમાંથી કયું પાપ નાનું અને કયું મોહું; પછી જે ઓછું નુકશાન કર્તા હોય તે કરો.

સુરેન્દ્ર—(વિચાર કરી) ઠીક, તહમે કહો છો તેમ કરવા તૈયાર છું. સહવારે કોઇને પુછીશું અને જે ઉચિત હશે તે કરીશું.

પ્રમિલા—ત્યારે હું તો હવે રજા લઉંછું. આપને આટલી રાતે ઉંઘમાંથી ઉઠાડી હેરાન કર્યા તે માટે માફી માગુછું.

સુરેન્દ્ર—પણ આવી ભયંકર રજનીમાં એકલાં શી રીતે જશો ?

પ્રમિલા—જે રીતે આવી હતી તે રીતે ?

સુરેન્દ્ર—નહિ, નહિ અત્યારે તો અહીં જ સુઈ રહો, આવે વખતે સાહસ ખેડવાનું શું પ્રયોજન, સ્હવારે વેહેલાં ઉઠી જજો.

પ્રમિલા—(સ્વગત) સ્ત્રી જનથી પારકે ઘેર કેમ સુવાય ? અરેરે ! પણ પારકું શા માટે ગણવું ? (પ્રકાશ) મારા અહીં સુવાથી આપને કંઇ અડચણ પડશે તો ?

સુરેન્દ્ર—નહિ, મારે કોઇ પણ જાતનો વાંધો નથી. અંદરના દીવાનખાનામાં તમે સુઇ જાવ અને હું અહીં બહાર પથારી કરૂં છું.

પ્રમિલા—જેવી આપની ઇચ્છા.

(સુરેન્દ્ર ઉપર કહ્યા મુજબ કરે છે. અને બન્ને પોત પોતાની જગોએ સુઈ જાય છે. મલયકેતુ પાછલી બારીએ દેખાય છે)

મલયકેતુ—(દીવાનખાનામાં સુતેલી પ્રમિલાને અચાનક જોઈ) હા આતો એજ.

> મનમાં રાખેલી હૃદયે વસેલી,
> દીસે મનોહર મુગ્ધા શી બાળા;
> અનિલ જોરે આવી કપોલે,
> કુંતલ જગાવે અનંગ જવાળા;
> કાન્તિ નીશાકર શાન્તિનો સાગર,

જાણે સુધાકર ઉગ્યાં શીતાંશુ.
સર્વાંગ સુંદર રસથી છલાછલ,
શું ચાહું ને હું શું બાકી રાખું ?

માટે ચાલ હવે તો આનેજ ઉડાવી જાઉં ? પેલાને મારીને શું કામ છે ? ગોળથી અર્થ સધાતો હોય તો ઝેર વાપરવાની શી જરૂર ?

(મલયકેતુ દીવાનખાનામાં ઉતરી પ્રમિલાને ઉપાડી નદીમાં ઉતરવા જાય છે, પ્રમિલાની બુમોથી સુરેન્દ્ર જાગી ઉઠે છે. અને પાપીની પાછળ પડે છે. દુષ્ટ નદીમાં સહીસલામત નૌકામાં બેસે છે. અને સામાસામી ગોળીબાર થતાં સુરેન્દ્ર મલયકેતુની ગોળીથી ઘાયલ થઇ નદીમાં ગબડી પડે છે. તેની પેહેલી સ્ત્રીનું રૂહ ઉત્પન્ન થઇ તેને પડતો ઝીલી લે છે. પ્રમિલા આ જોઇ મૂર્છિત થાય છે અને પાપી ચાલ્યો જાય છે.)

ચતુર્થ પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાક્ષસનું મકાન.

પાત્ર—રાક્ષસ, ચંદનદાસ, દારૂવર્મા, રાક્ષસની સ્ત્રી તથા બાળકો વિગેરે.

રાક્ષસના વિચારો, ચંદનદાસનું આવવું. ચંદ્રગુપ્ત નગર પ્રવેશ કરે છે તેવી ખબર આપવી. સુથાર દારૂવર્માને બોલાવી લાલચ આપી બરાબર કમાનની મધ્યમાં ચંદ્રગુપ્તની હાથણી આવે તે વખતે તોડી પાડવા

સમજાવવો. ત્યાંથી બચે તો કચેરીની દીવાલની ભીંતોમાં બાગુસો રાખી વખત આવ્યે ચંદ્રગુપ્તને ઠાર કરવા યોજના ત્યાર બાદ ચંદનદાસને પોતાનું કુટુંબ સોંપી રાક્ષસે મલયકેતુની મદદ માટે જવું.

રાક્ષસ—આહા !

અસાર આ સંસારમાં, અધર્મનો પ્રચાર છે;
ધર્મનીષ્ટ સૌ ખુવાર થાતા, પાપીના પોબાર છે.
મહેન્દ્ર કેન્દ્ર સમ નરેન્દ્ર, નંદના બુરા હાલ છે;
પાપી કૃતઘ્ની વૃષલને, લક્ષ્મી માલામાલ છે.
નીમકહલાલ જે સેવક સાચા, અત્યારે કંગાલ છે;
લાચાર નિરધાર, અંતે ચીંથરે હાલ છે.

હા દૈવ ! અન્યાયી દૈવ ! આમ છેક આંધળો ન થા, ત્હારા ન્યાયી રાજમાં અન્યાયની પતાકા ન ફરકાવ; અરે જો,

થઇને સુસ્ત સુનો શું, ઉઘાડી આંખ જો અંધા;
ન્યાયી રાજ્ય ત્હારામાં, અધર્મી શા કરે ધંધા.
કરે ધંધા બુરા તોયે, વિજય શીદ તેમને આપી;
કરે હેરાન સતીઆને સમુળી આશ તું કાપી.

અરે પણ આમાં મારે શા માટે સંતાપમાં પડવું ? શત્રુની ઉન્નતિ જોઇ શા માટે દાઝથી બળવું ? એતો સત્ય છે સૌ ઉગવાનેજ નમે છે. વળી.

એક દીને રહે પૂર્ણ ચંદ્રમા, અન્યે અપૂર્ણ છે;
દેવ જેવા સહે દુઃખતો જન કોણ છે.

સૂર્યનારાયણ પણ પશ્ચિમોદધિમાં ડૂબે છે તો મનુષ્યોની તો વાત જ શી કરવી ? માટે

આ ઉદયાસ્ત ચક્ર સંસારમાં ફર્યા કરે જે,
તેને થઇ આધીન સર્વને રહેવું પડે છે;
દશ શત કર ધારી વ્યોમ મંડળ વિહરતો,
વિધુ પણ વખત આવ્યે રાહુનાથી ગળાતો.

અરે પણ આમ વિચારના વમળમાં ચઢી હું ક્યાં સુધી વખત ગાળીશ! શત્રુ ચારે બાજુ બળવાન છે અને આપણા તો સર્વ બાજુથી પાસા અવળાજ પડતા જાય છે. સર્વાર્થસિદ્ધિને ગાદીપર બેસાડ્યો તો તે પણ કંટાળી જંગલ વાસી થયો. વિષકન્યાને ચંદ્રગુપ્તને ઠેકાણે કરવા યોજી તો બિચારો પર્વતેશ્વર કસાઇ સ્વર્ગે ગયો, અને દુશ્મન આખા રાજ્યનો ભોગી થયો. અરેરે દશા! દશા તું શું નથી કરતી?

પળમાં બનાવે રાય તું, રખડતા એક રંકને;
તવંગર પણ દીન બનતો, દશા પ્રભાવે તુજ તણે.
શાહબી સંસારમાં મનુષ્યો જે માણતા,
દશા તુજ પ્રભાવથી વનવન વિષે તે રખડતા,
જ્યમ રંગ ઋતુના વર્ષમાં વારંવાર બદલાય છે,
ત્યમ મનુષ્ય કેરી જીંદગીમાં ઢંગ તુજ પલટાય છે.

અરેરે! શત્રુના ગ્રહ માફકજ જણાય છે. હશે ફિકર નહિ. ગમે તેમ થાય તો પણ સ્વામીના ખુનનું વેર લેવાનોજ—પાપીઓને તેમના પાપનો બદલો દેવાનોજ.

દેહ ત્યાગું પ્રાણ ત્યાગું, ત્યાગું સગાં સંબંધી સૌ;
ગૃહ ત્યાગું લક્ષ્મી ત્યાગું ભલે હું એ હાલ ઘડી

હું જાતે હું એકલો પણ ખોળીઆમાં પ્રાણ છે,
તો મગધ તખ્તપર સખ્ત થઇને બેસાનારૂં કોણ છે?

(ચંદનદાસ પ્રવેશ કરે છે)

ચંદનદાસ—

કોણ કોણ છે શું કરો શત્રુ થયો તૈયાર,
નગર મધ્યે પ્રવેશ કરવા વૃષલ કરે વિચાર,
શહેર બધું નીજ હામથી શણગારીયું છે આજ,
દરબાર વિષે ગમન કરવા રચી કમાન છે ખાસ.

રાક્ષસ—કોણ છે સુથાર એ કમાનનો રચનાર?

ચંદનદાસ—દારૂવર્મા.

રાક્ષસ—સીપાઇ,

(સીપાઇ પ્રવેશ કરે છે)

સીપાઇ—મહારાજ આજ્ઞા.

રાક્ષસ—જા તે કમાનના બનાવનાર સુથાર દારૂવર્માને મારી પાસે બોલાવી લાવ.

સીપાઇ—જેવી આજ્ઞા. (જાય છે).

ચંદનદાસ—મહારાજ સુથારને બોલાવી શો વિચાર રાખો છો?

રાક્ષસ—વિચાર—વિચાર તો શત્રુને ખુંદી નાખવાનો—મૃત સ્વામીના ખુનનું વેર વાળવાનો.

ચંદનદાસ—શી રીતે?

રાક્ષસ—શી રીતે તે સુથારને સમજાવીને—શત્રુ બરોબર નીચે આવે ત્યારે કમાન પડાવીને.

ચંદનહાસ—મહારાજ, સુથારને આવું ભયંકર કામ કરવા સમજાવવો મુસ્કેલ છે.

રાક્ષસ—મુસ્કેલ.

મુશ્કેલ આ સંસારમાં, નવ ચીજ દીઠી મેં કંઇ,
સુથારને સમજાવવો તેમાં મુશ્કેલી છે નહી,
જો હોય પાસે દામ તો આલમ બધી ગુલામ છે,
ગુંજાત શી સુથારની કે ભીડે તે સહુ હામને,

ચંદનહાસ—ત્યારે શું દામથી કામ કાઢી લેવા માગો છો ?

રાક્ષસ—હા કામ કાઢી લેવા માગુ છું—પાપીને મોકલવા મોટે ધામ માગું છું.

ચંદનહાસ—પણ કદાપી ત્યાંથી બચશે તો ?

રાક્ષસ—બચશે તો કચેરીની પોલી ભીંતોમાં આપણાં માણસ સંતાડી રાખવાં કે જે દરબાર વખતે વખત આવ્યે દુસ્મનને પુરો કરે.

(સીપાઈ પ્રવેશ કરે છે.)

સીપાઇ—મહારાજ સુથાર આવ્યો છે.

રાક્ષસ—સત્વર તેને દાખલ કર. (સીપાઇ જાય છે)

(સુથાર નમન સાથે પ્રવેશ કરે છે)

રાક્ષસ—આવો, તમે તહમારા જુના રાજાને ચ્હાવ છો કે નવા થનારને ?

સુથાર—મહારાજ અમને તો અમારા જુના રાજા બહુજ ગમતા હતા, અને તે અમારી ઘણીજ સંભાળ રાખતા, પણ આ નવા થનાર રાજાતો કોણ જાણે કેવાય નીકળશે ?

રાક્ષસ—ત્યારે તમારા માજી રાજાનું કંઇ કામ હોય તો તે કરો ખરાકે ?

સુથાર—કેમ નહિ મહારાજ, કામ તો શું પણ અમારો જાન આપવાનો હોય તો પણ પાછી પાની ન કરીએ તો—

રાક્ષસ—શાહબાશ, ધન્ય છે આવા રાજ્યભક્તોને ! જો સઘળા આવા ધર્મનિષ્ટ મનુષ્યો પાકે તો આવો દીવસ નજ આવે. ઠીક, કચેરી આગળ નગર પ્રવેશ માટે કમાન તમે બાંધો છો કે ?

સુથાર—જી હા.

રાક્ષસ—તો જ્યારે વૃષલ ધામધુમ સાથે તે કમાનની બરોબર નીચે આવે ત્યારે કમાન તુટી પડે તેવી યુક્તિ કરશો ?

સુથાર—મ્હારા બાપ—પકડાઉં તો ?

રાક્ષસ—ચુપ, લ્યો આ ઇનામ કામ પાર પડશે તો તમને ન્યાલ કરીશું. જાવ જાળવીને કામ કરશો તો પકડાવાની કશી બીક નથી. પણ જોજો હો આ વાત કોઇને કાને ન જાય.

સુથાર—(ઇનામ દેખી મલકાતો) વાહ મહારાજ, એમ તે થાય કે.

રાક્ષસ—બસ એજ કરો ફતેહ.

(સુથાર ખુશી થતો જાય છે).

રાક્ષસ—કામ ફતેહ—કેમ ચંદનદાસ, જોયુંકેની કે લક્ષ્મિ દેખી મુનીવર પણ ચળે છે.

ચંદનદાસ—હા મહારાજ, આપ ધારો તો શું ન કરો ?

રાક્ષસ—પણ મારે હવે આ સ્થાનમાં રેહેવું યોગ્ય નથી.

ચંદનદાસ—તો ક્યાં જશો ?

રાક્ષસ—ક્યાં જઇશ ? પર્વતેશ્વરના દીકરા મલયકેતુ પાસે જઇશ. તેની મદદ લઇશ અને કરેલી યુક્તિઓમાં ન ફાવ્યો તો શત્રુપર ચ્હડાઇ કરી કરેલા અનિષ્ટનો બદલો લઇશ.

ચંદનદાસ—પણ મલયકેતુ કેમ તમને મદદ કરશે ?

રાક્ષસ—પોતાના પિતાને ચાણક્યેજ મરાવ્યો છે એમ તે જાણે છે. તેથી જનક મૃત્યુનું વેર લેવાને જરૂર મને મદદ કરશેજ.

ચંદનદાસ—ત્યારે હું પણ આપની સાથે આવું તો ?

રાક્ષસ—એ શું બોલ્યો ? તું આવે તો અહીં કોણ ? મારાં નાનકડાં છોકરાંની સંભાળ કોણ લે ? માટે ત્હારે તો અહીંજ રેહેવાનું—મ્હારા કુટુંબને સાચવવાનું અને જીવ જતાં પણ શત્રુના હાથમાં નજ જવા દેવાનું, કેમ થશેને ?

ચંદનદાસ—આપ જે કહેશો તે કરવા તૈયાર છું. મિત્ર બની આવે વખતે મદદ નહી કરૂં તો કયારે કરીશ, તેમાં વળી સંભાળ રાખજે એવું કહેવું પણ શું કરવા પડે ? અમાત્ય રાક્ષસનું કુટુંબ એ મારૂં પોતાનુંજ છે—અરે તેથી પણ અધિક.

સાથે ફરી સુખ ભોગવી ઉન્નતિકેરા કાળમાં,
આપત સમયે ત્યાગીને શું પડું પાપની જાળમાં;
ચીડે ભલે રીએ ભલે મુજ પ્રાણને પણ લે ભલે,
અમાત્યના કુટુંબનો કદી વાળ શું વાંકો કરે !

માટે તે બાબતમાં આપ નિશ્ચિંત રેહેજો અને જ્યાં ફરવું હોય ત્યાં સુખેથી ફરજો.

રાક્ષસ—સીપાઇ.

(સીપાઇ પ્રવેશ કરે છે.)

સીપાઈ—મહારાજ આજ્ઞા.

રાક્ષસ—આ ઘરનાં સર્વ માણસોને હાજર કર,

સીપાઇ—જેવી આજ્ઞા.

(જાય છે).

રાક્ષસ—આહા !

સંપત્તિને નીજ યત્નથી, મેં સ્વાર્થ પણ અળગો કર્યો;
થાકયો ફરી ફરી સ્વામી અર્થે, દુઃખથી અંતે મર્યો.

(સ્ત્રી તથા બાળકો પ્રવેશ કરે છે)

ત્યાગીને દીન બાળકો વળી સાથ પવિત્ર ગૃહિણીઆ;
જાઉં છું નિર્દય બની કહો બાકી શું ખુવારીમાં.

શાક્ષસની સ્ત્રી—પ્રાણેશ, શા માટે બોલાવી ?

રાક્ષસ—શા માટે ? હાય ! કહેતાં જીભ પણ ઉપડતી નથી.

સ્ત્રી—બોલો નાથ, કહેશો તે કરવા તૈયાર છું. અટકાવ છો શા માટે ?

ભાગી આ દોલત તણા સંસારમાં હજાર છે;
પણ આપત્તિમાંતો સ્વામીની ફકત સ્ત્રીજ ભાગીદાર છે.

રાક્ષસ—આહા ! શું જ્ઞાન ! શી વાત્સલ્યતા ! અરેરે હું જ અભાગી કે,

પાળી પોષી ઉછેરીને મોટી કરી સ્ત્રી ગાય આ;
અંતે બનીઓ ક્રૂર છું કસાઇ પેઠે મારવા.

બાળકો—બાપા ! બાપા ! શું મોને મારી નાંખો છો?

રાક્ષસ—ના બેટા મારતોતો નથી પણ તેથીએ વિશેષ કરૂં છું. તમને તથા તેને નીરાધાર મુકી અળગાં કરૂં છું.

બાળકો--શા માટે?

રાક્ષસ—ખાધેલું નીમકહલાલ કરવા માટે! સ્વામીના અનિષ્ટનું વેર લેવા માટે! અને ગઇ દોલત પાછી મેળવવા માટે!

સ્ત્રી—શું મહારાજા નંદને માટે?

મ્હાય તો અળગી કરો હું દુઃખને ગણતી નથી;
સ્વામી અર્થે મરણથી પણ લેશ હું બી'તી નથી.

રાક્ષસ—શાબાશ ત્હારી આવી ભક્તિ જોઈ મ્હારાં પણ રૂંવાં ઉભાં થઇ જાય છે. જા, આ ચંદનદાસ સાથે. કશી ફીકર રાખીશ નહિ. તે એક ભાઇ પેઠે ત્હારી સંભાળ રાખશે.

બાળકો--પણ પિતાજી તમારા વગર અમને કોણ રમાડશે? ખોળામાં બેસાડી કોણ જમાડશે!

રાક્ષસ—બેટા, આ ચંદનદાસ કાકા મ્હારી સઘળી ગરજ સારશે. ફીકર કરશો નહિ અને તેમને પજવશો નહિ. (છોકરાંને છાતી સરસાં ચાંપી ચંદનદાસને સોંપે છે) ભાઇ ચંદનદાસ, હું જાઉં છું; સર્વની સંભાળ રાખજે.

ચંદનદાસ—તેની બીલકુલ ચીંતા કરશો નહિ.

રાક્ષસ—લ્યો ત્યારે જાઉં છું, ઇશ્વર તમારી સંભાળ રાખો. (જાય છે).

ચંદનદાસ—આહા! શી ભક્તિ!

સ્વાર્થ અર્થે જગતમાં એવા સ્વામીની સૌ કરે;
પણ આપત્તીમાં નીજ શેઠ અર્થે વીરલાજ રવડી મરે.

બ્હેન ચાલો.

(સર્વે જાય છે)

પંચમ પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રાજ દરબાર.

પાત્રો—ચંદ્રગુપ્ત, વૈરોચક, ચાણક્ય તથા દરબારીઓ વિગેરે.

ચંદ્રગુપ્ત તથા પર્વતેશ્વરના ભાઇ વૈરોચકનું હાથણીપર પ્રવેશાર્થે આવવું. કમાનમાં કંઇ ભેદ જાણી ચાણક્યે વૈરોચકની હાથણી આગળ કરવી. કમાનનું તુટવું, વૈરોચકનો વિનાશ તથા સુથાર દારૂવર્માને ગોળીબાર, ચંદ્રગુપ્તનું ગાદીપર આરૂઢ થવું. ચાણક્યે ભીંતપર કીડીઓને ભાતના દાણા લઇ જતી જોઇ કંઇ કપટ ધારી સુરંગથી કચેરીનો વિનાશ કરાવવો. રાક્ષસનાં રાખેલાં ભીંતર માણસોનો નાશ.

(ચંદ્રગુપ્તની હાથણી કમાન આગળ આવતાં કમાન હાલ્યાથી)

ચાણક્યા—(સ્વગત) અરે ! કાંઇ દગો તો નહિ હોય ! મારે આફતમાં શા માટે પડવું ? ચાલ, ચંદ્રગુપ્તને બદલે વૈરોચકની હાથણી

પેહેલી મોકલીએ. દગો હશે તો તે પુરો થશે, અને ટાટે પાણી એ ખસ જશે.

(પ્રકાશ) વૃષલ, મહારાજા પર્વતેશ્વરે આપણને ઘણીજ મદદ કરી છે, માટે ખાસ તેમનાજ માનાર્થે વૈરોચકની હાથણી આગળ જવાદો.

ચંદ્રગુપ્ત—હા સત્ય છે. તેમજ થવું જોઇએ.

(તેમ કરે છે).

(વૈરોચક બરોબર કમાન નીચે જાય છે એટલે કમાન તુટી પડે છે અને વૈરોચક મરણ પામે છે. સુથાર દારૂવર્મા પકડાય છે અને ગોળીબાર થાય છે. ચંદ્રગુપ્ત આગળ જઇ સિંહાસનપર બેસાડે છે.)

ચાણકય—(કચેરીમાં બેસતાં) ભાઇઓ, આજ મહારાજા વૈરોચકનું દુસ્મનની ખટપટને લીધે અકાળ મૃત્યુ થયું છે, માટે તેમના શોક અર્થે દરબાર આજે વિસર્જન થવો જોઇએ.

ચંદ્રગુપ્ત—સત્ય છે.

(સર્વે જાય છે. ચંદ્રગુપ્ત અને ચાણકય એકલા રહે છે.)

ચાણકય—હા ! જોયો દુસ્મનનો પ્રપચ ! તું આગળ આવ્યો હતે તો શી દશા થાત ? આહા ! રાક્ષસ—રાક્ષસ ! ખરેખર મગધના અમાત્યપણા માટે તો તુંજ લાયક છે.

(ભીંતપર કીડીઓ જતી જોતાં).

પણ અરે ! આ નવી બનાવેલી ભીંતોપર કીડીઓ ભાતના દાણા લઇને જાય છે એ શું ? તેમાં તો કાંઇ કપટ નહિ હોય ફીકર

નહિ, ચાલ આખી કચેરીજ ઉડાવી દેવરાવું પછી જે હશે તે સૌ જણાશે. સીપાઈ.

(સીપાઈ પ્રવેશ કરે છે.)

સીપાઇ—મહારાજ આજ્ઞા.

ચાણુક્ય—જા. અંદર દારૂ ભરાવી આ આખી કચેરી ઉડાવી દેવરાવ—સળગાવ અને તેનો નાશ કરો.

સીપાઈ—જેવી આજ્ઞા. (જાય છે).

(ચંદ્રગુપ્ત તથા ચાણુક્ય જાય છે).

(મોટા અવાજ સાથે કચેરી તુટે છે. અને ભીંતોમાં રાક્ષસનાં માણસો નાશ થતાં દેખાય છે.

છઠો પ્રવેશ સમાપ્ત.

॥ इति श्री द्वीतियऽङ्क ॥

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ચાણુકયનું ગૃહ.

પાત્રો—ચાણુકય, નિપુણુક, સીદ્ધાર્થક, ચંદનદાસ વિગેરે.

ચાણુકય પ્રવેશ કરે છે, નિપુણુક આવે છે. નિપુણુકે નગરની છુપી બાતમી આપવી, તથા ચંદનદાસના ઘર આગળથી જડેલી રાક્ષસની મુદ્રા આપવી, ચાણુકયે સીદ્ધાર્થકની મારફતે રાક્ષસની વિરૂદ્ધ શકટદાસ પાસે લેખ લખાવવો. શકટદાસને શૂળીએ ચઢાવવા ચાણુકયનો હુકમ તથા સીદ્ધાર્થકને તેને શૂળીપરથી બચાવી રાક્ષસ પાસે લઇ જવા કહેવું. ચંદનદાસને બોલાવી ચાણુકયે રાક્ષસનું કુટુંબ પોતાને સોંપી દેવા કહેવું. ચંદનદાસે તે ન માનવું, તેને પણ શૂળીનો હુકમ-

(ચાણુકય પ્રવેશ કરે છે).

નિપુણુક—(નેપથ્યે)

સાખી:

યુક્તિ પ્રયુક્તિ બહુ કરે તોયે ન સરતું કાજ;
ગળવા અંતર ચંદ્રને સહુ ધરે અભિલાષ.

ચાણુકય—આહા ! આ શું ?

મદોન્મત્ત હસ્તીઓ કેરૂં પીને લોહી ઉભેલા;
અરે ! આ કોણુ ઇચ્છેછે સિંહની યાળ કાતરવા ?

વળી.

શશી સમાન તેજસ્વી મૂખારવિંદ શત્રુ સ્ત્રીઓનાં;
બાળ્યાં શોક વન્હિથી અરિ શીરને કરી જુદાં.
નિકંદન નંદનું વાળી સબળે કેર વર્તાવ્યો;
હજી રાહુ કયો બાકી રહ્યો છે ચંદ્ર ગળનારો ?

અરેરે ! પણ.

ન આવ્યો રાક્ષસ હાથ તો વિનાશ નંદનો કેવો ?
ન આવ્યો રાક્ષસ હાથ તો પ્રકાશ ચંદ્રનો કેવો ?

માટે હવે તો.

છળથી બળથી કે પછી કળથી ફસાવવો એ મહામંત્રી;
ગમે તેમ કરી જીતવો એ રાજ્ય યંત્ર તણો તન્ત્રી.

પણ જ્યાં સુધી સર્વાર્થસિદ્ધિ હયાત છે ત્યાં સુધી તેને વશે કરવાની ઇચ્છા એ ધુમાડામાં મુઠા ભરવા જેવું છે. તો હવે બસ એ તપોવનમાં તપ કરતા તપસ્વીનો ક્ષય તેજ આપણો વિજય છે ! પણ હા ! રાક્ષસ ! અમાત્ય શીરોમણિ ધન્ય છે ત્હારી સ્વામી ભક્તિનો.

આહા !

અભ્યુદયમાં સ્વામીને સેવક હજારો સેવતા;
આપત્તિમાં વિરલાજનો નીજ સ્વામીના સ્હાયી થતા.

પણ.

મરણ પછીથી શેઠના લાભ અર્થે જે મરે;
એવા તો આજકાલમાં કોકજ તુજ સરીખા જડે.

અને હાથીજ ચંદ્રગુપ્ત જેવા રાજાને તો મ્હારાજ જેવા અમાત્ય જોઇએ પણ અરે! મેં નિપુણકને ચંદ્રગુપ્ત વિષેની લોકવાયકા સાંભળવા મોકલ્યો હતો તે કેમ નહિ આવ્યો?

નિપુણક—(નેપથ્યે)

સાખી.

ચંદ્ર ચઢયો આકાશમાં કરતો સૌ જનને સુખી;
ચોર સહુ સંતાય છે અંતર મધ્ય થતા દુઃખી.

ચાણક્ય—અરે આતો કોઇ " ચંદ્રગુપ્તથી સંતાતા તથા દુઃખી થતા માણસોને હું જાણું છું એમ સૂચવે છે. સીપાઈ.

(સીપાઇ પ્રવેશ કરે છે).

જો કોઇ બ્હાર બોલે છે તેને સત્વર દાખલ કર.

સીપાઈ—જેવી આજ્ઞા. (જાય છે).

(નિપુણક પ્રવેશ કરે છે)

ચાણક્ય—કોણ નિપુણક? આવ, શી ખબર લાવ્યો? બોલ, ચંદ્રગુપ્તના દુશ્મન આ શહેરમાં કેટલા છે?

નિપુણક—દુશ્મન મહારાજ ચંદ્ર સાથે દુશ્મનાવટ ચોર સિવાય કોને હોય?

ચાણક્ય—તે ચોર તે કોણ છે?

નિપુણક—કાયસ્થ શકટદાસ અને રાક્ષસના કુટુંબને આશ્રય આપનાર વણિક ચંદનદાસ.

ચાણક્ય—શું રાક્ષસનું કુટુંબ ચંદનદાસને ત્યાં?

નિપુણક- હા, મહારાજ, આ મુદ્રિકા આપને ખાત્રી આપશે.

(મુદ્રા આપે છે).

ચાણકય—આહા, આનાપર તો રાક્ષસની છાપ જણાય છે.

નિપુણક—હુ મદારીના ખેલ કરતો ચંદનદાસનાં ઘર આગળ ફરતો હતો, તેવામાં એક નાનો પણ સુંદર બાળક આવ્યો, અને તેની માતાના બોલાવવાથી પાછો જતાં તેની નાની આંગળીપરથી આ મોટી વીંટી પડી ગઇ તે મેં લઇ લીધી અને ઉપર રાક્ષસની છાપ જોતાં આપની સન્મુખ ધરી.

ચાણુકય--ઠીક જા તને તેનું ઇનામ થોડાજ વખતમાં મળશે.

નિપુણક--જેવી આજ્ઞા (જાય છે)

ચાણકય—આહા! રાક્ષસ હાથમાં આવ્યો ! સિંહ જાળમાં ફસાવ્યો! બસ હવે તો એક બનાવટી લેખ લખાવી ઉપર મુદ્રાની છાપ લગાડી ઝટ મલયકેતુને પહોંચાડ એટલે બન્ને વચ્ચે વીરોધ થશે સીપાઈ.

(સીપાઇ જાય છે.)

ચાણુકય—જા લેખણ પત્રિકા તથા સાહીનો ખડીઓ લાવ.

(સીપાઇ પ્રવેશ કરે છે.)

ચાણુકય—આહા ! પણ લેખમાં લખવું શું (વિચાર કરી) ઠીક, મલયકેતુની સાથે રાક્ષસની સ્હાયમાં બીજા પાંચ રાજાઓ છે, તેમાંના ત્રણને મલયકેતુનું રાજ્ય તથા બેને ધન અને હાથી

ઘોડા જોઇએ છીએ એમ લખવું (સીપાઇ માગેલી વસ્તુઓ લઇ આવે છે).

ચાણક્ય—જા, સિદ્ધાર્થકને મારી પાસે મોકલ. તથા ફોજદારને કહેકે રાજદ્રોહી કાયસ્થ શકટદાસને શૂળીએ ચઢાવે, તથા વણિક ચંદનદાસને મારી પાસે લાવે,

સીપાઇ—જેવી આજ્ઞા. (જાય છે).

(ચાણક્ય લેખની રદી નકલ કરે છે.)

(સિદ્ધાર્થક પ્રવેશ કરે છે)

ચાણક્ય—કોણ સિદ્ધાર્થક ! ભાઇ અગત્યનું કામ કરવાનું છે લે, આ લેખ અને શકટદાસકે જેની સાથે તું મિત્રાચારીનો ડોળ રાખે છે, તેની પાસે આવીજ નકલ કરાવી લાવ.

સિદ્ધાર્થક—જેવી આજ્ઞા. (જાય છે)

ચાણક્ય—બસ ફત્તેહ ! હવે તો,

જુઠો જોઇને લેખ આ, મલયકેતુ ખીજાશે;
મોટો થશે ભવાડો, આંધળે બ્હેરૂં કુટાશે.
પર્વતક સુત જુદા પડચે, રાક્ષસ થાશે ખુવાર;
હવે જીત છે હાથમાં, બસ પાસા પોબાર.

(સિદ્ધાર્થક પ્રવેશ કરે છે.)

સિદ્ધાર્થક—મહારાજ આ લેખ.

ચાણક્ય—લાવ (વાંચી) લે તેનાપર આ મુદ્રાની છાપ લગાવ. અને મેં શકટદાસને શૂળીનો હુકમ કર્યો છે, તો મારાઓને

દબડાવી તેને બચાવી રાક્ષસ પાસે જજે અને તે જે ભેટ આપે તે તારી પાસે રાખજે, તથા આ લેખ વખત આવ્યે મલયકેતુને બતાવજે.

સિદ્ધાર્થક—જેવી આજ્ઞા. (જાય છે).

ચાણક્ય—બસ હવે ચંદનદાસ આવે એટલીજ વાર છે. તે રાક્ષસનું કુટુંબ નહિ આપે તો તેને કેદ કરવો એટલે રાક્ષસ પણ પોતાના મિત્રને દુઃખમાંથી બચાવવા જરૂર આવશે, અને આપણો દાવ ફાવશે. (સીપાઇ પ્રવેશ કરે છે.)

સીપાઇ--મહારાજ, વણિક ચંદનદાસ પધાર્યા છે.

ચાણક્ય—સત્વર દાખલ કર.

(સીપાઇ જાય છે).

(ચંદનદાસ પ્રવેશ કરે છે).

ચંદનદાસ—(સ્વગત) આહા !

કોપાનલ વરસાવી, હજારો જીવને બાળી;
ઉથલપાથલ કરી પૃથ્વી, નિકંદન નંદનું વાળી.
સળગતા વન્હિની સન્મુખ, જતાં નિર્દોષ ભય ભાગે,
કર્યો ગુન્હો પછી ડર અંતરે, કહો કેમ ના લાગે.

ચાણક્ય—ઓહો ! કોણ ચંદનદાસ, બીરાજીએ આ આસને.

ચંદનદાસ—મહારાજ મને અહીં શા માટે બોલાવ્યો ?

ચાણક્ય—બોલો શેઠ, આપ ગામના બરાબર ભોમીઆ છો; આ ચંદ્રગુપ્તનું નવું રાજ્ય પ્રજાને ગમે છે કે કેમ ?

ચંદનદાસ—મહારાજ એ શું બોલ્યા ? ચંદ્રગુપ્તથી તો સર્વ પ્રજા હમેશાં પ્રસન્નજ રહે છે.

ચાણક્ય--કોઇને તેની સાથે કંઈ અદાતો નથી ને ?

ચંદનદાસ—મહારાજ,

અગ્નિ સાથે તરણાને દ્રોહ શો;
ને **નાગ સાથે ભેકને વિરોધ શો.**

માટે મહારાજ ચંદ્રગુપ્તની સાથે તે વળી કોઇને અદા હોવી હશે ?

ચાણક્ય—ઠીક, ત્યારે રાજાનું કંઇ કામ હોય તો કરો ખરા કે ?

ચંદનદાસ—ઘણીજ ખુશીથી, ફરમાવો મહારાજ.

ચાણક્ય—માજી રાજાના મંત્રિ રાક્ષસે પોતાનું કુટુંબ કોને સોંપ્યું છે તે તમે જાણો છો ?

ચંદનદાસ—(સ્વગત) ઠીક, આ દુષ્ટ તો સઘળું જાણતો જણાય છે. (પ્રકાશ) ના મહારાજ તે મને ખબર નથી.

ચાણક્ય—શેઠ, આ સાચું કહો છો ?

ચંદનદાસ—હા મહારાજ, તે બાબત હું કાંઇ જાણતોજ નથી.

ચાણક્ય—શેઠ, મ્હેં સાંભળ્યું છે કે તે તમારાજ ઘરમાં છે.

ચંદનદાસ--શું મારે શીર આવો જુઠો આરોપ ?

ચાણક્ય--હા, શેઠીઆ, માની જાવ, નહિ તો રાજદ્રોહી ઠરશો, અને રાજદ્રોહીપર વરસે છે રાજાનો કોપ.

(નેપથ્યે કોલાહોર થાય છે).

ચાણકય—સીપાઇ જો શું છે?

સીપાઈ—(જઇને પાછો આવી) એ તો મહારાજ ચંદ્રગુપ્તની આજ્ઞાથી ક્ષપણક જીવસીદ્ધિને દેશપાર કરે છે.

ચાણકય—હરિ હરિ, શેઠ જોયું કે રાજ્યદ્રોહીની શી અવસ્થા થાય છે? માટે સોંપી દો અમાત્યના કુટુંબને.

ચંદનદાસ—ઘરમાં હોયને રાક્ષસનું કુટુંબ ન આપું તો પછી નથાને તો વાતજ શી.

(નેપથ્યે ફરી કળાહોર થાય છે)

ચાણકય—સીપાઇ, વળી આ બીજું શું?

સીપાઇ—(જઇ આવી) મહારાજ, એ તો રાજ્યદ્રોહી શકટદાસને શુળીએ ચઢાવે છે.

ચાણકય—શેઠ હજુ માનો, નકામા તમે આફતમાં ન પડો, અને અમાત્યના કુટુંબને સોંપી સુખેથી કુસુમપુરમાં રહો.

ચંદનદાસ—એટલે શું મને ડરાવો છો? એ કુટુંબ પ્રાણ જએ પણ નહિજ મળે.

ચાણકય—એજ નિશ્ચય?

ચંદનદાસ—હાજી એજ. થાય તે કરી લ્યો, મને જીંદગીની બિલકુલ દરકાર નથી.

ચાણકય—(સ્વગત) શાહબાશ ચંદનદાસ વણિક પણ તું ખરો. (પ્રકાશ) ચાલ, એમ છે તો ભોગવ હવે રાજાનો કોપ.

ચંદનદાસ—સજ્જ છું.

ચાણક્ય—સીપાઇ, (સીપાઇ પ્રવેશ કરે છે)

સીપાઇ—મહારાજ આજ્ઞા.

ચાણક્ય—જા ફોજદારને કહે કે આ લુચ્ચા વણિકને તેની માલમતા જપ્ત કરી કેદ કરે. હું વૃષલ પાસેથી તેને શુળીએ ચઢાવવા હુકમ મોકલાવું છું.

સીપાઇ—જેવી આજ્ઞા. (ચંદનદાસ તરફ જોઇ) શેઠીઆ ચાલો.

ચંદનદાસ—હા ભાઈ ચાલ. અહા ! મારા ધનભાગ્ય કે એક મિત્રના લાભમાં મારો પ્રાણ જાય છે.

(સીપાઇ તથા ચંદનદાસ જાય છે).

ચાણક્ય—(હર્ષ સાથે) હા, હવે રાક્ષસ હાથમાં આવ્યો. એના કુટુંબને માટે આ પ્રાણ અર્પણ કરે છે. તો તેને બચાવવા જરૂર એ પણ આવશેજ.

(નેપથ્યે ખળભળાટ).

ચાણક્ય—સીપાઈ, વળી આ શું ?

સીપાઇ—મહારાજ, અરે આ પેલો સિદ્ધાર્થક શકટદાસને શુળીપરથી ઉંચકી નાઠો.

ચાણક્ય—શાહબાશ સીદ્ધાર્થ માંડયા વિજયના ગણેશ. જય હો વત્સ—પ્રતેહ કરજે—ચાલ હવે હું પણ મારું કામ સિદ્ધ કરૂં.

(ચાણક્ય જાય છે).

પ્રથમ પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાક્ષસનો મેહેલ.

પાત્રો—રાક્ષસ, જાજલી, વિરાધગુપ્ત, શકટદાસ વિગેરે.

રાક્ષસના શોકજનક વિચારો, જાજલીએ આવી મલયકેતુએ મોકલાવેલા અલંકારો તેને આપવાં. વિરાધગુપ્તનું આવવું રાક્ષસની યુક્તિઓની નિષ્ફળતા વિષેની બધી ખબર આપવી. ત્યારબાદ શકટદાસનું સીદ્ધાર્થક સાથે આવવું. રાક્ષસે શકટદાસને શૂળીપરથી છોડાવ્યા બદલ સીદ્ધાર્થકને મલયકેતુના મોકલેલા અલંકારો ઇનામ આપવા. સીદ્ધાર્થકે તેની નોકરીમાં દાખલ થવું. પર્વતેશ્વરવાળા ત્રણ અલંકારો રાક્ષસે અજાણતાં વેચાતાં રાખવાં.

(રાક્ષસ પ્રવેશ કરે છે.)

રાક્ષસ—

ધરી કર રાજ્ય લગામ સંતોષ્યા લોકને જેણે
સંહારી શત્રુ વિદાર્યા દુષ્ટ પાપી જનોને
ધરણી મહીં ધુરંધર એવું કુળ નંદનું જે
તે આજ દૈવયોગે નષ્ટ મુળથી થયું છે.
તેને ખંત કરી અતિ ફરી સ્થાપવાને
ત્યાગી એશ આરામ નીદ્રા વિરામને
કરૂં ખટપટ વિધવિધ ધરી નીતિ ચિત્તે
તે સર્વ ચીત્ર દીવાઇ સમાન દીસે.

વળી—

ભક્તિ ભાવ ભુલ્યો નહિ નવ ધરી પરવા જરી પ્રાણની
સાધ્યો નહિ મેં સ્વાર્થને નવ કરી તૃષ્ણા પ્રતિષ્ઠા તણી
સ્વીકારી દાસત્વ હું ગ્રહી રહ્યો સ્વામી તણા કાજને
કે કંઇ થાય હજુયે શાન્તિ ઉરમાં શત્રુ વધે નાથને.

આહા ! લક્ષ્મિ ! લક્ષ્મિ ! ત્હને પણ શરમ ન આવી કે એક શંખણી પેઠે.

તજી નૃપ નંદ આનંદ કંદને
બની નિર્લજ્જ કરે વૃષલ સહ આનંદને !

વળી.

જડયો ના એકે આ ભુવનમાં તુજને હત્યારી
સ્વીકારી ત્હેં મૂર્ખી દાસી સુત કેરી યારી !

પણ ફીકર નહિ, બસ હવે તો,

સુપુત તાતના સુત કપુતને,
સંહારી પળમાં કૃતઘ્ની ધૂર્તને;
કાપીને સઘળાં પથમાંથી શળને,
સ્થાપું મગધમાં પુનઃ નંદ કુળને.

(જાજલી પ્રવેશ કરે છે)

જાજલી—આહા !

ટેકવતા નીજ હસ્ત રૂપ સ્તંભે ચીંતાભર શીર્ષને
યુક્તિઓ નિજ મન વિષે બહુ સજે ઉથાપવા મૌર્યને.

આહા સ્વામી ભક્તિ તે અહીં વસી જાણે ગૃહસ્થાપીને;
સ્વામી છે મૃત તોયે શામથી રહ્યા કુટુંબને ત્યાગીને.

(પાસે જઈ) મંત્રિવર પ્રણામ.

રાક્ષસ—કોણ જાજલી? કેમ કુમાર મલયકેતુ ખુશીમાં છે ને ?

જાજલી—આપ જેવાના આશિર્વાદથી શરીરે તો સુખી છે, પણ બાપનું દુઃખ જોઈ અંતરમાં દુઃખી છે.

રાક્ષસ—એમ કેમ ?

જાજલી—આપ જોશો તો જણાશે. તેમણે પણ વસ્ત્રાલંકારનો ત્યાગ કર્યો છે.

રાક્ષસ—શાથી ?

જાજલી—આપ નથી પેહેરતા તેથી. લ્યો જુઓ આ દાબડો, મહારાજા નંદના મંત્રિને એક દીનવત ફરતા જોઈ તેમણે આપને ઘણાજ આગ્રહથી અલંકાર સજવા કહ્યું છે.

રાક્ષસ—જાજલી,

સ્થાપ્યું મેં નથી પુનઃ નંદ કુળને,
શત્રુદળ હણી નીજ શૂરાતનેથી;
ત્યાં સુધી સ્વામી કાજ અથતાં,
શોભાવું ના અંગો આભૂષણેથી.

પણ કુમારનો ઘણોજ આગ્રહ છે તો જા દરબારમાં આવીશ ત્યારે પેહેરીશ.

જાજલી— કલ્યાણ હો અમાત્યજી. જાઉં છું.

રાક્ષસ—જા, અને મલયકેતુને મારી આશીષ કહેજે.

(જાજલી જાયછે).

આહા ! મલયકેતુ પણ મારે માટે આટલું કરે છે ? વાહ ! કુમાર, વિજાતિનો પણ તુજ ખરો કે મહારાજા નંદની ખાતર મારી સાથે મથી રહ્યો છે. (વિચાર કરી) આહા ! પણ મેં વિરોધકને મારી યુક્તિઓ સફળ થઇ કે નહિ તે જોવા મોકલ્યો હતો તે હજુ કેમ ન આવ્યો ? કંઇ બુરા સમાચાર તો નહિ હોય ? અરે તેમાં પણ શો સંદેહ !

કૌટિલ્યની નીતિ વેલડી સીંચાઇ બુદ્ધિના જળે;
પ્રફુલિત રહી હમેશ તે ફળ દેવીને અનુપમ ફળે.

(વિરોધક પ્રવેશ કરે છે)

વિરોધક—આહા !

જોતાં આંહી અમાત્ય રાક્ષસ અને કૌટિલ્ય પુષ્પજ પુરે;
નીતિ રૂપી સૂંઢથીજ લડતા જાણે છે માતંગ બે.
ખેંચાતી ઘડીમાં અહીં ઘડી તહી અસ્થીર પોતે ઘણી;
લક્ષ્મિ વિહ્વળ થઇ કળી નવ શકે શિર સ્થાપવો કો ધણી,

(પાસે જઇ) જય જય અમાત્યશ્રેનો.

રાક્ષસ—કોણ વિરોધક ? કહે ભાઇ કુસુમપુરની શી હકીકત ?

વિરોધક—(ગભરાતો) મહારાજ બહુ વિરૂદ્ધજ છે.

રાક્ષસ—શું ચંદ્રગુપ્તે સહીસલામત નગરમાં પ્રવેશ કર્યો ?

વિરોધક—હા પ્રવેશક કર્યો અને સુથાર દારૂવર્મા હણ્યો.

રાક્ષસ—શી રીતે ?

વિરાધક—સાંભળો, નગર પ્રવેશ વખતે વૈરોચકની હાથણી કંઈ સંશય ધારી આગળ કરી. બીચારા દારૂવર્માએ આ ચંદ્રગુપ્ત આવ્યો એમ જાણી કમાન છોડી, તેથી નિર્દોષ વૈરોચક કચરાઈ ગયો અને સુથાર પણ પકડાતાં સ્વર્ગે ગયો.

રાક્ષસ—શું વૈરોચક ગયો, અને શત્રુનો પંથ નિષ્કંટક થયો? ઠીક, પછી ભીંતર રાખેલાં માણસોએ કંઇ કર્યું કે નહિ ?

વિરાધક—શું કરે ? શત્રુની બુદ્ધિ આગળ તેમનો શો હિસાબ !

રાક્ષસ—ત્યારે શું બાકી રહેલા એટલા પણ વનના માણસો ગયાં ? હશે કાંઇ નહિ, કઠણ હૃદયવાળો વધારે માઠી ખબર પણ સાંભળવા તૈયાર છે. બોલ બીજી શી હકીકત છે ?

વિરાધક—હાય ! કહેવાતુંએ નથી. દુષ્ટે કાયસ્થ શકટદાસને રાજદ્રોહનો આરોપ મુકી શૂળીએ ચઢાવ્યા.

રાક્ષસ—ભાઈ ટેકો. વધુ સાંભળવા અશક્ત છું. અથવા શકટદાસ, તેં તો સ્વામી કાર્યમાં દેહ અર્પણ કર્યો, પણ હુંજ એવો છું કે આ અભાગી આત્માને હજીસુધી ધારણ કરી રહ્યો છું

વિરાધક—અમાત્યશ્રી શાંત થાવ હજુ તો એથી પણ માઠા સમાચાર સાંભળવા બાકી રહ્યા છે.

રાક્ષસ—તો વાર શા માટે કરે છે ? કહે ઝટ કે એકીસાથે સૌ દુઃખનો પાર આવે.

વિરાધક—મહારાજ હૃદય કઠીન કરજો—કર્ણને નિષ્ઠુર બનાવજો. આહા ! જીભ—દુર્ભાગી ત્હારે આ સમાચાર કહેવાનો વખત ક્યાંથી આવ્યો ? હશે કાંઈ નહિ. સર્વ વાતે અમાત્યને વાકેફ કરવા એ મારો ધર્મ છે. તો ચાલ તૈયાર થા. માહારાજ, શ્રોત્રી ચંદ...ન...દા...સ.

રાક્ષસ—શું તે પણ મુઓ ? (ઢળી પડે છે).

વિરાધક—ના મુઆ તો નથી પણ તેથીએ અધિક. આપના કુટુંબને આશ્રય આપ્યો માટે કેદમાં સડયા કરે છે.

રાક્ષસ—હા દૈવ હત્યારા, હવે તો હદ થઇ—ચંદનદાસ તેતો રાક્ષસજ પુરાયો. અરે, પણ મારાં નાનકડાં છોકરાં અને સુશીલ પત્નીનું શું ? તેમની શી દશા ?

વિરાધક—તેતો બીજાનાં આશ્રય નીચે સહીસલામત છે.

રાક્ષસ—આહા ! કૌટિલ્ય !

યોજી મેં વિષ કન્યકા ઘાટ ઘડવા વૃષલનો,
તેણે પામ્યો નાશ શૈલેશ અર્ધ ભોગી મગધનો.
બીજી કીધી યુક્તિઓ બહુ અરે પણ નાહી ફાવ્યો;
કૂડી નિતિ તુજ થકી અંત સર્વેનો આવ્યો.

શકટદાસ—(નેપથ્યે)

ચળી ચઢયો માળા ધરી કંઠે તો મૃત્યુતણી,
સદભાગ્યથી નયનો અભાગી નીરખશે મિત્રજ ફરી.

રાક્ષસ—આહા ! આ કર્ણમાં અમૃત ક્યાંથી ? શકટદાસ જેવો સૂર કોનો ?

શકટદાસ—(પ્રવેશ કરી)

નવે નંદ સ્વર્ગે ગયા તોયે અક્ષિણ ભક્તિથી;
ભક્ત રત્ન અમાત્યજી રાજ કાજ રચ્યા મથી.

(પાસે જઇ) જય જય અમાત્યનો.

રાક્ષસ—(એકદમ ઉઠી ભેટી) ભાઈ શકટદાસ, મારૂં સુભાગ્ય કે કૌટિલ્ય કાળના પંઝામાં સપડાયા છતાં હું તને ફરીથી નીરખવા શક્તિમાન થયો છું.

શકટદાસ—તે સર્વ (સીદ્ધાર્થકને બતાવી) આ મહાશયનાજ પ્રતાપે છે.

રાક્ષસ—(મલયકેતુનો આપેલો દાબડો ધરી) ભાઇ, લે તેં કર્યું છે તેના બદલામાં આ તો જૂજ છે પણ વખતે જે મળ્યું તે સ્વીકાર.

સિદ્ધાર્થક—(નમન સાથે દાબડો લઈ) મહારાજ લ્યો આ આપેલું ઇનામ આ મુદ્રાથી અંકિત કરી (અંકિત કરે છે) આપનાજ ભંડારમાં સુરક્ષણાર્થે મુકવા ઇચ્છું છું.

રાક્ષસ—જેવી ત્હારી ઇચ્છા. શકટદાસ, તે આપણા ભંડારમાં રાખવો.

શકટદાસ—(દાબડો લઇ છાપ જોઇ) આ છાપ તો અમાત્યશ્રીની મુદ્રાની ! ભાઇ આ મુદ્રા તને ક્યાંથી મળી ?

સીદ્ધાર્થક—કુસુમપુરમાં એક ચંદનદાસ કરીને ગૃહસ્થ છે, તેના આંગણામાંથી તે મને જડી હતી.

શકટદાસ—ભાઇ તે મુદ્રા તું અમાત્યજીને આપ. તેના બદલામાં ત્હને કંઇ ધન આપશે.

સીદ્ધાર્થક—ઓહો મારાં શા ધનભાગ્ય કે મને જડેલી મુદ્રા અમાત્યજીની આંગળીએ ચઢે ! લ્યો સુખેથી (મુદ્રા આપે છે).

રાક્ષસ—શકટદાસ, લખવાના કામમાં તારે આ મુદ્રિકા વાપરવી.

શકટદાસ—જેવી આજ્ઞા અમાત્યજીની.

સીદ્ધાર્થક—(સ્વગત) બેડો પાર. (પ્રકાશ) મહારાજ એક અરજ

રાક્ષસ—સુખેથી બોલ, કહેશે તે કરવા તૈયાર છું.

સીદ્ધાર્થક—મહારાજ, શકટદાસને શૂળીએથી છોડાવી લાવ્યો તેથી હવે કુસુમપુરનાં તો છેટાં માટે હું આપની સેવામાં રહું તો ?

રાક્ષસ—ખુશીથી શકટદાસ, તેમ કરવું. જા હવે છાવણીમાં.

સીદ્ધાર્થક—મોટી કૃપા. (સિધ્ધાર્થક તથા શકટદાસ જાય છે).

શકટદાસ—જેવી આજ્ઞા.

રાક્ષસ—બોલ ભાઇ વિરોધક, હવે કુસુમપુરની હકીકતમાં કાંઇ બાકી ?

વિરોધક—એક ખુશી થવા જેવી વાત, વૃષલ કૌટિલ્ય વચ્ચે વિરોધ. વૃષલ કહે છે કે હું રાજા, અને કૌટિલ્ય કહે છે કે રાજ્ય મારે લીધેજ મળ્યું છે.

રાક્ષસ—ઠીક, છુપે વેષે જઇ કૌટિલ્ય વધારે ઉશ્કેરાય તેવો યત્ન કર.

વિરોધક—જેવી આજ્ઞા. (જાય છે).

(સીપાઈ પ્રવેશ કરે છે)

સીપાઇ—મહારાજ શકટદાસ વીનવે છે કે આ ત્રણ મૂલ્યવાન અલંકારો વેચાય છે રાખવા લાયક છે. મહારાજની ઇચ્છા હોય તો રાખીએ.

રાક્ષસ—(અલંકાર જોઇ) ઓહો! ઘણાજ સુંદર, જા કહે કે ગમે તે કીંમતે રાખવા.

સીપાઇ—જેવી આજ્ઞા. (જાય છે).

રાક્ષસ—ચાલ હું પણ હવે કંઇ યુક્તિ રચું કે જેથી ચંદ્રગુપ્ત અને ચાણક્ય વચ્ચે વધારે જામે. તે બન્ને જુદા પડશે તો વૃષલના બાર નથી, અને તેમ કરવું પણ સ્હેલ છે. કારણકે—

રાજા છું હું સર્વનો શિરમણી એવું વૃષલ તો કહે;
મારી મહેનતથી થયો છે નૃપ આ કૌટિલ્ય એવું લહે;
સત્તારૂપીજ ભાખરોજ ગળવા માંજારી બેઉ લડે.
વાનર રૂપ બની હવે હું ઝડપું એ ભક્ષ્ય યુક્તિવડે.

(જાય છે)

દ્વીતિય પ્રવેષ સમાપ્ત.

પ્રવેશ ૩ જો

સ્થળ—જંગલમાં શિવનું મંદર.

પાત્ર—સર્વાર્થસિદ્ધિ–સીદ્ધાર્થક, સમિધાર્થક જયા, વિજયા વિગેરે.

સર્વાર્થસિદ્ધિએ આવી જંગલમાં તપ માંડવું. જયા તથા વિજયા નામની મહાદેવીનું શકિતઓની સર્વાર્થસિદ્ધિના સંબધમાં વાતચીત સીદ્ધાર્થક તથા સમિદ્ધાર્થકનું મારા વેષે આવવું. શક્તિઓનું અદ્દશ્ય થવું

સર્વાર્થસિદ્ધિનું જાગી ઉઠવું. ઝપાઝપી. આખરે દગાથી સર્વાર્થસિદ્ધિનું મૃત્યુ. જયા તથા વિજયા તેમજ મહાદેવની તેને આશિષ. તપસ્વીના શરીરના તેજનું દિવ્ય મૂર્તિમાં ભળી જવું.

(સર્વાર્થસિદ્ધિ પ્રવેશ કરે છે).

સર્વાર્થસિદ્ધિ—જોયો મેં સંસાર સાર,
સઉ જણાય દુઃખીઆં;
સુખીઆ ન કો સંસાર—સઉ,
ગરીબ કહે સુખી રાય છે.
રાજા ગરીબ ધારે સુખી;
પણ અંતે આ જગતમાં,
ગરીબ તવંગર સૌ દુઃખી.
આધિ વ્યાધિનો અંબાર,
ભર્યો માંહી વિષક્ષાર—જોયો.

આહા !

આધિ વ્યાધિ ઉપાધિથી ભરપુર આખું જગ દીઠું;
ચાખ્યું તે સૌ ફળ કટુ ના એકે નીકળ્યું મીઠું.

વળી,

જન કરતા ખટપટ બહુ બુરૂ બીજાનું તાકતા;
મિથ્યા લક્ષ્મિ કાજ લઢીને ભોગ હજારો આપતા.

ખરેખર મહાન પુરૂષોએ સંસારથી વિરક્ત રેહેવા કહ્યું છે તે બરાબરજ છે.

લોભ મોહને મદ થકી અંજાઇ સૃષ્ટિ ખળભળે;
સ્વાર્થ કાજ જન બંધુનો પ્રાણજ લેતાં નવ ડરે.
પુત્ર પિતા સંહારતો ફસાઈ લોભે રાજ્યને;
વૃષલે હણીયો નંદ એ પુરાવો પ્રત્યક્ષ છે.

વળી,

સત્ય ગયું ઢંકાઇને અસત્ય પદ પ્રાધાન્ય છે,
રાક્ષસ જેવા રઝળે વિજય મળે કૌટિલ્યને;

આહા ! વિધાતા ! કેટલો અન્યાય !

સતીયાને શીર દુઃખ સરજ્યું સુખ રહે કપટીના હુકમમાં;
ધર્મનીષ્ટ નીજ જીવન ગાળે સેવી દુર્જનના ઘરમાં.
પ્રમાણિક શીર આફત વરસે જુઠાના પોબાર છે;
ભીખ માગીને પેટજ ભરતા ધર્મીઓ બેહાલ છે.

માટે હવે તો આ શાન્તિથી ભરપુર તપોવનમાંજ ઇશ્વર સ્મરણ કરીને જીવન ગાળવું. એજ લ્હાવો અને એજ મોક્ષ.—

બસ હવે તો,

નૃપ બની આ પશું પક્ષીનો શાન્તિથી પાલન કરવું;
પરમાત્મા સહ પ્રાણ સાંધીને અન્ય આફતમાં નહિ પડવું
મનહર વૃક્ષની છાયા નીચે ફળ ફુલનું ભોજન કરવું.
તપોવનમાં તપ આદરીને આનંદે હરવું ફરવું;

વળી,

નહિ અહીં કોઇ રાક્ષસ આવી,
રાજ્ય આપવા આગ્રહ કરે;

નહિ કૌટિલ્ય એ કપટી ચાણક્ય,
ઘેરા મુજ પ્રજાને પીડે.
નહિ અહીંઆં ઉપાધી જગની,
અગાધ શાન્તિ આવી હણે;
નથી અહીં કંઇ કુટુંબ એવું કે,
આવી મુજ પછવાડે ફરે.

માટે,

ધીરજ રૂપ પિતા ક્ષમાજ જનની શાન્તિ ગૃહિણિ સદા;
સ્થાપી સત્ય હમેશ પુત્રજ પદે ભગિની દયા સુખદા.
સંયમ ભ્રાત ગણીને વસ્ત્ર દીશાનાં શય્યાજ ભુમી તળે;
જ્ઞાનામૃત અનુપમ ભોજન જમી દીન ગાળવા આ વને.

તો હવે ચાલ, આ સામે દેખાતા વૃક્ષોની ઘટામાં આવી રહેલા શિવના દેવાલયમાં આત્માંશને પરમાંશ સાથે સાંધી તપરૂપી સલીલથી આ પાપી મલીનદેહને પવિત્ર કરૂં, તથા પુનર્જન્મ પરંપરાનો આટલેથી જ અંત લાવું.

(મહાદેવનાં દર્શન કરી લીંગની સામે કાષ્ટાસન બનાવી તપ આદરે છે). (જયા તથા વિજયા નામની મહાદેવની શક્તિઓ પ્રગટ થાય છે).

જયા—(તપ કરતા સર્વાર્થસિદ્ધિને જોઇ) આ શું ! જ્યાં મનુષ્યનો પ્રચાર નથી. એવા આ અઘોર વનમાં આ રાજવંશી જેવું કોણ હશે ? વિજયા, શું દુઃખથી કંટાળી અહીં તેણે તપ આદર્યું હશે ?

વિજયા—શું હજી તું અજાણી છે ? મહાન્ સમૃદ્ધિવાન્ નંદવંશ પાય-

માલ થઇ હિંદનું રાજ્ય હવે અલ્પ સમયમાં મૌર્યવંશના તાબામાં જવાની તૈયારીમાં છે, તેની પણ તને ખબર નથી ?

જયા—હા, પણ તેની સાથે આને શું ?

વિજયા—જો સાંભળ, નંદરાજાના મરણ પછી સ્વામીભક્તિમાં લીન થએલા નીમકહલાલ બાહોશ મંત્રિ રાક્ષસે મગધની ગાદીપર સર્વાર્થસિદ્ધિને બેસાડ્યા.

જયા—તે તો સર્વ વિદિતજ છે.

વિજયા—અને રાજ્યથી કંટાળી, શત્રુએ ઘેરો ઘાલેલો હોવાથી પ્રજાને પીડાતી જોઇ તેઓ જંગલવાસી થયા.

જયા—તે પણ મને ખબરજ છે.

વિજયા— ત્યારે તેજ જંગલવાસી થનાર નંદકુળ ભૂષણ સર્વાર્થસિદ્ધિ તે આજ. સંસાર અસાર જાણી હવે તેમણે તપ કરી પુનર્જન્મનો ફેરો ટાળવા પ્રયત્ન શરૂ કર્યો છે.

જયા—જય હો એ મહાશયનો.

(મારાવેષે સીદ્ધાર્થક તથા સમિદ્ધાર્થક પ્રવેશ કરે છે).

સીદ્ધાર્થક—આહા !

ચરણ દુખ્યા ભટકયા થકી પણ પત્તો કંઇ મળીયો નહિ;
હસ્ત દુખ્યો અસિને ગ્રહી પણ શત્રુને હણીયો નહિ.

સમિદ્ધાર્થક—

ચક્ષુ દુખ્યાં નીહાળીને પણ તપસ્વી જડીયો નહિ;
અટવાથી અટવી ભમ્યા પણ ફેરો કંઇ ફળીયો નહિ.

ભાઈ સિદ્ધાર્થક હવે આજ વન બાકી રહ્યું છે તેઃ ચાલો અહીં પણ તપાસ કરીએ.

સીધાર્થક—હા ચાલો સ્થાન તો ઘણુંજ રમણીય અને દેવાલયથી અલંકૃત હોઇ તપસ્વીને યોગ્ય છે. માટે ગુરૂનો આદેશ પુરો કરવાનો અહીં કાંઇ સંભવ છે ખરો.

વિજયા—જયા, જોતો ખરી, આ વિકાળ પુરૂષો બીચારા નીર્દોષ તપસ્વીને હણવા માટે આવે છે કે શું?

જયા—હા લાગે છે તો એમજ કારણકે,

જુઓ આ અતિ કાળા થકી નીજ કાયા છુપાવી,
એકાની શીરપર ધરી વક્ર ભીષણ બનાવી;
ફેંકે દૃષ્ટિ અહીં તહીં અસિ મ્યાનથી બહાર કાઢી,
વિકાળ મૂર્તિ નીરખતાં એ બ્હેન છુટે કંપારી.

વિજયા—ચાલ, સંતાઇ જોઇએ તો ખરાં કે શું થાય છે?

જયા—સંતાતામાં તો હમણાં થશે આ તપસ્વીનું ખૂન.

વિજયા—અરે એની તો રક્ષા કરશે મહાદેવજીનું ત્રિશૂળ માટે ચાલ, નહિ તો હમણાં તે પાપીઓને આપણા અહીં હોવાનો સંશય જશે.

જયા—હા ચાલો. (બંન્ને અદૃશ્ય થાય છે.)

સીદ્ધાર્થક—(દેવાલયમાં સર્વાર્થસિદ્ધિને જોઇ) ભાઇ સમિધાર્થક, આમ, આ રહ્યું આપણું ભક્ષ્ય.

સમિધાર્થક—(પાસે જઇ) જુવે છે શું ? કરીદે બે કટકા એટલે બેડો પા......ર,

(સર્વાર્થસિધ્ધિ જરા હાલે છે.)

(જાગ્યો જાણી સીધાર્થક અને સમીધાર્થક સંતાય છે.)

સર્વાર્થસિદ્ધિ—(તપમાંથી જાણી એબાકળો) અરે આ શું ? ક્યાં છે ચાણક્ય ? ક્યાં છે મારાઓ ? આતે સ્વપ્ન કે સાચું ? નહિ નહિ, ખરૂંજ હોવું જોઇએ, નહિ તો પવિત્ર ઇશ્વર સ્મરણ કરતાં આવો દેખાવ કેમ નજરે આવે ! આહા ! કૌટિલ્ય કેટલી કુટીલતા !

સમિધાર્થક —ભાઇ, ચાલને એતો છે એકલો, અને પાસે પણ કશુંયે નથી; તો રાહ શા માટે જોવી. ?

સીદ્ધાર્થક—ઠીક, એમ છે તો ચાલ પુરોજ કરીએ ઉંઘતો હોય ત્યારે મારવો તેના કરતાં જાગતો મારવો તે તો વળી હજાર દરજ્જે સારૂં.

સર્વાર્થસિદ્ધિ—શું કાંઇ પણ હરકત કર્યા નહોતાં તેણે મને મારવાને ચાણ્ડાલો મોકલ્યાજ હશે ?

સીધાર્થક—(પાસે જઇ) શંશય શા માટે લાવે છે ? પ્રત્યક્ષજ જોને કે આ રહ્યા.

સર્વાર્થસિદ્ધિ--કોણ સમિધાર્થક—સીધાર્થક ! પાપીઓ તહમારાં કર્મને સંભારો-તહમારાં પાપને નીહાળો.

પ્રશંશા વાળાને ફળ અનુપને છોડી દઇને
ગયા શું પાપીઓ ભુલી નીજ ફરજ પક્ષ ગુણને

હણી નીજ સ્વામીને અરિકુળ તણા સ્હાયીજ થઈ
હરામી હણવા શું કરી મુખ કાળું આવીઆ અહીં

સમિધાર્થક—ભાઈ સીદ્ધાર્થક, ગભરાય છે શું ? ભલે તે ગમે તે બકે પણ આપણે તો આપણુંજ કામ કરવાનું છે.

સર્વાર્થસિદ્ધિ--એટલે શું એમ ધારોછો કે હું પણ ત્હમારે હાથે મરીશ ! ચાણ્ડાલો સ્વપ્ને પણ ન ધારતા.

હજી વેહેછે નસમાં રકત જ્યાં સુધી ક્ષત્રીજ તણું
નહિ પાપીઓ હું અહીશ મૃત્યુ ચંડળ તણું
કૃતઘ્નીને હાથે મરી કલંકિત હું નવ થઉં
વળાવી સ્વર્ગે હું પ્રથમ તમને પાપી પછી જઉં.

સીદ્ધાર્થક—ચાલ, જોઉં છું કે તું અમને વળાવે છે કે જાતે એકલોજ સીધાવે છે !

સમિધાર્થક—ભાઈ. તપ કરી કરીને એનું શરીર નબળું થયું છે એટલે ક્રોધાગ્ની જરા જોરથી સળગેછે. પાસે હથીઆર તો છે નહિ, અને વળી મારીને મરવાની વાત કરે છે.

સર્વાર્થસિદ્ધિ—હથીઆર નથી ? જો પાપી (સમીધાર્થકની તરવાર ઝું-ટાવી) આ ત્હારીજ શમશેર ત્હારો પ્રાણ લેશે. કૃતઘ્ની,

પીપાસાથી વ્યાકુળ તત્પર થયેલી
ધરાશે અસી આ તુજ રકતે લોટી
હવે જોઉંછું હું બડાઇ કીધેલી
ક્ષત્રી શક્તની ખરી છે કે ખોટી ?

સીદ્ધાર્થક—શું હાથમાં હથીઆર આવ્યું એટલે એમ ધારે છે કે તું
જીવતો રહીશ !

કરી લે સ્મરણુ આ તુજ દેવ કેરૂં
જપી લે વળી મંત્ર જપના જે બાકી

અથવા તો,

પલમાં પહોંચાડું તે દેવ દ્વારે
જેને જપે તું બનીને વીરાગી.

સર્વાર્થસિદ્ધિ—શું દેવને દ્વાર પહોંચાડે છે ?

કૂતરની અજમાવ તું જોર ત્હારૂં
જોઉં પછી ઘાત કેવો કરે છે;
તુજથી ઘરાતો નિર્બળ તપસ્વી
હણાયછે કે તુજને હણેછે,

સીધાર્થક—ચાલ એમછે તો તૈયાર.

(બિન્ને જણા લઢે છે અને સીધ્ધાર્થક પડવાની તૈયારીમાં હોયછે, તે વખતે સમીધાર્થક તીરથી નીદોંષ સર્વાર્થસિધ્ધિને વીંધી નાખે છે. સર્વાર્થસિધ્ધિ નીચે પડે છે. એક મોટા અવાજ સાથે મહાદેવની મૂર્તિ, જયા વથા વિજયા મહાદેવના લીંગમાંથી પ્રકટ થઈ સર્વાર્થસિધ્ધિને આશિર્વાદ આપે છે. તપસ્વીના આત્માનું તેજ પ્રકટ થએલી શીવની દીવ્ય મૂર્તિ સાથે મલી જાય છે.

ટેબ્લો

તૃતિય પ્રવેશ સમાપ્ત.

પ્રવેશ ૪ થો.

સ્થળ મલયકેતુની છાવણી.

પાત્રો—મલયકેતુ, ભાગુરાયણ ભાસુરક, રાક્ષસ, સીધ્ધાર્થક વિગેરે.

પોતાના પિતાનું વેર નથી લીધું તેથી મલયકેતુનો પશ્ચાતાપ ભાગુરાયણનું આવવું પાછળથી ક્ષપણકનો પ્રવેશ. ભાગુરાયણ તથા ક્ષપણકે મળી પર્વતેશ્વરનું ખૂન રાક્ષસને માથે ઢોળી પાડવું. ચાણક્યનો બનાવટી લેખ મલયકેતુને બતાવવા મલયકેતુનો ગુસ્સો રાક્ષસને બોલાવી લેખપર શકટદાસના અક્ષર તથા રાક્ષસની મુદ્રાની છાપ સિધ્ધ કરી અને રાક્ષસના અંગપર પર્વતેશ્વરના અલંકાર જોઇ મલયકેતુએ તેને કાઢી મુકવો. એકાએક કેદી પ્રમિલાનું છટકવું, મલયકેતુનું તેની પાછળ પડવું.

મલયકેતુ—અફસોસ ! દશ દશ માસનાં વહાણાં વાયાં તોપણ પિતાને આંજલી સરખીએ ન દેવાઇ અરે ! પણ ખાલી જળથીજ તાત ખુશી થાય તેતો બનેજ કેમ ! માટે હવે તો.

શોકાવેશે થથરતાં અંગથી ખસેડી પટનો છેડલો;
લોટાવીને મહીતળ વિષે શત્રૂ સ્ત્રી અંબોડલો.
મારી કાપી છુંદી દુશ્મન નીજ શરાતનેથી,
અર્પું પિતાને રક્તાંજલી નવ જળથી ભરેલી.

તો બસ હવે,

કરીને સજ્જ આ સૈન્ય આખું યુદ્ધના પડાથી,
અરી શિર સહ અસીથી જમાવું રમત ગેડી દડાની.

રણમાં રોળું તોડું ફોડું શિર શત્રુના તુંબ પેઠે,
અથવા રોળાઇ જાતે જઇ ભેટુ સ્વર્ગમાં પૂર્વજોને.

પણ આહા ! કૌટિલ્ય તને તો,

ખોળી હજારોની મધ્યમાંથી તીક્ષ્ણ આ અસિથી શિરતુજ કાપું
તાજા ઉકળતા રક્ત તારાથી ભરી અંજલી હું પિતૃને આપું
કરૂં હજારો કટકા તુજ ધડના,
ખોળ્યું જડેના રણ ભૂમિ મધ્યે;
જીતી મગધને લટકાવું મસ્તક,
કુસુમપુરના દરવાજા વચ્ચે.

(ભાગુરાયણ પ્રવેશ કરે છે.)

ભાગુરાયણ—અરે આ શું ?

ક્રોધાનલને ભભુકે જવલતા રૂપ ભયકાર ધારી,
જાણે પંચાનન દુઃખે ક્ષુધાના ગર્જતો ખૂબ ભારી
ફુફવાડા મારી ભોરીંગ જાણે નાસતો શત્રુવાંસે,
કારણ હશે શું કોપ ઉગ્ર કેરૂં
(કુમાર જેથી) ભયભીત ભાસે.

માટે સપુર સળગતા અગ્નિની સન્મુખ અત્યારે જવું ઉચીત નથી.

(ક્ષપણક પ્રવેશ કરે છે).

ભાગુ૦—કેમ ભાઈ ત્હારે શું છે ?

ક્ષપ૦—મહારાજ કટકની બહાર જવા છાપ જોઇએ છીએ.

ભાગુ૦—અમાત્ય રાક્ષસને ત્યજી (મલયકેતુ દૃષ્ટિ ફેરવતાં બંનેને જુએ છે). આમ એકાએક જવાનું કારણ ?

મલ૦—(સ્વગત) સંતાવા દે વાત જરૂરની જણાય છે.

ક્ષપ૦—કારણ ! હાય ! કહેવા જેવું નથી.

ભાગુ૦—પણ ભાઈ કહ્યામાં શું જાય છે ? કહે તો ખરો.

ક્ષપ૦—જાણ્યે ઉલટું પસ્તાવું પડશે માટે જવાદો એ વાત.

ભાગુ૦—આમ રકઝક કરી વધારે આતુર ન બનાવ કહે ઝટ, ઉત્સુકતાને લીધે ધૈર્ય પકડવું મુસ્કેલ છે.

મલ૦—(સ્વગત) હા મને પણ તેમજ છે. પસ્તાવું પડે એવું તે વળી શું હશે ?

ક્ષપ૦—મહારાજ સાંભળો, નંદરાજાના મરણ પછી સર્વાર્થસિધ્ધિને ગાદી પર બેસાડવામાં ફક્ત એક પર્વતેશ્વરજ આડે આવશે એમ ધારી રાક્ષસે તે મહારાજનો ગૂઢ વિષકન્યા મારફતે નાશ કરાવ્યો.

ભાગુ૦—હેં નાશ. શું પર્વતેશ્વરને રાક્ષસે ફસાવ્યા. ચાલ, ભાઈ આ વાત કુમાર મલયકેતુને વિદિત કર.

મલ૦—(પ્રકટ થઇ)

વિદીત થયું હા કઠોર વચન પિતુ મૃત્યુતણું એ,
ચીરી નાંખે હૈયું સુણતાં કાવત્રુ શત્રુનું એ,
કૌટિલ્ય જાણી ઘાતક જનકનો દુઃખ જે દીલ થાયે,
તે આજ જાણી દાધા પીડ કર્મ રાક્ષસ તણાં એ.

ક્ષપ૦—(સ્વગત) ચાલ, કુમારે સાંભળ્યું, અને કૃતાર્થ થયો હવે ગુણા ભરવા દે નહિં તો કાંઇ અવળું થશે.

મલ૦—આહા ! રાક્ષસ ખરેખર તું રાક્ષસજ છે.

પિતાના ખૂનને અન્ય શીર ઢાળો,
કરી મિત્રાચારી ત્હેં મુજ સાથે;
થઇ મૂઢ હા મેં કયાં સૂત્ર આપ્યું,
મુજ રાજ્યનું એક કૃતઘ્ની હાથે.

હા, ભાગુરાયણ—

હેતુ હશે શો હરામી કેરો,
મૈત્રિ કીધામાં કળી ના શકું હું;
અગાધ નીતિ કૂડી તેની મધ્યે,
ખૂંપે મતિ ના કહે મિત્ર તે તું.

ભાગુ૦—કુમાર મને તો એમ લાગે છે કે કદાપી આવી ડોળી મિત્રાચારી રાખી દુષ્ટે યુધ્ધ વખતે સૈન્યને ફોડી શત્રુના વહાલા થવાનું તો નહિ ધાર્યુ હોય.

મલય૦—હા ભાઈ તે પણ કેમ ન બને ? કારણ કે.

સ્વાર્થે વયસ્યો અરિ પેઠ મારે,
અર્થે શત્રુઓ પણ મિત્ર થાતા;
હઠયો નહિ કર્મ નીચ આવાં કરતાં,
ડર શે કહે દુશ્મન પક્ષ જાતાં.

ભાગુ૦—(સ્વગત) રાક્ષસના પ્રાણનું રક્ષણ કરવું એવો આર્ય ચાણક્યનો આદેશ છે. (પ્રકાશ) પણ મહારાજ હમણાં નંદરાજાની ગાદી મળતા સુધી તેને કંઇ પણ કરવું જોઇએ નહિ. યુધ્ધ વ-

ખતે સામી તર્ફ જાય તે માટે આપણે સાવધ રહીશું, પણ જો એને માર્યો તો તો પછી મગધની ગાદી વચ્ચે આપણે હજાર ગાઉનાં છેટાં.

મલ૦—ઠીક ત્યારે એમ થવા દ્યો અને વળી જો આપણે અત્યારે રાક્ષસને મારીએ તો તો વળી આપણી પ્રકૃતિમાં પણ ખળભળાટ થાય. (સિપાઇ પ્રવેશ કરે છે).

સીપાઈ મહારાજ એક મનુષ્ય કટકમાંથી છાપ લીધા વિના છાનોમાનો બહાર છટકી જતો હતો માટે તેની બરોબર તજવીજ કરવા આપની પાસે તેને આણ્યો છે.

ભાગુ૦—ઠીક તેને અંદર લાવ.

સીપાઇ—જેવી આજ્ઞા. (જાય છે. તથા પાછળથી સીધ્ધાર્થકને લઈ પ્રવેશ કરે છે)

સીપાઇ—આ આવ્યો તે.

ભાગુ૦—કેમ ભાઇ તું કોણ છે ?

સીપાઇ—મહારાજ અમાત્ય રાક્ષસનો અનુચર.

ભાગુ૦—અમાત્ય રાક્ષસનો અનુચર હોઈ છાપ વિના જવાનું કારણ ?

સી૦—કંઇ નહિ મહારાજ એતો જરા ઉતાવળને કામે જવાનું હતું.

ભાગુ૦—શાસનનું પણ ઉલ્લંઘન કરવા જેવું તે વળી શું જરૂરનું કામ છે વળી આ હાથમાં લેખ શેનો છે ?

મલ૦—મિત્ર ભાગુરાયણ તે લેખ લઇ લે.

ભાગુ૦--(લેખ લઇ મુદ્રા જોઇ) કુમાર આ મુદ્રા અને લેખપર તો રાક્ષસનું અભિધાન જણાય છે.

મલ૦—સંભાળથી ઉઘાડી તે વાંચ જોઉં.

ભાગુ૦—જેવી આજ્ઞા, નીચે પ્રમાણે ઉઘાડી વાંચે છે.

સ્વસ્તિ કોઇ શુભસ્થાન તરફ કોઈ યોગ્ય સ્થળેથી કોઈ મનુષ્ય કોકને જણાવે છે કે જેઓ હાલ આશ્રિત છે તેઓ નીજાશ્રયનો નાશ કરી સત્યવાનની સેવા કરશે, પણ સત્યવાને તેમાંના કેટલાક જેઓ નીજ-શ્રીતના ખજાના હસ્તી અશ્વ તથા દ્રવ્યના અભિલાષી છે તેમની આશા પૂર્ણ કરવી જોઇશે. સત્યવાને મોકલેલા ત્રણ અલંકાર અમને મળ્યા છે. લેખ સાથે કંઇ ભેટ મોકલી છે તે પહોંચશે. વાચિક સંદેશ પ્રમાણિ સીધ્ધાર્થક કહેશે.

મલ૦—ભાગુરાયણ આનો અર્થ શું હશે.

ભાગુ૦--ભાઈ સીધ્ધાર્થક આ લેખ કોનો ?

સીધા૦—આર્ય તે મને ખબર નથી.

ભાગુ૦—ધુર્ત લેખ લઈ જાય છે અને કહે છે કે ખબર નથી ત્યારે વાચિક સંદેશ ક્યા કાકાને કહેવાનો છે ?

સીધા૦—(ભય પામી) આર્ય જવા દ્યો તો ઠીક.

ભાગુ૦—શું જવું છે. ભાસુરક, જા લઈજા આને અને ન માને ત્યાં સુધી માર.

ભાસુ૦—જેવી આજ્ઞા. (લઇ જાય છે).

ભાગુ૦ કુમાર જોયું આ દુષ્ટનું કાવત્રુ.

મલ૦—હા ભાઇ જોયું. મિત્રતાનો ડોળ કરી મૂળીઆં કાઢનાર કૃતઘ્નોનું કાવત્રું જોયું.

ભાસુ૦—(પ્રવેશ કરી) મહારાજ મારતાં મારતાં તેની બાંયમાંથી આ દાબડો સરી પડ્યો છે.

ભાગુ૦—કુમાર, આ પણ રાક્ષસનીજ મુદ્રાથી અંકીત છે.

મલ૦—ઉઘાડ જોઇએ તેમાં શું છે ?

(ભાગુરાયણ ઉઘાડી મલયકેતુને બતાવે છે.)

મલ૦—આહા ! આતો મેં તેને પહેરવાને મોકલેલાંજ આભૂષણ, હા હવે ખુલ્લુ થયું, ચંદ્રગુપ્તનેજ આ લેખ મોકલવાનો હશે. ચાલ આગળ જણાવ–

ભાસુ૦—(જઇ પરિક્રમણ કરી ફરી પ્રવેશ કરી) આર્ય તેતો કહે છે કે હું એકલા કુમારનેજ સર્વ કહીશ.

મલ૦—તેમ કરવા દે.

(ભાસુરક જઇ સીધ્ધાર્થક સાથે આવે છે)

સીદ્ધા૦—કુમાર મને અભયદાન–

મલ૦—બોલ ભાઇ નિરાશ્રીત ને હમેશાં અભયદાનજ છે. ચાલ, સઘળું વૃતાન્ત બરોબર કહે.

સી૦—રાક્ષસે મને ચંદ્રગુપ્ત પાસે આ સર્વ સાથે મોકલ્યો છે.

મલ૦—મુખ સંદેશ શો છે ?

સી૦--મહારાજ, અમાત્યે કહેવરાવ્યું છે કે કુલુત દેશનો નરેશ ચિત્રવર્મા મલયજનનો અધિપતિ સિંહનાદ, અને કાસ્મીરનો નૃપ પુષ્કરાક્ષ

એ ત્રણેને મલયકેતુની જમીન અને બાકીના એ સીંધુદેશનો અધિપતિ સીંધુસેન તથા પારસીક લોકના નૃપ મેઘાક્ષને કુમારનો કોષ તથા હાથી ઘોડા જોઇએ છીએ માટે યુધ્ધમાં જય મેળવ્યા પછી સત્યવાને તેમની આશા પૂર્ણ કરવી.

મલ૦—આહા ! ભાગુરાયણ જોયું. સઘળુ ચક્કર ઉંધુંજ ફરે છે. ઠીક, પ્રતિહારી.

(પ્રતીહારી પ્રવેશ કરે છે)

મલ૦—જ અમાત્ય રાક્ષસને બોલાવ.

પ્રતી૦—જેવી આજ્ઞા. (જાય છે.)

મલ૦—આહા ! પાપીઓ તમારાં પાપનાં ફળ હમણાંજ આપું છું. રાજ દ્રોહીઓ જમીન જર ને હાથી ઘોડા જોઇએ છીએ ? પણ યાદ રાખજોકે,

જમીન ઇચ્છનાર જમીને દટાવી,
લઇશ જીવ તમારો મારી રીબાવી,
હાથી તણી પીઠ પર બેસતામાં,
હણું હરામી ચર્ણે છુંદાવી.

(રાક્ષસ પ્રવેશ કરે છે.)

રાક્ષસ—(મલયકેતુને જોઇ).

આહા !

રચના કટકની ચીત મધ્ય રચતા,
નીજ સૈનીકોનો મન દ્રઢ કરતા.

જાણે ચઢાવી ભ્રમર ચંદ્ર હણતા,
સમરાંગણે જીત સ્વપ્ને નીરખતા.
બેઠા શા શીર ટેકવી કરવડે ચીંતા વિષે ડુબતા,
જાણે ધ્યાન ધરે છે યુક્તિ મનમાં સૌ દૈત્ય સંહારવા.

(પાસે જઇ) જય હો કુમારનો.

મલ૦—આર્ય વંદન કરૂં છું. વિરાજીએ આ આસને.

(રાક્ષસ તેમ કરે છે.)

રાક્ષસ—કુમાર, સેવકનું શું કામ પડ્યું ?

મલ૦—એ તો કાંઈ નહિ ઘણા દિવસથી મળ્યા નહોતા તે જરા મળવાની ઇચ્છા થઇ.

રાક્ષસ—એતો હવે કુસુમપુર પાસે આવતું જાયછે એટલે યુધ્ધમાં સૈન્યની ગોઠવણ કેવી રીતે કરવી તેના વિચાર કરતો હતો તેથી કુમારને મળી શકાયું નહિ.

મલય—ઠીક ત્યારે હાલમાં કોઈ કુસુમપુર જાય આવે છે ખરૂં કે ?

રાક્ષસ—જનાર આવનારની શી જરૂર છે થોડા વખતમાં કુમારજ ત્યાં પધારશોને.

મલય—એમ છે તો આ પુરૂષને આપે પુષ્પપુર શા માટે મોકલેલો.

રાક્ષસ—કોણ સિધ્ધાર્થક ! ભાઈ શા માટે જતો હતો ?

સિદ્ધા—એતો...બહુ...માર માર્યો તે મા...રા...થી કહી દેવાયું.

રાક્ષસ—શું કહી દેવાયું અને વળી માર શો હુંતો કાંઇ જાણતોજ નથી.

મલય—ભાઈ ભાગુરાયણ તું બધું અમાત્યને વિદિત કર ને બીચારાથી નહિ બોલાય---

ભાગુ—જેવી આજ્ઞા અમાત્ય, આ કહે છે કે મને અમાત્યે લેખ સાથે કંઇ મુખ સંદેશ તથા ભેટ આપી ચંદ્રગુપ્ત પાસે કુસુમપુર મોકલ્યો છે.

રાક્ષસ—શું સીધ્ધાર્થક ખરી વાત.

સી—મહારાજ મારની બીકે બધું કહી દીધું

રાક્ષસ—કુમાર તે સર્વ અસત્ય છે મારની બીકે મનુષ્ય શું ન કરે ?

મલય—ભાઈ ભાગુરાયણ બતાવ લેખ અને આ દાબડો અમાત્યને મુખ સંદેશ તેમનો અનુચર કહેશે.

(ભાગુરાયણ લેખ દેખાડે છે).

રાક્ષસ—(લેખ વાંચી) આહા ! આતો શત્રુનો પ્રયોગ.

કુમાર—વાહ ! ગોઠવ્યો છે તો બરોબર યોગ ! પ્રયોગ શત્રુનો હોય તો આ આપે મોકલેલાં આભરણ સાથે ક્યાંથી ?

રાક્ષસ—(આભરણ જોઈ) આહા ! આતો કુમારે મને પહેરવાને મોકલાવ્યાં હતાં તેજ. આનો એક વખત ખુશી થઇ મેં સીધ્ધાર્થકને ભેટ આપ્યાં હતાં.

ભાગું—આવાં કુમારનાં અમૂલ્ય આભરણ વળી ભેટ ! અને તેય આ સીધ્ધાર્થકને !

મલય—અમાત્ય જવાદો સઘળું ધતીંગ. વાંચીક સંદેશ સીધ્ધાર્થક કહેશે તે પણ આર્યેજ લખેલું છે.

રાક્ષસ—વળી વાંચીક સંદેશ શો ? અને વાત શી ? આ લેખજ મ્હારો ન હોયને.

ભાગુ—ત્યારે આ મુદ્રા કોની ?

રાક્ષસ—ધૂર્ત મનુષ્ય ગમે તે કરી શકે છે.

મલય—ભાઈ સીધ્ધાર્થક, આ લેખ કોણે લખ્યો તે તું જાણે છે.

સીદ્ધા—હા માહારાજ શકટ...દાસે.

રાક્ષસ—શું શકટદાસે ? અરે તેણે લખ્યો હોય તો તો મ્હેંજ લખ્યો કહેવાય.

ભાગુ—કુમાર, શકટદાસના અક્ષર વાળો બીજોકંઇ લેખ અને આ જેની છાપ છે એ મુદ્રાજ મગાવો એટલે સર્વ સીધ્ધ થશે.

મલય—ઠીક, સીપાઇ (સીપાઈ પ્રવેશ કરે છે).

જા શકટદાસના હાથના અક્ષર તથા આ મુદ્રા લઈ આવ.

સીપાઈ—જેવી આજ્ઞા (જાય છે.)

રાક્ષસ— (સ્વગત) આહા ! આ શું હશે ? શું શકટદાસે આમ કર્યું હશે. નહિ નહિ તે તો શત્રુનોજ પ્રપંચ હા કૌટિલ્ય ! કૌટિલ્ય !

કાહડ્યું તેં જડમૂળ નંદકૂળનું
સ્થાપ્યો ખરે મૌર્યને
આશ્રાયાર્થે હું મળ્યોજ અન્ય નૃપને
ત્યાંયે તું આવી નડે
કૂટનીતિ તાહરી અજય ને
નિર્વર્ણ્ય તો છે અતિ

પહોંચે ના તુજને નૃપો ભલભલા
ત્યાં માહારી શી ગતિ.

(સીપાઈ ઉકત વસ્તુઓ લઈ પ્રવેશ કરે છે.)

મલયકેતુ—(લેખના અક્ષર સાથે અક્ષર મેળવી.) અમાત્ય જુઓ અક્ષરતો શકટદાસનાજ જણાય છે અને મુદ્રા પણ છાપને મલતીજ આવે છે.

રાક્ષસ—(સ્વગત) હા ! અક્ષરતો સરખાજ છે ત્યારે શું શકટદાસેજ દગો દીધો (વીચારકરી) હોય તે પણ સંભવિતજ છે. કારણકે.

સ્વામી કાજે ભવમહી
થોડા ત્યજે સ્વાર્થને
ત્યાગી લાલચ લક્ષ્મિની
પંથે પળે પરમાર્થને
હોદ્દા ઉંચા કાજ સર્વ જનતો
કાર્યો ગમે તે કરે
કાયસ્થ જાતિ લાલચુ શકટ આ
કૃતધ્ની શે ના બને

મલય— (રાક્ષસે પહેરેલા અલંકાર તરફ જોઈ) અમાત્ય આ લેખમાં લખેલ આપને પહોંચેલા ત્રણ અલંકારમાંથી એક પહેર્યું છે કે ?

રાક્ષસ—કુમાર એતો વ્યાપારી પાસેથી ખરીદેલું છે.

મલય—પ્રતીહારી, આ આભૂષણને તું ઓળખે છે.

પ્રતિહારી—કુમાર કેમ ન ઓળખું ?

જેની પૂંઠળ નીશદીન ફરીને હેતે કરી શુશ્રુષા
બચપણુથીજ અત્યાર સુધી પ્રેમે જીંદગાની ગાળી છે આ
એવા ભૂપ ભૂપેન્દ્ર પર્વતકનાં સર્વાંગને પારખું
તો ત્યાંહીજ વસંત આભૂષણુને શી રીત કહો વીસરૂં

મલય— (બાષ્પ સહીત) હા વાવ

ઉછંગે પ્રીતે લઈ કાળજી ખુબ લીધી
ઉછેરીને શુભ રીતે સર્વ વિદ્યાજ દીધી.

હાય !

નિર્ઘુણીછું હું નકી તે સ્વર્ગસ્થ પિતાની
શુશ્રુષા મેં નવ કીધી અંજલીએ હાથથી.

રાક્ષસ—શું આ આભૂષણ મહારાજ પર્વતેશ્વરનું છે ? ખરે ત્યારે તો વેપારી મારફતે ચાણક્યે મ્હનેજ ચોંટાડ્યું તો !

મલય—આહા ! અમાત્ય હજુ જુઠું બોલી ઈશ્વર દ્રોહી શાહ થાઓ છો ?

રાક્ષસ—ત્યારે શું પર્વતેશ્વરનું ખૂન પણ મ્હેં કર્યું ?

મલય—હા હરામી ત્હેં નહિતો બીજા કોણે ?

સર્વાર્થસિધ્ધ ગાદીએ બેસાડતાં ઓ પપીઆ
આડે આવતા તાતને શું ચણાકયે સંહારીઆ ?

રાક્ષસ—હા દૈવજ વાંકું જણાય છે ! કુમાર

સાચું કહું નીજ ધર્મથી હું કશું નથી જાણતો
તર્કટ બધું એ શત્રુનો ગુન્હો ખ્હેો દીલમાંનો.

લખ્યીઓ છે નહિ લેખ હાથ મેં આ મુદ્રાયે મારી નથી,
ઉત્તર પણ આ મુખથી નથી વદ્યો સપના વિષયે કદી.
મહારાજા પ્રભુ શિરછત્ર હણવા કીધી નથી મેં મતિ,
ગુન્હેગાર ગણો કે દોષ રહિતજ સાબીતી બીજી નથી.

મલ—કૃતઘ્ની ગુન્હેગાર તો આ તથા ઈશ્વરના દરબારમાં થઈ ચુક્યો છે પણ આ સત્ય નામધારી રાક્ષસ, હું રાક્ષસ નથી—મલયકેતુ કૃપાના સાગરનો સેતુ છું. જા દુષ્ટ કાળું કર. ચંદ્રગુપ્તને નિર્ભયપણે સેવજે, હરામી;

ચંદ્ર અને કૌટિલ્યની સાથે પણ વળી તુજને,
આપીયું સામર્થ્ય છે પ્રભુએ જીતવા મુજને.

સીપાઈ—કાઢો આ હરામીને સૈન્યની બહાર અને પેલા પાંચ રાજાઓમાંના ત્રણને જેને જમીન જોઇએ છીએ તેમને મરણ પર્યંત જમીનમાં દાટો અને હાથી ઘોડા ઇચ્છનાર બાકીનાને હાથી ઘોડાના પગતળે છુંદી નાંખો.

સીપાઇ—જેવી આજ્ઞા. (રાક્ષસ તરફ જોઇ) અમાત્યજી ચાલો હવે અમલ પુરો થયો.

રાક્ષસ—હાય ! મેં પાપીએ શત્રુનું નહિ પણ મિત્રનુંજ કાસળ કાઢવા સંસારમાં જન્મ લીધો છે. હા ક્યાં જાઉં ?

બાળી કાય ખુટાડું આયુ દુઃખીઆ કે જંગલે જાઉં હું,
ભટકી ભટકી દુઃખથી વનમહી જીંદગાની પુરી કરૂં.

અરેરે ! તેમ કરી શત્રુ જીવતાં સ્વર્ગે જઈ સ્વામીને મળવું તે પણ ઠીક નહિ. માટે કંઈ નહિ તો છેવટે,

સપડાએલો મિત્ર ચંદન હવે શત્રુ તણા હાથમાં,
છોડાવી થઇ કૃતાર્થ ઇશ્વર સ્મરૂં નીજ ગુહિણી સાથમાં.

(રાક્ષસ જાય છે)

ભાગુ—મહારાજ, હવે કુસુમપર ઘેરવા સૈન્યને સજ્જ કરવું જોઇએ.

મલ—હવે તે બધું તારેજ કરવાનું છે.

(નેપથ્યે) પકડો, પકડો.

(બાજુની ઓરડીની પાછલી ભીંતે પ્રમિલા તથા સુરપ્રભા ઉતરતાં જણાય છે.)

સીપાઈ—(એકદમ પ્રવેશ કરી) મહારાજ છટકી,

મલ—કોણ ?

સીપાઈ—નંદ કુમારી પ્રમિલા.

મલ—જાવ દોડો હું પાછળજ આવું છું. (સર્વે જાય છે.)

પ્રવેશ ૫ મો સમાપ્ત.

પ્રવેશ ૫ મો

સ્થળ—કુસુમપુરનું ઉજડ ઉદ્યાન.

પાત્રો—રાક્ષસ, પુરૂષ, પ્રમિલા, સુરપ્રભા, મલયકેતુ વિગેરે.

પુરૂષનું આવવું. રાક્ષસને આવતો જોઇ સંતાવું. રાક્ષસના ઉદ્દગાર. પુરૂષનો ફાંસો ખાવો. તેને આવું ભયંકર સાહસ કરતો જોઇ રાક્ષસે કારણ પૂછતાં ચંદનદાસને શળીના સમાચાર સાંભળવા. પુરૂષને ફાંસો ખાતાં અટકાવી પોતાની તરવાર ફેંકી દઇ ચંદનદાસના બચાવ માટે રાક્ષસનું જવું સુરપ્રભા તથા પ્રમિલાનો પ્રવેશ. પ્રમિલાનું સતી થવા તૈયાર થવું. મલયકેતુએ આવી પહોંચી તેને અટકાવવી પ્રમિલાએ તેને શ્રાપ દેવો, તથા ચિતામાં પડી બળી મરવું.

(હાથમાં રજ્જુ લઇ પુરૂષ પ્રવેશ કરે છે).

પુરૂષ—અહા ! આર્ય ચાણક્યે નંદકૂળ વિદાર્યું, અને મંત્રિવર રાક્ષસને પણ ફસાવી બેહાલ કરી નાંખ્યા. હવે એ મહાન્ પુરૂષને જગતમાં કોઇ પણ સ્થાન રહ્યું નથી. મને ગુરૂએ અહીં તેમની રાહ જોવા કહ્યું છે. વાહ સામેથી તેજ આવતા જણાય છે. ચાલ સંતાઇ તેમના ઉદ્દગારો તો સાંભળું. આ આવ્યા.

ચીંતાતુર વદન ફિક્કુ દીસતું ગાત્રો સુકાયાં ખરે,
અંતરમાં અપમાન ક્રોધ વન્હિ ભડકે ભભુકે બળે,
ચરણો જોર કર્યે ગતિ નવ કરે કાયા છવાઇ શોકથાં,

મન્ત્રીવર શા દીનવત દીસતા બીં'તા બહુ લોકથી.

ચાલ તેમને હૃદયનો ઉભરો ખાલી કરવા દે.

(સંતાય છે)

(રાક્ષસ ગાયન સાથે પ્રવેશ કરે છે)

રાક્ષસ—આહા !

લક્ષ્મિ વેષ્યા પેઠ અન્યને ગઇ આધાર નાશજ થતાં,
કુલટા સ્હેજે શરમથી નવ ડરી શત્રુની સાથે જતાં.
મિત્રો જે વિશ્વાસુ તેય સઘળા આજે ગયા છે ફરી,
કુટાઉં હું નાગ અંધ જયમરે ખોવાતાં શીરનો મણી,

અરેરે ! નંદકુળપર દૈવજ રૂઠયો છે. દુનીઆ બદલાઇ ગઇ છે. પ્રજાપણ વૃષલની થઇ છે, અને અધર્મીને માન આપે છે. હાય, મ્હારે હવે શું કરવું ? દશા ફરી ગઈ છે અને સમય પલટઇ ગયો છે. અત્યારેતો,

પવિત્ર દેવનાં સ્થાનો થતાં ઉત્સવ મોટાં જ્યાં;
નૃપેન્દ્ર નંદના વિના પડે મોટીજ પોકો ત્યાં.
હતું સત્ય હતું પત્ય હતા સદ્ધર્મિરે લોકો,
દશાએ જોર કીધું છે ગયું પલટાઇ સૌ તેતો.
પ્રપંચી રાય જુઠાનું કપટ પરધાન છે બનીયું,
સતીઆ ધૂળમાં લોટે ધૂતાનું જોર છે વધીયું.

હા !

ચપળ લક્ષ્મિથી અંજાઇ કૃતઘ્ની કેર કરતો છે,
પિતા માયાળુ હણતાં ના હરામી લેશ ડરતો એ.

અરેરે !

ક્ષણિક સુખનો થવા ભોગી મૂરખ કૂમાર્ગે ઝાલે છે,
મસ્તકપર પાપને લાધી કૂકર્મી દાટ વાળે છે,
શીતળ કૌમુદીને છોડી પતંગી દીપમાં પડતો,
સુખી સંસારને ત્યાગી કમોતે મૂર્ખતો મરતો.

વળી,

થયું છે પાપ પ્રાધાન્ય ખોળ્યું પુણ્ય નવ જડતું,
ખરેખર આજ કળીયુગે પ્રકાશી પોત નીજ દીધું.

અરેરે ! મ્લેચ્છ મલયકેતુની પણ બુદ્ધિ ક્યાં ચાલી ? તેણે પણ ક્યાં વિચાર્યું કે,–

સ્વર્ગસ્થ સ્વામીતણી સેવ કરતો,
મૈત્રિ કરે શું અરિ તણી એ ?
ધીક્કારતો જે છળ અંતરેથી,
સંહારે સ્હાયી શું બની કૃતઘ્ની ?

• ભલે તેણે ગમે તેમ ધાર્યું પણ આ રાક્ષસતો હવે ચંદ્રગુપ્તની પાસે જતા પેહેલાં મરે તેજ સારૂં. સ્વામી ઘાતકનો સ્હાયી થવા કરતાં રખડી રઝળી ભીખ માગી સ્વર્ગે સંચરે તેજ સારૂં. (ચારે તરફ જોતો આંસુ સાથે) પણ હાય ! હું કોણ ? એક વખતનો મંત્રી કે,

જે નૃપ સાથે પ્રફુલ્લ આ ઉદ્યાને,
ભોગવતો આવી સંધ્યા સમીરને.

આજે છુપાતો તે ચોર પેઠે,

ગયા અહો હાય દીવસ વહી તે.

ચાલ, આ જીર્ણ શિલાપર જરા વિશ્રામ લઉં, (બેસે છે,)

(નગારાં તથા રણસીંગાંનો અવાજ સંભળાય છે)

અરે આ શું! શેનો નાદ ! ઠીક, આતો ચંદગુપ્તનો વિજય થઇ મલયકેતુ કેદ થયો હશે. પણ હજી લડાઇની તો વાર છે, હશે જે હશે તે. તેની સાથે આપણે શો સંબંધ ?

(સંતાયલો પુરૂષ પ્રકટ થઇ વૃક્ષના ડાળે દોરડું બાંધી ફાંસો ખાવા જાય છે)

રાક્ષસ—સજ્જુર ભાઇ, આમ શા માટે જીંદગીનો અંત લાવે છે ?

પુરૂષ—નહિ નહિ ભાઇ મને મરવાજ ઘો.

રાક્ષસ...પણ ત્હારૂં દુખ તો કહે. બનશે તો મદદ કરીશ.

પુરૂષ—ભાઇ સાંભળો, અત્યારે મારો એક મિત્ર ચિતા ખડકી બળી મરવા ગયો છે, અને તેના મૃત્યુના સમાચાર કાને પડે તે પહેલાં મારો પાર આવે તો સારૂં.

રાક્ષસ—એવું તે ત્હારા મિત્રને શું દુઃખ છે ?

પુરૂષ—ભાઇ, તેનો એક ચંદનદાસ કરીને મિત્ર છે,-

રાક્ષસ—શું ચંદનદાસ ! તેને શું છે !

પુરૂષ—દુષ્ટ ચાણક્ય તેને અત્યારે શૂળીએ ચઢાવે છે, તેથી તેના મરણના સમાચાર સાંભળવા ન પડે તેથી મારો મિત્ર બળવા તૈયાર થયો છે.

રાક્ષસ—ભાઇ હજુ શૂળીની વાર હશે ?

પુરૂષ—તૈયારી; પણ તેનું તમારે શું છે ?

રાક્ષસ—કંઈ નહિ ભાઇ, મારો પણ તે મિત્રજ છે. તું મરીશ નહિ. જા ત્હારા મિત્રને ચિતામાં બળતો અટકાવ. હું ચંદનદાસને છોડાવી લાવું છું,

પુરૂષ—પણ સાથે હથીઆર ન લઈ જતા. જ્યારથી કાયસ્થ શકટદાસને કોઈ શૂળીએથી બચાવી લઈ ગયું છે, ત્યારથી હથીઆર સાથે કોઇને વધસ્થાન પર જવા દેતા નથી.

રાક્ષસ—ભાઈ એમ છે તો લે આ શમશેર (તરવાર તરફ જોઈ) આહા ! દેવી, સ્વર્ગસ્થ સ્વામીની અવશિષ્ટ પ્રસાદી ! સર્વત્યજ્યું છે તો ત્હને પણ એ સમરક્ષેત્રે શૂરીજનની ત્હને પણ ન ચાલ્યે ત્યજું છું.

(તરવાર ફેંકીદઇ જાય છે).

પુરૂષ— (તરવાર ઉપાડીલઇ) બસ હવે બેડો પાર. ધાર્યું હતું તે થયું. હવે રાક્ષસ સપડાણો. (જાયછે).

(પ્રમિલા સખી સુરપ્રભા સાથે પ્રવેશ કરે છે).

પ્રમીલા—આહા !

વૃથા જકતે જન્મી જીવન સાર્થક કંઇ નવ થયું.
ગુમાવ્યું આયુ આ સુખ નહિ સ્વપ્ને અનુભવ્યું.

પિતા પણ પરલોકે સીધાવ્યા એકલી હું રહી
પ્રીતમને પાપીએ હણ્યા થઇને મુગ્ધ મુજ મહી

અરેરે ! હત્યારી, તું તે જગતમાં શામાટે જન્મી ? કે ત્હારે લીધે એક નીર્દોષ હણાયો—રાજવંશી સ્વર્ગ સીધાયો પાપિણી જનની કૂખે દશહ્ પડી હત તો પણ સારૂં ! હાય, હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? (આકાશ તરફ દૃષ્ટિ કરી) હા નાથ, માફ કરજો. આહા ! સખી, જોજો આ નાથ,

પ્રફુલ્લ વદને ઉર્ધ્વ હસ્તે દેતા આશિષ ભાવે
ચક્ષુ ઇશારે દીન નારને જો હેતથી એ બોલાવે.

આહા ! નાથ, કીકરી પરના અગાધ ઉપકારનો બદલો શી રીતે આપું ! હાય, અભાગિણિ હુંજ એવી છું કે પ્રીતમ આટલી બધી આતુરતાથી તેડે છે તો પણ જવી નથી. આવુંછું નાથ, આ આવી.

સુરપ્રભા—બ્હેન, આમ ગાંડાં શાં કાઢે છે ? મુએલું તે વળી બોલાવતું હશે ?

પ્રમિલા—બ્હેન, હજી તું અવિવાહિત છે. ત્હને પ્રેમીઓનાં હૃદયની ક્યાંથી ખબર હોય ! સાંભળ

પ્રેમી ખરાંનાં હૃદય તો હંમેશ માટે એક છે
તીક્ષ્ણ ખડગો કાપશે પણ ગ્રંથીએ અછેદ્ય છે
વસતાં ભલે કારાગૃહેકે સ્વર્ગ મધ્યે સંચરે
પણ શુદ્ધ પ્રેમી પ્રેમી જંપે પ્રેમ કદી નવ વિસરે.

સુરપ્રભા—પણ મુએલા તે ત્હને ક્યાંથી મળનાર છે ?

પ્રમિલા—એ મળવા અશક્ય છે તો હું તેમને મળીશ.

સુરપ્રભા—શી રીતે ?

પ્રમિલા—શી રીતે ? વાહ શી રીતે તે વળી મરીને–સતી થઇ ભવ-
સાગર તરીને.

સુરપ્રભા—અરે જવાદે હવે, વગર પરણે તે સતી થવાતું હશે ?

પ્રમિલા—વગર પરણે ? બ્હેન,

આ કાય કેરા માયરે નીજ ચિત્તની ચોરી કરી,
પરણી ચુકી છું ક્યારની હું હૃદય હસ્ત મેળાપથી.
આત્મા પરં અશ ઇશનાએ ગોરનું કાર્યજ કર્યું,
ફેરા ફરી નીજ ઉર્મીયો તો લગ્ન શું બાકી રહ્યું ?

સુરપ્રભા—તેમાં શું ?

માતા પિતા જે જન્મ દાતા દે ન કન્યાદાન જો
કુંવારિકા તે સમજવી શો હક ત્યાં પરિણીતનો

પ્રમિલા—તેમાં તે વળી માતા પિતાની શી જરૂર ? દેહલગ્ન કરવું
હોય ત્યારેને ?

સુરપ્રભા—ત્યારે તો પછી લગ્ન શેનું કર્યુંજ

પ્રમિલા—ખરે તું અજ્ઞાતજ છે. સાંભળ

સ્નેહ લગનની ખુબી તો સંસાર મધ્યે ઓર છે
દેહ લગ્ન શા કામનું જો સ્નેહની નહિ ફોર છે.

સુરપ્રભા—વારૂ તે બધું ખરૂં પણ સતી થઇને શું કાઢશો.

પ્રમિલા—શું કરીશ ? સ્વર્ગે પ્રીતમને મળીશ જન્મ મરણુંના ફેરો હરીશ. સ્ત્રીને તો પતિ પાછળ સતી થવું તેજ ધર્મ અને તેજ મોક્ષ.

પતિ મુએ ચિતા પ્રવેશ એ સતી તણો શણગાર છે
પિયુ ગયે મરતાં ડરે તે નારને ધીક્કાર છે.

ગાયન

છે સતી ધર્મ જગ સાચોરે. સાંભળ બ્હેન.
અવિનાશિ અમથી રાચ્યોરે. સાંભળ બ્હેન.
અહલ્યા તારા દ્રોપદી સતી સીતાને મંદોદરી
નીજ સતીત્વ કેરા પ્રભાવથી જગમાં અમર યશને વરી
હતિ સતિ શિરોમણી અનસૂયા. સાંભળ બ્હેન.
ત્રણ દેવોને બાળક કીધારે. સાંભળ બ્હેન.
છે સતિ ધર્મ. સાંભળ બ્હેન.

સુરપ્રભા—ત્યારે શું બળીજ મરશે !

પ્રમિલા—હા બ્હેન પોતાની ફરજને હર્ષથી ભેટી લેવી તેજ આ જગમાં લ્હાવો છે તો ચાલ હવે વધુ વખત રહી પ્રાણેશને રીબાવવા તે નકામું છે માટે ચીતા તૈયાર કરવા લાગ.

સુરપ્રભા—હાય ત્યારે શું તુ જશેજ.

પ્રમિલા—ફીકર કરી જીવ બાળીશ નહિ. ન ચાલે તે કર્યા વિના છુટકોજ નહિ. જતે દીવસે પ્રીતમના ઉછંગે બેસીશ ત્યારે સૌ ભુલી જવાશે.

(બંન્ને ચીતા તૈયાર કરે છે).

(ચીતા ખડકી રહી)

પ્રમિલા—બ્હેન તું હવે જા, આ દેખાવ ત્હારાથી જોવાશે નહિ. ગભરાઇશ નહિ અને શોકે આત્મા બાળીશ નહિ.

શુશાલ તું કોઇ સ્વામિની સુહ્રિણી થઈ
સુખે દીનો ગાળજે
સ્નેહી સાથ હસી રમી ફરીને મુજ
વિયોગ દુઃખ ટાળજે
સ્વામી ચીરંજીવહો બહુ તપો
સૌભાગ્ય ત્હારૂં સખી
પામી સંતતિ નાથને રીઝવજે
સેવા કરી સ્નેહથી.

સુરપ્રભા—હાય તું નહિજ રહે. ?

(મૂર્છા પામે છે).

પ્રમિલા—(ચીતા તરફ જોઇ)

ચિતા તું નહિ કાષ્ટની પણ હવે આસન રૂનું જ છે.
પુત્રીને તું પ્રેમથી કર ગ્રહી પ્રીતેથી ઉછંગ લે,
માતા હું કહું જોડી હસ્ત તુજને જલ્દી જીવન કાપજે.
પ્રાણધાર એ નાથનીજ સહતું દીવ્યાસને સ્થાપજે.

(ચીતાપર ચઢે છે. મલયકેતુ આવી પહોંચે છે).

મલયકેતુ—(પ્રમિલાને ખેંચી પાડી) છોકરી છટકી ક્યાં જાય છે ?

પ્રમિલા—દૂર રહે હરામી.

મારીને શું ધરાયોના હજી મુજ સ્વામીનેતે
અહીં આવી નાંદોષને પાપી વૃથા સતાવે છે.

મલયકેતુ—હા સતાવું છું અને હજી સતાવીશ—રીબાવીશ સુંદરી જ્યાં સુધી મારી નહિ થાય ત્યાં સુધી સતાવીશ, અને કહ્યું માનશે તો ઉછંગે લઇ રીઝાવીશ.

પ્રમિલા—પાપી, બસ કર.

બસકર હવે ઓ પાપીઆ વધુ હવે તું બોલમા,
સ્વર્ગે જતી અબળા અહીં વધારે કહું રોકના;

મલય—શું સ્વર્ગે જવું છે ?

આશા હવે એ વ્યર્થ છે હું જ્યાં સુધી છું જીવતો;
નહિ પંથ હું ગ્રહવા દઉં ઓ ભામિની કદી સ્વર્ગનો.

પ્રમિલા—

હાથે કરીને પાપીઆ શીદ મોતને તું માગીલે;
હજી કહું છું રોક ના જા દુર પાપી ત્યાગીને.

મલય—ત્યાગીને જતો રહું ? તે તો કદી નહિ બને.

પ્રમિલા—શું નહિ બને લે જો હરામી—

(ચીતામાં ફરી ચઢવા જાય છે.)

મલય—(પાછી ખેંચી પાડી) શું બળી મરવું છે? આ સુંદરી વને હું બળવા તો કદી નહિ દઉં, તાબે થા નહિ તો પછી.

પ્રમિલા—શું.

મલય—કારાગૃહ...અંધારી કોટડી...દુઃખની ખાણુ...અંધકારનું રેહેઠાણુ!

પ્રમિલા—શું તું મને પિયુ પાસે જતી રોકી કારાગૃહમાં નાખશે? હા! (આકાશ તરફ જોઇ) હે પ્રભુ—હે જગત તાત—હે કુળદેવી—હે માતા—હે પિતા—હે સ્વર્ગના સર્વ દેવો-પિતૃઓ—જો આ તમારી પુત્રીએ અત્યાર સુધી એક હ્રદયાધાર-પ્રાણેશ સુરેન્દ્ર વગર બીજા કોઇને સ્વપ્ને પણ (ચીતા સળગે છે) હ્રદયમાં સ્થાન ન આપ્યું હોય તો આ પાપી જ્યાં ઉભો છે ત્યાંજ ચોંટી જજો અને ચંદ્રગુપ્તનો કેદી થજો. (ચીતા તરફ જાય છે).

મલય—આહા! આ શું? મારાથી કેમ ચલાતું નથી?

પ્રમિલા—પાપી રોક હવે મને સ્વર્ગે જતી! હરામી! પતિ ગયા પછી અન્ય સાથે આનંદ કરનાર રવરવ નર્કમાં પડે છે, પણ પતિ પાછળ પતિપરાયણા રહી પતિસહગમન કરનાર તો આ સ્થૂલ પ્રેમ ત્યજી દીવ્ય લોકનું ભોગી થાય છે; વિષયાંધ હીચકારા, જો આ ત્હેનો પ્રત્યક્ષ દાખલો—

(ચીતામાં પડે છે.

(સુરપ્રભા જાગી ઉઠે છે)

સુરપ્રભા—હા ગઈ, બ્હેન સ્વર્ગે ગઇ! ઓ રહી—ઓ જાય! (મલ-

યકેતુ તરફ જોઈ) એ ચાણ્ડાલ, તુંજ આ સર્વ આપદનું કારણ છે. હરામી તું તો લાલચમાં ગોથાં ખાતો હતો પણ જો તે દીવ્ય જોડું તો સ્વર્ગમાં અનુપમ આનંદ ભોગવે છે.

(સીન ચેન્જ.)

દીવ્ય હીંચોળાપર આસપાસ અપ્સરાઓનાં ગાન વચ્ચે દીવ્ય સિંહાસનપર પ્રથમ પત્ની અને પ્રમિલાની વચ્ચે સુરેન્દ્ર પોતાની પ્રીયતમાઓ સાથે આનંદ કરતો દૃષ્ટિએ પડે છે, મલયકેતુ જોઈ ચકિત થાય છે. ચંદ્રગુપ્તના માણસો આવી તેને કેદ કરે છે.

પ્રવેશ ૫ મો સમાપ્ત.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ચંદ્રગુપ્તનો મહેલ.

પાત્રો—ચંદ્રગુપ્ત, હેલન.

ચંદ્રગુપ્તના હેલન વિષે વિચારો. તેનું શું થયું હશે તે બાબત ચીંતા-હેલનનું અચાનક આવવું. હેલન શી રીતે ત્યાં આવી તે બાબત વાતચીત. સેલ્યુકસે પરણવાની રજા આપી તેથી બંનેનો આનંદ.

ચંદ્રગુપ્ત—

દેવી તન મનનીજ, શાંતિ ભવરણનીજ.

અચળ એ અકળ એ, પ્રેમની પ્રતિમા એ;
શી વિધિએ રચીજ— દેવી.
જ્યોતિ દીવ્ય રૂપ ભાસ, ઇન્દુનો આછો પ્રકાશ;
બિન્દુમાંહી ઇન્દુ ભાસ, ઉરમાંહી વિરમીજ— દેવી.

આહા ! ચંદ્રગુપ્ત ! પાષાણ -હૃદયી ! ખરેખર ચંદ્રગુપ્ત એ નામ તો તેં મીથ્યાજ ધર્યું છે ! મોટા ચંદ્રના નામથી ઓળખાતા ધગધગતા વન્હિ ! તેં ચંદ્રના જેવી રસાર્દ્રતાથી પ્રિયાનું હૃદય ક્યારે ભર્યું છે ? શશીના જેવી શીતલ અમિવૃષ્ટિથી વિરહરણમાં પ્રજળતી પ્રાણેશ્વરીનું નિસ્તેજ વદન કયે દિવસે પ્રફુલિત કર્યું છે ? પૂર્ણેન્દુની પેઠે એની કોમળ દેહ લતિકાની બાહ્યાંતર છવાયલા તમસને કઇ વખતે હર્યું છે, આહા ! હૃદયેશ્વરી હેલન ! ત્હારી અત્યારે શી દશા હશે ? અરેરે ! કઠણ હૃદયના પિતાની ક્રૂરતાથી પીડાઇ તું કેટલી રીબાતી હશે ? આહા ! પાપી મૌર્ય તેં તો રાજ્ય મેળવવાની ખટપટ આગળ તે દુઃખી બાળા તરફ કૃપાદૃષ્ટિ કરી નથી, હરામી દશ દશ મહિના વીત્યા છતાં તુજમય જીવનવાળી દુખીઆરી અબળાની જરી પણ પરવા ધરી નથી. આહા ! પ્રિયા ! પ્રિયા ! ખરેખર મ્હેં ચાણ્ડાલે તો—

સ્ફુરાવી અંકુર એ તુજ હૃદયમાં પ્રેમજ તણો,
પ્રણયરૂપ વારીથી કદી પ્રફુલિત છે મેં નહિ કર્યો.

ટુંકામાં,

ખીલે બાંધી ધેનું પ્રણયિની અબળારૂપ પ્રીતે,
રીબાવું ક્ષુધાથી કરૂં નહિ પોષણ વૃત્તિ ચિત્તે.

અથવા આ પાપી તો ત્હારૂં નામ દેવાને પણ લાયક નથી. કારણકે,

વિશ્રમ્ભથી તેં તુજ હૃદ સોંપ્યું,
ખોટા પ્રણય ઢોંગથી મેં ગ્રહ્યું તે.
બળતી રખડતી દુઃખીઆરી કેરી,
સંભાળ સરખી લીધો ના કદીયે.

પણ આમ છતાં એ ચંદ્રાનના, તેં તો આ કૃતઘ્નીને તારી સહન શીલતા અને ક્ષમા દૃષ્ટિથી માફીજ આપી હશે, પ્રિયા તું તો ત્હારા શશી જેવા દેદીપ્યમાન વદનમાંથી આ નિર્ઘૃણી ઉપર અમીવૃષ્ટિ કરતીજ હોઇશ. અરે! પણ આમાં તે ભવિષ્યકાળ વાપરી સંદેશ શા માટે લાવવો? પ્રાણેશ્વરી, નહિ, નહિ ત્હારી અચળ સ્નેહભક્તિ તે દિવસે મારો આપેલો પત્ર વાંચી આવેલી મૂર્છા તથા મારે માટે સ્વદેશને પણ ત્યાગી અહીં રેહેવાનો ત્હારો સંકલ્પજ ખાત્રી આપે છે કે ત્હેં મને ક્ષમા બક્ષીજ છે, અને હજુ તું મ્હારૂંજ રટણ કરે છે. અરેરે! પણ હું ત્હને કેવી રીતે મેળવી શકું? ક્યાં શોધું? હા હૃદયેશ્વરી કહે! કહે! તું ક્યાં છે? ક્યારે મળીશ? હાય! હવે મારે તો ત્હારા વિના એક ક્ષણ કાઢવી તે પણ યુગ સમાન છે. પ્રિયા! પ્રિયા! ત્હારા વિના આ તારા મુખ દર્શનની તરસી ચક્ષુઓ હેરાન છે—આખું જગત દીસતું ઉજડ વેરાન છે.

આહા!

પ્રણય બાંધી ને પ્રણયિની કહે તું કયાં ગઇ ઉઠી,
પ્રિયા ના થા અતિશે દૂર દે તું દર્શ આવી અહીં.

વિરહ અંગાર જાગેલા હૃદયમાં ખૂબ પીડે છે,
અનંગ નિર્દય ચીતડાની શાન્તિ સો હરી લે છે.

અથવા તો હે પૌરૂષ્યતાથી ભરેલા પૂતળા ત્હને એ ઉચીતજ છે! રાજ્ય લોભમાં અંધ બનેલા પાષાણમય હૃદય, તને તો આ શિક્ષા બરોબરજ છે, કારણકે—ત્હમે તો.

અહર્નિશ ધ્યાન ધરનારી, પ્રિયાની બુજ ના કીધી;
અભાગી દીન અબળાને, પિતા સાથે જવા દીધી.

એટલું તો નહીં પણ-

લખીને પત્ર સરખોએ, નથી દરકાર કંઇ લીધી,
અસહ્ય દુઃખે અનુપ મૂર્તિ ડુબાડી છે ત્હમે દીધી,

માટે ઓ પાપીઓ, કરો હવે તો એ દીવ્યાકૃતિની સ્તુતિ કે તેની સરળતા તમને ક્ષમા આપે, તેની દાક્ષિણ્યતા પાસે બોલાવે, હૃદયમૃદુતા તમારો તિરસ્કાર ન કરે, મહાનુભાવતા તમોને માન આપે અને ઉદારતા હૃદયમાં સ્થાપે. અરેરે! પણ આ વિચારો શા અને આ ઘેલછા શી? કયમ જાણ્યું કે તે હૃદયની અધિષ્ઠાત્રી જીવતીજ રહી હશે? ખરેખર તેના પિતા તેને બીજી જગાએ પરણાવે ત્યાર પેહેલાં તેણે પ્રાણ આપ્યોજ હશે! માટે હવે મારેજ હરામીએ શા માટે જીવવું?

જીવીને શું આ જગત્ મધ્યે, પિસ્તાવે ઝુરી મરવું?
પ્રિયાવિણ શું આ દુનીઆમાં, દુઃખે મુઝાઇને ફરવું?

માટે પ્રાણેશ્વરી ધીરજ રાખ આવું છું, અહીંઆં આપણો મેળાપ ન થયો તો સ્વર્ગમાં આવું છું, નિશ્ચિંત રેહેજે હૃદયેશ્વરી,

નથી ત્યાં તાન એવો કે પંથે પર્વત થઈ પડશે,
સરિત્ નક્કી આ સાગરને, વિના અડચણથી ત્યાં મળશે.

બસ હવે ચાણક્ય ! તું જાણું, અને હારૂં રાજ્ય જાણે અત્યત્રો તૈયાર થાવ, પ્રિયવિણ સૂના સંસારમાંથી આનંદમય સ્વર્ગે જવા તત્પર થાવ, કે જ્યાં એ અનુપમ મૂર્તિનો વાસ છે. તેના સહવાસથી નિરંતર રહેવાનું ઉલ્લાસ છે, અને પિતાને પણ મળી પ્રાયશ્ચિતરૂપી જળથી પાપ ધોવાનાં ખાસ છે. બસ એજ હવે તો અહી કરતાં ત્યાંજ વધારે ફાયદો કે જ્યાં જાળવશે આપણને દેવલોકનો કાયદો ! પિતાજી પુત્રને મળવા તૈયાર રહેજો, પ્રિયા પ્રાણેશને આલીંગવા સજ્જ થજે, આવું છું. આવ્યો આ.........આ.........આ.........વ્યો.

(એકદમ આવેશમાં આવી ઢળી પડે છે)

હેલન (નેપથ્યે) (સાખી.)

ચંદ્ર શાન્તિ ચંદ્ર કાન્તિ ચંદ્ર મુજ આરામ છે
ચંદ્ર કાન્ત ચકોરીના આ ચંદ્ર સુખનું ધામ છે

ચંદ્રગુપ્ત—(સાવધ થઈ) અરે આ પ્રિયાનેજ અનુસરતો સૂર કોનો અરે શું, તે મારા દીનના પર દયા લાવી આવી ? આહા પ્રિયા હારી શી ભક્તિ ! અરેરે પણ એ તે કયાંથી હોય ? આ મન્દ ભાગ્યનાં એવાં શાં પુણ્ય તે ફરીથી તેને નીરખે ?

હેલન (ફરી નેપથ્યે).

ઘેરાયલો હા ચંદ છે મુજ રાજ ખટપટ અભ્રથી
ચંદ્ર ચંદ્ર કરતી ફરૂં પણ ચંદ્ર દરશન દે નહિ.

ચંદ્રગુપ્ત—હા એજ, હુંજ રાજખટપટને વાદળે ઘેરાયેલો ચંદ્ર, અને એજ ચંદ્રને જંખતી ચકોરી. (નેપથ્યે જોઇ) હા એ આવે મુગ્ધા સોળે અંગ શણગારી પ્રીતમને રીઝવવા એ આવે!

વાહ શું સુંદર સુકુમારી.........

અથલાતી આવે નારી—

ચતુરા એ ચંપક વરણી, મંદ હાસ્ય કરે ગતિ કરણી

હાવ ભાવ થકી મન લોભાવે વામા કુચમંડળ કંપાવે.

વાહા શું સુંદર.........

વિવિધ આભુષણ ઓપે અંગે,

હાર ચીર ચોળી નવરંગે

હાવ ભાવ ....

(હેલન પ્રવેશ કરે છે)

હેલન—આહા ! આતો એજ. કેટલો ફેર.

ચંદ્રગુપ્ત—કોણ હેલન. તમે અહીં કેવી રીતે આવ્યાં !

હેલન—નાથ, ઇશ્વર અનુકુળ ઉતર્યો. પિતાશ્રીએજ મને અહીં આણી છે.

ચંદ્રગુપ્ત— (ખુશી થતો) સેલ્યુકસે જાતે તમને અહીં આણ્યાં એ-તો અજાયબી પામવા જેવું ?

હેલન—મને નિશદિન આપવાનુંજ સ્મરણ કરતી અને અહર્નિશ દુઃખી જોઇ તેમને દયા આવી, અને છેવટે બીજા કોઇને વરવાનું ના કહેવાથી મને તેમણે અહીં આણી

ચંદ્રગુપ્ત—ત્યારે શું તે જાતેજ આપણને પરણાવશે ?

હેલન—હા નાથ, હવે આ દુઃખનો અંત આવ્યો.

(સીપાઇ પ્રવેશ કરે છે).

સીપાઈ—મહારાજ, મહાત્મા વિષ્ણુગુપ્ત આપને બોલાવે છે.

ચંદ્રગુપ્ત—ઠીક જા, આવું છું

(સીપાઈ જાય છે.).

ચંદ્રગુપ્ત—પ્રિયે, લ્યો ત્યારે હું રજા લઉ છું. અલ્પ સમયમાં ફરીથી મળીશું ! પણ તમારા પિતાશ્રીએ ક્યાં મુકાન દાખ્યો છે. ?

હેલન—નાથ, તેતો આવતી કાલે મને લઈ આપની પાસેજ આવનાર છે. અને મારા તથા આપના જીવનની દોરી જાતેજ સાંધનાર છે.

ચંદ્રગુપ્ત—આહા ! આનંદની વાત. ઇશ્વરે સૌ સારાંજ વાંનાં કર્યાં.

(સીપાઈ પ્રવેશ કરે છે)

સીપાઈ—મહારાજ, જરૂરનું કામ હોવાથી મહારાજ વિષ્ણુગુપ્ત આપને જલદી બોલાવે છે.

ચંદ્રગુપ્ત—લ્યો ત્યારે હવે હું જાઉ છું.

(ચંદ્રગુપ્ત જાય છે.)

પ્રવેશ ૬ ઠો સમાપ્ત.

પ્રવેશ ૭ મો.

સ્થળ-વધસ્થાન અને પછીથી દરબાર

પાત્રો—ચંદનદાસ—તેનાં બૈરી છોકરાં. રાક્ષસ—મારાઓ—ચાણક્ય—ચંદ્રગુપ્ત—ભાગુરાયણ—મલયકેતુ—સેલ્યુકસ હેલન તથા દરબારીઓ વિગેરે.

ચંદનદાસનું શૂળી પર ચઢવું—તેના બૈરી છોકરાંનો દયાજનક દેખાવ—રાક્ષસનું આવવું ચાણક્યે આવી તેને અમાત્ય પદ સોંપવું મલયકે-

તુને કેદી અવસ્થામાં ત્યાં લાવવામાં આવે છે. રાક્ષસ તેને મુક્ત કરે છે- ચંદનદાસને મુક્ત કરી નગરશેઠ બનાવી તેની દોલત તેને પાછી સોંપવી. (સીનચેન્જ) દરબાર. ત્યાં સેલ્યુકસનું હેલન સાથે આવવું. સેલ્યુકસને હાથે હેલન તથા ચંદ્રગુપ્તનો હસ્ત મેળાપ-રાક્ષસે તેઓને રાજ્ય તિલક કરવું. સર્વેનો આશિર્વાદ

(આજુબાજુ બે ચાંડાલો શૂળીપર ચંદનદાસ અને નીચે રોતાં તેનાં બૈરી છોકરાં દેખાય છે.)

(ચાંડાલ ચંદનદાસને શૂળીએ પરોવવા તૈયાર થાય છે)

ચંદનદાસની સ્ત્રી—હાય ! હાય ! રે બાપ કયા જન્મનાં પાપ ફરી વળ્યાં ! કોઇ બચાવો મારી નાખી —

છોકરાં—બા, બ, બાપાને મારી નાખે છે. હાય, હાય, હવે અમે શું કરીશું ?

ચંદનદાસ—શાંત થાવ ગભરાશો નહિ. શાણી આ બાળકોને લઈ પાછાં જાવ.

પત્ની—હા નાથ, પાછી શી રીતે ફરૂં. આપ પરદેશ નહિ પણ પરલોકમાં જાવ છો તો મારે પણ તમારી સાથે આવવું તેજ ઉચિત છે.

બાળકો—બા, બા તું પણ જઇશ ? અરેરે અમારૂ કોણ. ?

ચંદનદાસ—શાણી તમારો સંકલ્પ ખોટો છે. આ બાળકો તમારે સંભાળવાનાં છે.

પત્ની—ઇશ્વર તેમને કૃપાદષ્ટિ રાખી સાચવશે.

બાળકો—બાપા. બાપા અમારી શી દશા અમારે કયાં જવું. ?

ચંદનદાસ—બાપુ જયાં ચાણકય ન હોય તે દેશમાં રેહેજો બસ હવે જાવ, મારાથી આ દશ્ય જોઈ શકાતું નથી.

ચાણ્ડાલ—ચાલ તૈયાર થા, નકામો વખત ન ગુમાવ.

(ચાણ્ડાલ ચંદનદાસનો હાથ પકડે છે)

બાળકો—હાયરે મારી નાંખ્યો કોઇ છોડાવો.

પત્ની—અરેરે, ગયા તે રાજા નંદ કે જેના દિલમાં દુ:ખીને માટે હ- મેશાં દયા હતી.

ચંદનદાસ—અરે ભાઈ જરા થોભ. હું છેલ્લે છેલ્લો આ મારાં બૈરી છોકરાંને ભેટી લઉં. (છોકરાને ભેટતાં) બાપુ મિત્ર કાર્યમાં આત્માર્પણ કરજે હો.

બાળક—પિતાજી એમાં તે કહેવાનું શું. તે તો આપણો કૂળધર્મજ છે.

ચંદનદાસ—લ્યો હવે હું જાઉં છું. ઇશ્વર તમારૂં ભલું કરો.

(ચંદનદાસ પેટ શૂળીની અણી આગળ લાવે છે)

પત્ની—(છાતી કુટતી) હાયરે કોઇ મદદ કરો છોડાવો.

(રાક્ષસ પ્રવેશ કરે છે).

રાક્ષસ—ફીકર કરશો નહિ. અરે ચાંડાલો ચંદનદાસને મારશો ના. આ રહ્યો તમારો વૈરી.

સ્વામી કૂળના નાશને, નીરખીયો મેં નજરથી;
ઉદ્યોગો પણ બહુ કર્યા, હાર્યો હવે દૈવિકથી.
છોડી દ્યો નિર્દોષ એ, ગુન્હો નથી એનો જરી;
અર્પી દ્યો ઝટ માળ એ, મુજ કંઠમાં મૃત્યુની.

ચંદનદાસ—કોણ અમાત્ય? અરે આ શું?

રાક્ષસ—કંઇ નહિ ભાઇ, જા સુખેથી ઘેર આ પુત્રોનું રક્ષણ કર.

ચંદનદાસ—અરે તે આ દુનીઆમાં શો ખપ છે. અમાત્ય હશે તો કોઇ દિવસ નંદકુળનો ઉદ્ધાર કરી શકશે.

ચાણ્ડાલ—(બીજા ચાંડાલને) ભાઇ જા. મહાત્મા ચાણુક્યને ખબર કર કે અમાત્ય રાક્ષસ આવ્યા છે. (બીજો ચાંડાલ જાય છે).

રાક્ષસ—ભાઇ હવે આ સંસારમાં જીવવું મારે યોગ્ય નથી. મારે માટે તો હવે મરણજ સારૂં છે. જા-મારાં બૈરી છોકરાંની સંભાળ રાખજે. તેં તારી ફરજ જીવ જતાં પણુ બચાવી છે.

(ચાણુક્ય પ્રવેશ કરે છે.)

ચાણુક્ય—ભાઈ આ વિકાળ સિંહ કોણે ગ્રહ્યો,

ચાણ્ડાલ—કોણે કેમ ? મહા બળવાન નીતિજ્ઞ મહાત્મા ચાણુક્યેજ.

રાક્ષસ—(સ્વગત) બરાબર છે. મહાત્મા એ નામ એને છાજેજ છે.

ચાણુક્ય—(સ્વગત) આહા ! આજ રાક્ષસ મારી બુદ્ધિ અને ચંદ્રગુપ્તની સેનાને અહર્નિશ ઉજાગરો કરાવનાર આજ મહાત્મા રાક્ષસ ! (કાઢી નાંખી પાસે જઈ પ્રકાશ) અહો અમાત્ય રાક્ષસ, નમસ્કાર આ વિષ્ણુગુપ્તના.

રાક્ષસ—દૂર રહો, મને અડશોમા. ચાણ્ડાલના સ્પર્શથી હું અપવિત્ર થયો છું.

ચાણુક્ય—એ ચાણ્ડાલો નથી. એ તો પૂર્વે તમારી પાસે રહેલો સિદ્ધાર્થક, અને આ બીજો પણુ રાજ પુરૂષ સમિદ્ધાર્થક છે. શકટદાસ પાસેથી પેલો લેખ તમારી અજાણુમાં એણેજ લખાવી આણ્યો હતો.

રાક્ષસ—(સ્વગત) વાહ શકટદાસ, હુંજ અભાગી કે કડવાં વેણુથી મેં તને નિર્દોષને દૂષિત કર્યો !

ચાણુકય—પેલા ગળે ફાંસો ખાવા પુરૂષને પણ ચંદ્રગુપ્ત સાથે આપનો મેળાપ કરાવવા મેંજ યોજેલો હતો. જુઓ એ આવે વૃષલ તમને મળવા. (ચંદ્રગુપ્ત પ્રવેશ કરે છે.)

ચંદ્રગુપ્ત—(ચાણુક્ય પાસે જઇ) આર્ય, નમસ્કાર ચંદ્રગુપ્તના.

ચાણુકય—વૃષલ જો આ અમાત્ય રાક્ષસ, એ હારા પિતાશ્રીના વખતના મુખ્ય મંત્રીને નમન કર.

ચંદ્રગુપ્ત—(રાક્ષસ પાસે જઈ) નમસ્કાર ચંદ્રગુપ્તના.

રાક્ષસ—જય હો.

ચંદ્રગુપ્ત—(ચાણુક્યના ઇશારાથી) મહારાજ, હવે આપ આપનું મૂળ મંત્રિ પદ સ્વીકારો.

રાક્ષસ—વૃષલ તે તો નહિજ બને.

ચાણુકય—તો આ ચંદનદાસ પણ નહિજ બચે.

રાક્ષસ—(સ્વગત) કૌટિલ્ય, કૌટિલ્ય, હેં ફસાવ્યો ધન્ય છે હારી બુદ્ધિને. (પ્રકાશ) આ હા! ચંદનદાસ, તારે માટે ગમે તે કરવા હું તૈયાર છું.

ચંદ્રગુપ્ત—લ્યો આ મંત્રિ પદનું ખડગ.

રાક્ષસ—લાચાર—ગમે તેવું કામ ઇચ્છા વિરૂદ્ધ કરાવનાર, મિત્ર સ્નેહને નમસ્કાર, (ખડગ ગ્રહણ કરે છે.)

ચંદ્રગુપ્ત—આર્યનો અનુગ્રહ આ ચંદ્રગુપ્ત નહિ ભૂલે. (સીપાઇ પ્રવેશ કરે છે)

સીપાઇ—મહારાજ, ભાગુરાયણ મલયકેતુને લઇ પધાર્યા છે.

ચંદ્રગુપ્ત—તેમને દાખલ કર.

(કેદી મલયકેતુ તથા ભાગુરાયણ પ્રવેશ કરે છે)

ચંદ્રગુપ્ત—(ચાણુક્ય પ્રતિ) આર્ય હવે આનું શું કરવું છે ?

ચાણુકય—જે આ મન્ત્રિવર રાક્ષસ કહે તે કરો.

રાક્ષસ—(સ્વગત) આહા ! શી ચતુરાઇ, મલયકેતુનો ઇન્સાફ કરવો પણ મનેજ સોંપ્યો. (પ્રકાશ) હું થોડો વખત તેમની પાસે રહેલો છું. માટે તેમને છુટા કરવામાં આવે તો ઠીક.

ચાણકય—ઠીક, ભાગુરાયણ તેમને છુટા કરો અને પશ્ચિમ નેપાળનું તેમના પિતાનું રાજ્ય પણ તેમને સોંપો.

ભાગુરાયણ—જેવી આજ્ઞા.

(મલયકેતુને લઇ જાય છે)

ચાણકય—વૃષલ, હવે આ મહાત્મા ચંદનદાસને રજા આપી તેમને નગર શેઠ બનાવવા અને તેમની સઘળી દોલત પાછી સોંપવી.

રાક્ષસ—મોટો ઉપકાર મહારાજનો.

ચંદ્રગુપ્ત—જા સિદ્ધાર્થક તેમ કર. (સીદ્ધાર્થક ચંદનદાસ તથા તેનાં બૈરી છોકરાંને લઇ જાય છે)

ચાણકય—હવે અમાત્ય રાક્ષસને હાથે વૃષલનો રાજ્યાભિષેક થવો જોઇએ.

ચંદ્રગુપ્ત - તે સત્યં છે. મારા મૃત પિતાશ્રીના માનની ખાતર તેમ થવુંજ જોઇએ.

ચાણક્ય—ચાલો ત્યારે. (સર્વે જાય છે)

[સીન ચેન્જ]

(દરબારમાં બેઠેલા ચાણક્ય, રાક્ષસ, ચંદ્રગુપ્ત તથા બીજા દરબારીઓ દેખાય છે.)

(સેલ્યુકસ હેલન સાથે પ્રવેશ કરે છે અને ચંદ્રગુપ્ત ઉઠી તેને આદર સત્કારથી યોગ્ય સ્થાને બેસાડે છે.)

સેલ્યુકસ—આ મારી દીકરી હેલન તથા ચક્રવર્તી મહારાજા ચંદ્રગુપ્ત વચ્ચે પ્રેમની સજડ ગ્રંથી બંધાએલી જોઇ હું મારે હાથે તેમને લગ્ન ગાંઠથી જોડી આપું છું. હું ધારૂં છું કે મહારાજ તેનો સ્વીકાર કરશે.

ચંદ્રગુપ્ત—(ઉભો થઇ) મહારાજ સીકંદરના સરદારની વિજ્ઞાપના મારાથી પાછી ઠેલાયજ કેમ ?

(સેલ્યુકસ હેલન તથા ચંદ્રગુપ્તનો હસ્તમેળાપ કરે છે. રાક્ષસ તેમને હાર ગોટા પહેરાવી રાજ્ય તિલક કરી શીરપર મુકુટ પહેરાવે છે.)

સર્વ—જય હો મહારાજનો.

॥ इति श्री प्रीतियज्ञ ॥

સમાપ્ત.